અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

31 MAY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 328 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2027/28886

3

બંગાળમાં ભાજપની જીત પછી વિવિધ સ્તરે રાજકારણ બદલાઈ રહ્યું છે

4

હીટ ડોમ : બ્રિટનથી ફ્રાંસ સુધી સમગ્ર યુરોપ શેકાઈ રહ્યું છે!

6

96 રન ફટકારવા છતાં ટીમને ફાઈનલમાં એન્ટ્રી ન મળતાં વૈભવ સૂર્યવંશી રડી પડ્યો, સ્ટાફે હિંમત આપી

7

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવ ઘટ્યાં: ચાંદીની કિંમત ₹2650 ઘટીને ₹2.66 લાખ પ્રતિ કિલો થઈ, સોનું ₹1654 સસ્તું થયું

### પાકિસ્તાનથી મોકલાયેલો વિસ્ફોટક અને ગ્રેનેડ જપ્ત

# દિલ્હીમાં મોટું આતંકવાદી કાવતરું નિષ્ફળ, ISIના 9 એજન્ટની ધરપકડ

## આતંકીઓનો હેતુ દિલ્હી, મુંબઈ સહિતના મોટા શહેરોમાં અંધાધૂંધી ફેલાવવાનો અને દેશના સૌથી પાવરફુલ તેમજ સંવેદનશીલ સ્થળો પર હુમલો કરવાનો હતો

**નવી દિલ્હી, તા.30**

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક મોટા આતંકી સંગઠનના નેટવર્કનો પર્દાફાશ કરતા ૯ આરોપીઓની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ નેટવર્ક પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ, અંડરવર્લ્ડ ગ્રુપ દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા તત્વો અને પાકિસ્તાન-દુબઈ આધારિત ઓપરેટરો સાથે મળીને ભારતમાં મોટા આતંક કાવતરાને અંજામ આપવાની તૈયારી કરી રહ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી વિસ્ફોટક સામગ્રી, ગ્રેનેડ અને અત્યાધુનિક વિદેશી હથિયાર જપ્ત કર્યા છે.



સૂત્રો અનુસાર આ નેટવર્કના તાર પાકિસ્તાન અને દુબઈ સુધી જોડાયેલા છે. આ ધરપકડ દિલ્હી, મુંબઈ, રાજસ્થાન અને પંજાબ સહિત વિવિધ રાજ્યોમાં ચલાવવામાં આવેલા સંયુક્ત અભિયાન દરમિયાન કરવામાં આવી. તપાસ એજન્સીઓનો દાવો છે કે, આરોપીઓને દેશના મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સ્થળોને નિશાન બનાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, નેટવર્ક ત્રણ લેવલ પર સંચાલિત થઈ રહી છે. સૂત્રો અનુસાર આખા ઓપરેશનનું માસ્ટરમાઈન્ડ પાકિસ્તાનનું આઈએસઆઈ હતું, જ્યારે નેટવર્કનો એક ભાગ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમથી જોડાયેલા તત્વોના નિર્દેશન પર કામ કરી રહ્યો હતો. જ્યારે બીજા ભાગનું સંચાલન પાકિસ્તાન સાથે જોડાયેલા કથિત ઓપરેટર શહજાદ ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. તપાસ એજન્સીઓ આ તમામ કડીઓની વિસ્તૃત તપાસ કરી રહી છે.

સૂત્રો મુજબ આતંકીઓના નિશાન પર દિલ્હી અને અન્ય મોટા શહેરોના મહત્વપૂર્ણ સ્થળો હતા. શક્ય ટાર્ગેટ્સમાં પાવર પ્લાન્ટ, વીજ ઉત્પાદન અને વિતરણ કેન્દ્ર, એરપોર્ટ, રેલવે સ્ટેશન અને એનર્જી ક્ષેત્રના અન્ય મહત્વના સ્થળોનો સમાવેશ થાય છે. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે આ સ્થળોએ હુમલો કરીને મોટી જાનહાનિ સાથે દેશની જરૂરી સેવાઓને ખોરવવાની યોજના બનાવવામાં આવી હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે મળેલી વિસ્ફોટક સામગ્રી કથિત રીતે સરહદ પારથી ભારતમાં લાવવામાં આવી હતી. એજન્સીઓ એ શોધી રહી છે કે વિસ્ફોટક અને હથિયારોની ખેપ દેશમાં કયા નેટવર્ક દ્વારા પહોંચાડવામાં આવી અને તેના પાછળ કયા કયા લોકો સંડોવાયેલા હતા. મળેલી સામગ્રીમાં ગ્રેનેડ અને અનેક અદ્યતન વિદેશી હથિયારોનો સમાવેશ થાય છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી ગઈ છે. ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછના આધારે અનેક મહત્વપૂર્ણ ખુલાસાઓ થવાની શક્યતા છે. તપાસ એજન્સીઓ તેમના ડિજિટલ ઉપકરણો, સંચાર માધ્યમો અને નાણાકીય લેવડ-દેવડની પણ તપાસ કરી રહી છે, જેથી આખા નેટવર્કની રચના, ફંડિંગ અને વિદેશી સંપર્કો વિશે જાણકારી મળી શકે. સુરક્ષા નિષ્ણાતોનું માનવું છે કે આ કાર્યવાહી દેશની સુરક્ષા માટે મોટી સફળતા છે, કારણ કે આથી એવા નેટવર્કનો પર્દાફાશ થયો છે, જેના કથિત કનેક્શન પાકિસ્તાનની ISI, દુબઈ આધારિત ઓપરેટર્સ અને અંડરવર્લ્ડ સાથે જોડાયેલા તત્વો સુધી પહોંચે છે. જોકે તપાસ હજુ ચાલુ છે અને અનેક તથ્યોની અધિકૃત પુષ્ટિ પોલીસની વિગતવાર બ્રીફિંગ પછી જ થઈ શકશે.

# ભારત ઓપરેશન સિંદૂર 2.0ની તૈયારીમાં : આર્મી ચીફ

### ત્રણેય સેનાઓ યુદ્ધ માટે 24 કલાક તૈયારી કરી રહી છે, હાલ માત્ર યુદ્ધવિરામ

**નવી દિલ્હી, તા.30**

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર હજી સમાપ્ત થયું નથી. હાલમાં ફક્ત યુદ્ધવિરામ જેવી સ્થિતિ છે. જો જરૂર પડશે તો ત્રણેય સેનાઓ 'ઓપરેશન સિંદૂર 2.0' માટે સંપૂર્ણપણે તૈયાર છે.



આર્મી ચીફે કહ્યું કે ઓપરેશન સિંદૂરે એક બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે કે ભારત ઉશ્કેરણી પર કેવી રીતે જવાબ આપે છે. કેડેટ્સે પોતાની સૈન્ય કારકિર્દીની શરૂઆતથી જ તેને જાળવી રાખવું જોઈએ.

આર્મી ચીફ શનિવારે પુણેના ખડકવાસલામાં રાષ્ટ્રીય રક્ષા અકાદમી (NDA)ની 150મી પાસિંગ આઉટ પરેડમાં સામેલ થયા. રિવ્યુઈંગ ઓફિસર તરીકે તેમણે 355 કેડેટ અધિકારીઓની પરેડની સલામી લીધી.

આ દરમિયાન કેડેટ્સે માર્ચ પાસ્ટ કર્યું. ફ્લાયપાસ્ટમાં Su-30 MKI લડાકુ વિમાન, ચેતક હેલિકોપ્ટર, સારંગ હેલિકોપ્ટર એરોબેટિક્સ ટીમ અને આકાશગંગા સ્કાયડાઈવિંગ ટીમે ભાગ લીધો.

મોર્ડન વોરફેર પારદર્શક બની ગયું છે. 24 કલાક દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવે છે. આવા સમયે સૈનિકોની તૈનાતી, ઓપરેશન અને બોર્ડર એરિયામાં નાગરિકોની સુરક્ષાને લઈને ખૂબ જ સતર્ક રહેવાની જરૂર છે.

જીત હંમેશા મગજમાં હોય છે. તે જમીન પર હોતી નથી. ઈન્ફોર્મેશન વોરફેર ત્યારે જ સફળ થાય છે જ્યારે આખો દેશ એકસાથે આવે અને ઈન્ફોર્મેશન આપનારા લોકો પર ભરોસો કરે. જે દેશના નાગરિકો અને સંસ્થાઓ એકબીજા પર વિશ્વાસ કરે છે, તે દેશ હંમેશા મજબૂત સ્થિતિમાં રહે છે.

જ્યારે યુદ્ધની ગતિ ખૂબ જ ઝડપી બની રહી હોય, ત્યારે સંસાધનોના દાયરામાં રહીને એડિશનલ હેલ્પની જરૂર પડે છે, જેથી ઝડપથી નિર્ણયો લઈ શકાય. ઘણી બધી તકનીકો અને સંસાધનોને સંભાળવા માટે, ઓટોમેશનની જરૂર હોય છે, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તેમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભવિષ્યની લડાઈઓ માત્ર પરંપરાગત રીતે લડવામાં આવશે નહીં, પરંતુ તે મલ્ટી ડોમેન વોરફેર હશે. તેમાં જમીન, હવા, સમુદ્ર, અવકાશ, સાયબર, ઈલેક્ટ્રોમેગ્નેટિક અને કોગ્નિટિવ ક્ષેત્રોનો સમાવેશ થશે.

જ્યારથી મેં કમાન સંભાળી છે, ત્યારથી 'ઈગલ ઓન ધ આર્મ' (હાથમાં બાજ) ની વાત કરી છે. એટલે કે દરેક સૈનિકના હાથમાં એક 'બાજ' હોવો જોઈએ, દરેક સૈનિકમાં ડ્રોન ઉડાવવાની ક્ષમતા હોવી જોઈએ. અમારી અકાદમીઓ અને અન્ય સ્થળોએ આ માટે તાલીમ ચાલી રહી છે.

થિયેટર કમાન્ડ વ્યવસ્થા પર બોલતા જનરલ દ્વિવેદીએ કહ્યું કે થિયેટરાઈઝેશનની પ્રક્રિયા આગળ વધી રહી છે. તેનાથી સંબંધિત સંપૂર્ણ રિપોર્ટ રક્ષા મંત્રીને સોંપવામાં આવી છે. તેનું અલગ-અલગ સ્તરે રિવ્યુ પણ ચાલી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે નવી વ્યવસ્થામાં સેના, નૌકાદળ અને વાયુસેનાના વડાઓ પોતપોતાની સેનાઓની તૈયારી અને સંસાધનોની જવાબદારી સંભાળશે, જ્યારે થિયેટર કમાન્ડર સંયુક્ત લશ્કરી કાર્યવાહી જોશે.

સેના પ્રમુખે આશા વ્યક્ત કરી કે આગામી 2 થી 3 વર્ષમાં આ વ્યવસ્થા જમીની સ્તરે લાગુ થતી જોવા મળી શકે છે, આ માટે ત્રણેય સેનાઓના મુખ્ય હિતોનું ધ્યાન રાખવામાં આવે.

હાલમાં ભારતમાં ત્રણેય સેનાઓના અલગ-અલગ કુલ 17 કમાન્ડ છે. કોઈપણ લશ્કરી અભિયાન દરમિયાન ત્રણેય સેનાઓ મળીને કામ તો કરે છે, પરંતુ તેમની કમાન અલગ-અલગ રહે છે.

થિયેટર કમાન્ડ વ્યવસ્થામાં કોઈપણ ક્ષેત્ર કે મિશન માટે એક જ કમાન્ડર હશે. આમાં સેનાની ત્રણેય યુનિટ્સ એકસાથે કામ કરશે.

### મમતાના ભત્રીજા અભિષેક બેનર્જી પર હુમલો:

# ઈંડા ફેંક્યા, શર્ટ ફાડ્યો, ચોર-ચોરના નારા લગાવ્યા

**કોલકાતા, તા.30**

પશ્ચિમ બંગાળના સોનારપુર દક્ષિણમાં ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી સાથે શનિવારે સાંજે મારઝૂડ થઈ છે. તેઓ અહીં ચૂંટણી હિંસાના પીડિત ટીએમસી કાર્યકરોને મળવા પહોંચ્યા હતા.

આરોપ છે કે ત્યાં પહોંચતા જ ભાજપના કાર્યકરોએ તેમને ઘેરી લીધા અને સૂત્રોચ્ચાર કરતા તેમની સાથે મારઝૂડ કરી. લોકોએ તેમના પર પથ્થરો, જૂતા અને ઈંડા ફેંક્યા, તેમનો શર્ટ ફાડી નાખ્યો. અભિષેકને હેલ્મેટ પહેરાવીને ત્યાંથી બહાર કાઢવામાં આવ્યા.



તેમણે કહ્યું- આખી ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ ઘટનાને લઈને હું હાઈકોર્ટ જઈશ, રાજ્યપાલને પણ તેની જાણકારી આપીશ. હું આ જગ્યા ત્યાં સુધી નહીં છોડું જ્યાં સુધી સ્થાનિક પોલીસ પોતાની ફોર્સ મોકલીને પીડિતોના પરિવારોને સુરક્ષા નહીં આપે. દક્ષિણ 24 પરગણા જિલ્લામાં આવેલું સોનારપુર ખૂબ જ સંવેદનશીલ વિસ્તાર માનવામાં આવે છે. અહીં ટીએમસી અને ભાજપ વચ્ચે સખત મુકાબલો રહ્યો છે. અહીં ચૂંટણીઓ દરમિયાન અને પછી રાજકીય હિંસા થતી રહી છે.

ચૂંટણી પછી મે 2026માં સોનારપુરના કામરાબાદ નસ્કરપાડા વિસ્તારમાં ભાજપ કાર્યકર સૌમેન દાસના ઘરમાં આગ લગાડવામાં આવી હતી. તેમણે સ્થાનિક ટીએમસી કાર્યકરો પર આરોપ લગાવ્યો કે પહેલા તેમને ધમકીઓ આપવામાં આવી હતી અને પછી ઘરમાં આગ લગાડી દેવામાં આવી હતી.

સોનારપુર દક્ષિણથી ભાજપના રૂપા ગાંગુલી ધારાસભ્ય છે. તેમણે 2026ની વિધાનસભા ચૂંટણીમાં ટીએમસી ઉમેદવાર અરુંધતી મૈત્રા (લવલી મૈત્રા)ને હરાવ્યા હતા.

આજ સવારે જ અભિષેકને પશ્ચિમ બંગાળ CIDએ કથિત ફરજી હસ્તાક્ષર કેસમાં સમન મોકલ્યું છે. તેમને સોમવારે બપોરે 12 વાગ્યે CID મુખ્યાલય ભવાની ભવનમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. PTI અનુસાર, CID અધિકારીઓએ શનિવારે તેમના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાને જઈને નોટિસ સુપરત કરી. મમતા બેનર્જીના ભત્રીજા અને TMC સાંસદ અભિષેક બેનર્જી વિરુદ્ધ 15 મેના રોજ FIR નોંધવામાં આવી હતી.

### ડીકે શિવકુમાર કર્ણાટકના 24મા CM બનશે:

# સિદ્ધારમૈયાએ નામ સૂચવ્યું, તેમનો પુત્ર પણ મંત્રી બનશે

**બેંગલુરુ, તા.30**

કર્ણાટકના આગામી મુખ્યમંત્રી માટે ડીકે શિવકુમારનું નામ ફાઈનલ થઈ ગયું છે. બેંગલુરુમાં શનિવારે સાંજે યોજાયેલી કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં કાર્યકારી સીએમ સિદ્ધારમૈયાએ ડીકે શિવકુમારને ધારાસભ્ય દળના નેતા બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો.

સૂત્રો અનુસાર, સીએમની સાથે કેબિનેટ પણ બદલાશે. વર્તમાન કેબિનેટમાંથી 10 મંત્રીઓને હટાવી શકાય છે. શિવકુમાર કેબિનેટમાં સિદ્ધારમૈયા અને મલ્લિકાર્જુન ખડગેના પુત્રો પણ સામેલ થશે.

KPCCના કાર્યકારી અધ્યક્ષ ચંદ્રશેખરના જણાવ્યા અનુસાર, 3 જૂને નવા સીએમનો શપથ ગ્રહણ સમારોહ લોક ભવનના 'ગ્લાસ હાઉસ'માં યોજાશે. 4 નાયબ સીએમ પણ બનાવી શકાય છે.

સીએમ સિદ્ધારમૈયાએ 28 મેના રોજ રાજીનામું આપ્યું હતું. રાજીનામું આપ્યાના એક દિવસ પછી જ સિદ્ધારમૈયા શુક્રવારે દિલ્હી પહોંચ્યા. અહીં તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી.

સૂત્રો મુજબ 4 કે 5 જૂને નવી સરકારના શપથ ગ્રહણ થઈ શકે છે. મુખ્યમંત્રીની સાથે કેબિનેટ પણ બદલાશે. વર્તમાન કેબિનેટમાંથી 10 મંત્રીઓને હટાવી શકાય છે. શિવકુમાર કેબિનેટમાં સિદ્ધારમૈયા અને મલ્લિકાર્જુન ખડગેના પુત્રો પણ સામેલ થશે.



આ પહેલો પ્રસંગ નથી કે કોઈ રાજ્યમાં એકસાથે આટલા ડેપ્યુટી સીએમ બનાવવામાં આવશે. આ પહેલા 2019માં આંધ્ર પ્રદેશના પૂર્વ CM જગન મોહને 5 ડેપ્યુટી સીએમ સાથે શપથ લીધા હતા.

ડેપ્યુટી સીએમ શિવકુમારના જ્યોતિષી દ્વારકાનાથ ગુરુજીએ ભવિષ્યવાણી કરી છે કે શિવકુમાર લાંબા સમય સુધી સીએમ રહેશે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું- મેં શિવકુમારને શપથ માટે 31 મે, 5 જૂન અને 6 જૂનની તારીખો આપી છે. તેમણે એમ પણ કહ્યું કે શિવકુમાર 2028ની વિધાનસભા ચૂંટણીઓ પછી સત્તામાં પાછા ફરશે.

જ્યોતિષીએ કહ્યું કે, તેઓ કોઈ એક દિવસના મુખ્યમંત્રી કે એક વખતના CM નથી. તેઓ લાંબા સમય સુધી આ પદ પર રહેશે. તેમની કુંડળી ખૂબ સારી છે. તેઓ કર્ણાટક માટે લાંબા સમય સુધી કામ કરશે.

સિદ્ધારમૈયાએ રાજ્યપાલ થાવરચંદ ગેહલોતના સચિવને રાજીનામું સુપરત કર્યું છે. ગેહલોત પારિવારિક કારણોસર બેંગલુરુની બહાર હતા. સિદ્ધારમૈયાએ તે જ દિવસે પોતાના ઘરે મંત્રીઓ સાથે બેઠક કરી અને નિર્ણયની જાણકારી આપી. બેઠક દરમિયાન ડીકે શિવકુમારે સિદ્ધારમૈયાના પગ સ્પર્શ્યા, ત્યારબાદ બંને ગળે મળ્યા.

કર્ણાટકના રાજ્યપાલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનું રાજીનામું મંજૂર કરી લીધું. સિદ્ધારમૈયા શુક્રવારે દિલ્હી પહોંચ્યા. અહીં તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બેઠકમાં સિદ્ધારમૈયાએ હાઈકમાન્ડ સમક્ષ પોતાની ઘણી માંગણીઓ મૂકી, જેમાં પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયા માટે નવા મંત્રીમંડળમાં મહત્વપૂર્ણ મંત્રાલયની માંગ પણ સામેલ હોવાનું કહેવાય છે. સિદ્ધારમૈયા ઉપરાંત ડીકે શિવકુમાર પણ દિલ્હી પહોંચ્યા. તેમણે પણ રાહુલ અને ખડગે સાથે મુલાકાત કરી. કર્ણાટક વિધાનસભાના પરિણામો 13 મે, 2023 ના રોજ આવ્યા હતા.



## વેજલપુર પોલીસ સામે કસ્ટોડિયલ ડેથનો આક્ષેપ

# મૃતકના દીકરાએ પોલીસ ફરિયાદ નોંધવા હાઈકોર્ટમાં કરી અરજી, પુરાવા સુરક્ષિત રાખવા નિર્દેશ, મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ જવાની છૂટ આપી


**અમદાવાદ, તા.30**

અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં કસ્ટોડિયલ ડેથ (પોલીસ કસ્ટડીમાં મોત) ના ગંભીર આક્ષેપો સાથે હાઈકોર્ટમાં દાખલ થયેલી અરજીનો નિકાલ કરતા ન્યાયમૂર્તિ ડી. એન. રાયની સિંગલ બેન્ચે મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે 'કસ્ટોડિયલ ડેથ' ને સભ્ય સમાજ માટે ઘૃણાસ્પદ ગુનો ગણાવીને કેસના તમામ મહત્વના પુરાવાઓ જેવા કે, પોલીસ સ્ટેશનના સીસીટીવી (CCTV) ફૂટેજ, સ્ટેશન ડાયરીની એન્ટ્રીઓ અને મેડિકલ રિપોર્ટ્સ તાત્કાલિક ધોરણે સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ અદાલતે કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે મૃતકના પુત્રને એફઆઈઆર (FIR) ની માંગ સાથે સીધા હાઈકોર્ટના બદલે સંબંધિત મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ જવાની છૂટ આપી છે.

અરજદાર તોફીક શેખના પિતા જહરુદ્દીન શેખની ચાલુ મહિને વેજલપુર પોલીસ સ્ટેશન દ્વારા BNS તથા પશુ સંરક્ષણ અધિનિયમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. અરજદારનો આક્ષેપ છે કે, જ્યારે તેમના પિતા પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેમની પર શારીરિક હુમલો કરવામાં આવ્યો હતો અને કોઈ અજાણ્યો પદાર્થ આપવામાં આવ્યો હતો. જેથી તેમની તબિયત બગડતાં સોલા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ અસારવા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

અંતે SVP હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. તે જ દિવસે અકસ્માત મોત નોંધવામાં આવ્યું હતું. 20 મેના રોજ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા ઈન્ક્વેસ્ટ પંચનામું કરવામાં આવ્યું હતું અને પાંચ ડૉક્ટરોની પેનલ દ્વારા વીડિયોગ્રાફી સાથે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ કેસની તપાસ ACP એમ ડિવિઝનને સોંપવામાં આવી હતી.

અરજદારે રજૂઆત કરી હતી કે, આ કસ્ટોડિયલ ડેથનો ગંભીર મામલો હોવા છતાં અને મેડિકો-લીગલ પેપર્સમાં ઈજાઓ દર્શાવી હોવા છતાં જવાબદાર પોલીસ



અધિકારીઓ સામે હજુ સુધી FIR નોંધવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટના એક ચુકાદા મુજબ જ્યારે પણ કોઈ ગુનાની માહિતીથી પ્રથમ દૃષ્ટિએ કોગ્નિઝેબલ ગુનો બનતો જણાતો હોય, ત્યારે FIR નોંધવી ફરજિયાત છે. પોલીસ પોતાના જ કર્મચારીઓ સામે તપાસ કરતી હોવાથી નિષ્પક્ષ તપાસની ખાતરી આપવા માટે સ્વતંત્ર એજન્સી અથવા ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરાવવાની અને CCTV ફૂટેજ વગેરે પુરાવાઓ સુરક્ષિત રાખવાની દાદ માગવામાં આવી હતી.

સરકારી વકીલે અરજીનો વિરોધ કરતાં જણાવ્યું કે, આ અરજી ઉતાવળે અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના સીધી હાઈકોર્ટમાં ફાઈલ કરવામાં આવી છે. તેમણે દલીલ કરી કે જો પોલીસ સ્ટેશનમાં FIR ન નોંધાય તો અરજદાર પાસે ઉચ્ચ પોલીસ અધિકારી અને ત્યારબાદ સંબંધિત મેજિસ્ટ્રેટ સમક્ષ જવાનો વૈકલ્પિક અને અસરકારક કાનૂની માર્ગ ઉપલબ્ધ છે. વળી તેમણે જણાવ્યું હતું કે પોલીસે નિયમોનુસાર મેજિસ્ટ્રેટ અને માનવ અધિકાર આયોગને તુરંત જાણ કરી દીધી છે. હોસ્પિટલના રેકોર્ડ મુજબ મૃતકે પોતે જ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ વગેરેની દવાઓ વધુ માત્રામાં ગળી લીધી હોવાનું જણાવ્યું હતું, જેથી કસ્ટોડિયલ હિંસાનો આક્ષેપ ખોટો છે.

કોર્ટે સ્વીકાર્યું હતું કે, કસ્ટોડિયલ ડેથ એ સભ્ય સમાજ માટે અત્યંત ગંભીર અને ઘૃણાસ્પદ ગુનો છે. કસ્ટડીમાં રહેલી વ્યક્તિના જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ કરવાની રાજ્યની અને પોલીસની કડક જવાબદારી છે. કસ્ટડીમાં રહેલા કેદીઓ કે અંડર-ટ્રાયલ વ્યક્તિઓ બંધારણની કલમ 21 હેઠળના જીવવાના મૂળભૂત અધિકારથી વંચિત થતા નથી.

જોકે, જ્યાં સુધી સીધી હાઈકોર્ટમાં FIR નોંધવાની દાદ માગવાનો સવાલ છે તો કાયદામાં નિર્ધારિત કરેલી મેજિસ્ટ્રેટ સમક્ષ જવાની વૈકલ્પિક પ્રક્રિયાને બાયપાસ કરીને સીધા જ બંધારણની કલમ 226 હેઠળ હાઈકોર્ટમાં આવવું યોગ્ય નથી, કારણ કે તેનાથી હાઈકોર્ટ પર અરજીઓનો બિનજરૂરી બોજો વધે છે. આ કેસની ગંભીરતા અને કસ્ટોડિયલ ડેથના આક્ષેપોને ધ્યાનમાં રાખીને, ન્યાયમૂર્તિ ડી. એન. રાયની સિંગલ બેન્ચે નિર્દેશ આપ્યા છે કે અરજદાર મેજિસ્ટ્રેટ કોર્ટનો સંપર્ક કરી શકે છે.

જો અરજદાર મેજિસ્ટ્રેટ સમક્ષ જશે, તો મેજિસ્ટ્રેટ તમામ તબીબી દસ્તાવેજો, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને હકીકતોની ચકાસણી કરીને કાયદા અનુસાર તટસ્થ નિર્ણય લેશે. ત્યાં સુધી કેસના તમામ મહત્વના પુરાવાઓ, જેવા કે વેજલપુર પોલીસ સ્ટેશનના સંબંધિત સમયગાળાના CCTV ફૂટેજ, સ્ટેશન ડાયરીની એન્ટ્રીઓ કૉલ ડિટેઈલ રેકોર્ડ્સ અને તમામ મેડિકલ પેપર્સને સુરક્ષિત રાખવાનો આદેશ કરવામાં આવે છે, જેથી પુરાવાઓ સાથે કોઈ ચેડાં ન થઈ શકે.

# સુરતમાં બાળમજૂરીનું મોટું નેટવર્ક, 23 તરુણ-તરુણીઓ નર્કાગારમાંથી મુક્ત:₹ 5 હજારના ટુકડા ફેંકી 9-9 કલાક કાળી મજૂરી કરવાતી

**સુરત, તા.30**

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાંથી ફરી એકવાર માનવતાને શર્મસાર કરતી અને ચળકતી આર્થિક ઝાકમઝોળ પાછળ છુપાયેલા કાળા અંધારાને ઉજાગર કરતી ઘટના સામે આવી છે. કેટલાક લાલચુ તત્વો પોતાના સ્વાર્થ ખાતર માસૂમોના હાથમાં પેન-પુસ્તકની જગ્યાએ જોખમી કામો સોંપીને આર્થિક શોષણ કરી રહ્યા છે. સુરત જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા વરાછા વિસ્તારની હરિધામ સોસાયટીમાં એક સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરી હોટ ફિક્સિંગના જોખમી કામમાં જોતરાયેલા 23 તરુણો અને તરુણીઓને મુક્ત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત શહેરમાં શ્રમજીવી બાળકોના ગેરકાયદેસર શોષણને ડામવા માટે વિવિધ સરકારી વિભાગો દ્વારા સંયુક્ત રીતે એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરોડામાં સુરત મહાનગરપાલિકા, શ્રમ અધિક્ષક, ફેક્ટરી નિરીક્ષક, જિલ્લા બાળ સુરક્ષા વિભાગ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) અને પોલીસની 'શી-ટીમ' (She-Team) સંયુક્ત રીતે જોડાઈ હતી. આ ટીમોએ વરાછાના હોટફિક્સ યુનિટમાં દરોડા પાડીને ત્યાં બંધક હાલતમાં કામ કરતા 12 તરુણ અને 11 તરુણી મળી કુલ 23 માસૂમોને મુક્ત કરાવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ તમામ બાળકોની વય



14 થી 18 વર્ષની હોવાનું બહાર આવ્યું છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે બાળમજૂરીમાંથી મુક્ત કરાવાયેલા તમામ બાળકો ગુજરાત અને રાજસ્થાનના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોના વતની છે. ગરીબી અને લાચારીનો લાભ ઉઠાવી કારખાનેદારો આ માસૂમોને છેલ્લા એક-બે મહિનાથી સવારે 9 થી સાંજે 6 વાગ્યા સુધી (સતત 9 કલાક) હોટ ફિક્સિંગના અત્યંત જોખમી કેમિકલયુક્ત કામમાં જોતરી દેતા હતા. બાળકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરીને તેમને માત્ર 5,000થી 10,000 જેવો નજીવો માસિક પગાર ચૂકવીને વેઠ કરાવવામાં આવતી હતી. મુક્ત કરાવવામાં આવેલા તમામ 23 તરુણ-તરુણીઓને બાળ કલ્યાણ સમિતિ (CWC) સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કાયદાકીય પ્રોટોકોલ હેઠળ છોકરાઓને કતારગામ ખાતે આવેલા વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમમાં અને છોકરીઓને રાંદેર સ્થિત ચિલ્ડ્રન હોમમાં સુરક્ષિત રીતે આશ્રય અપાયો છે. જિલ્લા બાળ સુરક્ષા એકમના જણાવ્યા અનુસાર, હાલ તમામ બાળકોના વયના સત્તાવાર પુરાવાઓ એકત્રિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. મેડિકલ ટેસ્ટના રિપોર્ટ આવ્યા બાદ માસૂમો પાસે કાળી મજૂરી કરાવનાર જવાબદાર કારખાનાના માલિકો વિરુદ્ધ 'બાળ મજૂરી પ્રતિબંધક ધારા' હેઠળ કડક કાયદેસરના પગલાં ભરીને જેલભેગા કરવામાં આવશે. હજુ થોડા દિવસો પહેલા જ સુરતના પુણા વિસ્તારમાંથી પણ આ જ પ્રકારે 90 થી વધુ માસૂમ બાળકો પાસે કાળી મજૂરી કરાવવાનું મસમોટું નેટવર્ક રંગેહાથ ઝડપાયું હતું. તંત્ર દ્વારા વારંવાર કડક ડ્રાઈવ કરવામાં આવતી હોવા છતાં આવા અમાનવીય તત્વો બેફામ બનીને બાળકોનું ભવિષ્ય રોળી રહ્યા છે. સુરત જેવા પ્રગતિશીલ ઔદ્યોગિક શહેરમાં સતત સામે આવતા આ કિસ્સા સમગ્ર સમાજ, ઉદ્યોગ જગત અને પ્રશાસન માટે અત્યંત ચિંતા અને ચિંતનનો વિષય બન્યા છે.

## પ્રાકૃતિક ખેતી તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમ-2026

# કઠોડા ગ્રામ પંચાયતમાં ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અને સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગે તાલીમ યોજાઈ

**નડિયાદ, તા.30**

કૃષિ વિભાગ, ATMA તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી કઠોડા ગ્રામ પંચાયત ખાતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખાતરોના સંકલિત ઉપયોગ અંગે માહિતગાર કરવા માટે ખેડૂત તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) ના શંકરસિંહ ઝાલા દ્વારા પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો, જમીનની ફળદ્રુપતા જાળવવા માટેના ઉપાયો, જીવામૃત, ઘન જીવામૃત અને અન્ય દેશી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ખેડૂતોને રાસાયણિક ઈનપુટ્સ પરની નિર્ભરતા ઘટાડીને ઓછા ખર્ચે વધુ નફાકારક ખેતી તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો. CRP નયનાબેન દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભો તેમજ સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ યોજનાઓ અને સહાય અંગે માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને ટકાઉ, પર્યાવરણમૈત્રી અને નફાકારક ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવાનો ઉદ્દેશ્ય સમજાવ્યો હતો.

વિસ્તરણ અધિકારી પ્રમોદભાઈ સોલંકીએ પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોના સંકલિત ઉપયોગ અંગે સમજ આપતાં જણાવ્યું હતું કે જમીનની તંદુરસ્તી



જાળવવા માટે સંતુલિત પોષણ વ્યવસ્થાપન ખૂબ જ જરૂરી છે. તેમણે પાકની જરૂરિયાત મુજબ ખાતરોના વૈજ્ઞાનિક ઉપયોગ અને માટી પરીક્ષણના મહત્વ વિશે પણ માહિતી આપી હતી. કાર્યક્રમમાં આત્મા (ATMA) વિભાગના કર્મચારીઓ દ્વારા ખેડૂતોને વિવિધ કૃષિ વિકાસ યોજનાઓ, તાલીમ કાર્યક્રમો અને નવીન કૃષિ તકનીકો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ સાથે પરસ્પર ચર્ચા યોજાઈ હતી. ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી અને સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગે ઉત્સાહપૂર્વક રસ દર્શાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગામના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ખેતીના આધુનિક તેમજ પર્યાવરણમૈત્રી ઉપાયો અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) ના શંકરસિંહ ઝાલા દ્વારા પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો, જમીનની ફળદ્રુપતા જાળવવા માટેના ઉપાયો, જીવામૃત, ઘન જીવામૃત અને અન્ય દેશી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ખેડૂતોને રાસાયણિક ઈનપુટ્સ પરની નિર્ભરતા ઘટાડીને ઓછા ખર્ચે વધુ નફાકારક ખેતી તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો.

## પત્ની-પુત્રીના ભરણપોષણ પેટે માસિક 50 હજાર ચૂકવવા આદેશ

# પતિ ખાનગી વીમા કંપનીમાં સિનિયર એરિયા હેડ, પત્નીએ કહ્યું- ઘરેલું હિંસા આચરવામાં આવતી, પતિએ બીજા લગ્ન કર્યા

**અમદાવાદ, તા.30**

અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં એક પત્નીએ પોતાના પતિ અને સાસરિયાઓ સામે અરજી દાખલ કરી હતી. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે વર્ષ 2011 માં સુરતમાં હિન્દુ રીતિ-રિવાજ મુજબ તેના લગ્ન થયા હતા. લગ્ન સમયે પત્નીએ પોતાના પ્રથમ લગ્નથી થયેલા પુત્ર અને પોતે ઉંમરમાં મોટા હોવાની વાત સ્પષ્ટ કરી હતી, તેમ છતાં પતિએ ખાતરી આપી લગ્ન કર્યા હતા.

પત્નીએ આક્ષેપ કર્યો છે કે, સાસરિયાઓ દ્વારા આંતરજ્ઞાતીય લગ્નના કારણે દહેજ બાબતે માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. પતિએ પત્નીની મરજી વિરુદ્ધ બે વાર ગર્ભપાત કરાવવાની ફરજ પાડી હતી. પતિએ પત્નીને જાણ કર્યા વિના ડિસેમ્બર 2017 ના રોજ બીજા લગ્ન કરી લીધા હતા. પત્નીએ આ અંગે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં FIR પણ નોંધાવી હતી.

પતિ ઓક્ટોબર 2018 થી પત્ની અને પુત્રીને તરછોડીને અલગ રહે છે અને કોઈ આર્થિક સહાય આપતો નથી. પતિ એક



ખાનગી વીમા કંપનીમાં સિનિયર એરિયા હેડ તરીકે દર મહિને આશરે 2 લાખ રૂપિયા કમાય છે. તેથી પત્નીએ ભરણપોષણ, રહેઠાણ અને 1.50 કરોડના વળતર સહિતની વિવિધ રાહતો માંગી હતી.

સામે પતિએ આક્ષેપોને નકારતા જણાવ્યું કે, પત્ની ગુસ્સાવાળા અને જીદ્દી સ્વભાવના કારણે પોતાની મરજીથી અલગ રહે છે. પત્ની પોતે અગાઉ ખાનગી વીમા કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતી હતી અને કમાવવાની ક્ષમતા ધરાવે છે. પતિએ દાવો કર્યો કે તેણે વર્ષ 2017-18થી પત્નીના ખાતામાં નિયમિતપણે દર મહિને 35 થી 40 હજાર રૂપિયા ઓનલાઈન મોકલ્યા છે.

વર્ષ 2019થી અત્યાર સુધીમાં 23.36 લાખ જેટલી રકમ ભરણપોષણ પેટે ચૂકવી છે. આ ઉપરાંત પુત્રીની સ્કૂલ ફી અને વીમાના ખર્ચ પણ તે પોતે જ ઉઠાવે છે. પત્નીએ આ આર્થિક સહાયની વાત કોર્ટ સમક્ષ છુપાવી છે. વળી, પતિએ સ્વીકાર્યું કે પત્ની પાછી ન ફરતા તેણે બીજા લગ્ન કર્યા હતા પરંતુ હવે બીજી પત્નીને પણ છૂટાછેડા આપી દીધા છે.

0કોર્ટે નોંધ્યું હતું કે કાયદેસરના લગ્ન ચાલુ હોવા છતાં પતિએ પત્નીની સંમતિ વિના બીજા લગ્ન કર્યા, તે પત્ની પ્રત્યે માનસિક અને ભાવનાત્મક ઘરેલું હિંસાનો ગંભીર પ્રકાર છે. વળી કોર્ટે નોંધ્યું છે કે પત્નીને બેંક ટ્રાન્સફર દ્વારા પતિ તરફથી નિયમિત મોટી રકમ મળી હોવા છતાં તેણે મુખ્ય અરજીમાં આ હકીકત છુપાવી છે, જે તેનું અયોગ્ય વર્તન દર્શાવે છે.

પતિએ પોતાની સાચી આવક અને મિલકતનું સોગંદનામું રજૂ કર્યું નથી. આથી કોર્ટે પત્નીના દાવા અને સંજોગોને ધ્યાને રાખી પતિની માસિક આવક આશરે 2 લાખ રૂપિયા ગ્રાહ્ય રાખી છે. જ્યારે સસરા અને નણંદ વિરુદ્ધ ઘરેલું હિંસાના કોઈ ચોક્કસ કે નક્કર પુરાવા ન હોવાથી તેમની સામેનો કેસ કાઢી નાખવામાં આવ્યો છે.

અદાલતે પત્નીની અરજીને અંશતઃ મંજૂર કરતા પતિ અને તેની બીજી પત્નીને અરજદાર પત્ની અને પુત્રી વિરુદ્ધ કોઈપણ પ્રકારની શારીરિક, માનસિક કે આર્થિક હિંસા કરવા પર સખત પ્રતિબંધ ફરમાવ્યો છે. પતિને આદેશ કરવામાં આવ્યો છે કે તેણે પત્ની અને પુત્રીના નિર્વાહ માટે દર મહિને કુલ 50 હજાર રૂપિયા ચૂકવવાના રહેશે. પુત્રીની કસ્ટડી તેની માતા પાસે રહેશે. પત્નીએ માંગેલ 1.50 કરોડનું વળતર નકારી નાખવામાં આવે છે.

# સુરતના નાસિર નગરમાં મેગા ડિમોલિશન, વગર નોટિસે બુલડોઝરની એન્ટ્રી: 100થી વધુ પરિવારો ઘરવિહોણા, રોષે ભરાયેલા સ્થાનિકોએ કહ્યું- રોડ અને નળ આપ્યા ત્યારે ગેરકાયદે નહોતું?

**સુરત, તા.30**

સુરત સ્માર્ટ સિટીના વિકાસની ઝાકઝમાળ પાછળ ગરીબો અને શ્રમિકોની પીડા દર્શાવતો વધુ એક હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. સુરત મહાનગરપાલિકા (SMC) ના કતારગામ ઝોન દ્વારા શનિવારે વેડ દરવાજા પાસે આવેલા વર્ષો જૂના નાસિર નગર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સ્થાનિક રહીશોનો ગંભીર આક્ષેપ છે કે, વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની આગોતરી લેખિત નોટિસ આપ્યા વિના જ અચાનક બુલડોઝરો ઉતારી દેવામાં આવ્યા હતા, જેને કારણે સ્લમ વસાહતના 100થી વધુ પરિવારો ધોમધખતા તાપમાં ખુલ્લા આકાશ નીચે આવી ગયા છે. આ અચાનક થયેલી કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી સર્જાઈ છે.

નાસિર નગર વિસ્તારમાં વસતા સ્થાનિક શ્રમિકો અને મહિલાઓએ રડતી આંખે જણાવ્યું હતું કે, તેઓ અહીં છેલ્લા 40થી 50 વર્ષથી વસવાટ કરે છે અને તેમની પાસે રહેઠાણના કાયદેસરના પુરાવા પણ છે. શનિવારે સવારે કોઈ પણ પૂર્વ સૂચના વિના અચાનક મોટો પોલીસ કાફલો અને મહાનગરપાલિકાના અધિકારીઓ જેસીબી મશીનો સાથે ત્રાટક્યા હતા. તંત્ર દ્વારા ઘર ખાલી કરવા માટે સમય ન અપાતા રહીશોને પોતાની ઘરવખરીનો સામાન સરખો બહાર કાઢવાનો પણ મોકો મળ્યો ન હતો. કાળઝાળ ગરમીમાં પોતાની નજર સામે આજીવિકાના આશરા સમાન ઘરોને તૂટતા જોઈને નાના બાળકો, વૃદ્ધો અને મહિલાઓ આક્રંદ કરી ઉઠ્યા હતા.

સામાજિક અગ્રણી અસલમ સાયકલવાલાએ તંત્રની આ નીતિની આકરા શબ્દોમાં નિંદા કરતા જણાવ્યું હતું કે, 'ચુસ્ત પોલીસ બંદોબસ્તનો દુરુપયોગ કરીને, કોઈ પણ પ્રકારની લેખિત



નોટિસ આપ્યા વગર કતારગામ ઝોન દ્વારા આ ડિમોલિશન કરવામાં આવ્યું છે, જે તદ્દન અમાનવીય છે. આ વસાહતમાં વર્ષોથી રોજનું કમાઈને રોજ ખાનારા શ્રમિકો વસે છે. આ ગરીબ પરિવારોને કોઈ વૈકલ્પિક આવાસની ફાળવણી કર્યા વગર રસ્તા પર રઝળતા મૂકી દેવા તે પાલિકાની ક્રૂરતા દર્શાવે છે.'

નાસિર નગરના રહીશોને અગાઉથી જ આ પ્રકારના ડિમોલિશનની આશંકા હોવાને કારણે, તેઓએ કાયદેસરનો માર્ગ અપનાવ્યો હતો. સ્થાનિક રહીશો દ્વારા અગાઉ 1 જાન્યુઆરી, 2026ના રોજ સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને કતારગામ ઝોનની કચેરી ખાતે રૂબરૂ જઈને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. આ લેખિત રજૂઆતમાં વિનંતી કરવામાં આવી હતી કે, જો આ જમીન સરકારી હોય કે પાલિકાને વિકાસ માટે જોઈતી હોય તો નિયમ મુજબ ગરીબોને પહેલા વૈકલ્પિક આવાસની ફાળવણી કરવામાં આવે અને ત્યાર બાદ જ કોઈ કદમ ઉઠાવવામાં આવે પરંતુ, તંત્રએ આ રજૂઆત પર ધ્યાન આપ્યા વગર જ બુલડોઝરની ફોજ ઉતારી દીધી હતી.

સ્થાનિક યુવક પઠાન શોએબ અને નસીમ ખાને વહીવટી તંત્રની બેવડી નીતિ સામે સવાલો ઉઠાવતા આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, 'જો અમારું વસવાટ ઈલ્લીગલ જ હતું તો મ્યુનિસિપાલિટીએ કેમ અમને અહીંયા આટલા વર્ષોથી રહેવા દીધું? પાલિકાએ જ અમને રસ્તો બનાવી આપ્યો, નળ કનેક્શન આપ્યા અને 40-50 વર્ષથી અમારી પાસેથી નિયમિત ઘરવેરો પણ વસૂલવામાં આવ્યો છે. અમારી એક-એક દીવાલ અમે મહેનતથી બનાવી છે. તંત્રના અધિકારીઓ આવીને કહે છે કે સાહેબ રજા પર છે અને કોઈ રજૂઆત સાંભળવા તૈયાર નથી. ગરીબો અને મુસલમાનો સાથે થઈ રહેલો આ અન્યાય આખી દુનિયા જોઈ રહી છે.'

ધોમધખતા ઉનાળામાં બેઘર બનેલા પરિવારોએ વહીવટી તંત્ર પાસે તાત્કાલિક ન્યાયની માંગણી કરી છે. સ્થાનિક મહિલાઓ અને રહીશોએ જણાવ્યું છે કે, અહીં એક-એક ઘરમાં પાંચ-પાંચ પરિવારો ભેગા રહેતા હતા, તંત્રએ આ તમામ પરિવારોને રહેવા માટે તાત્કાલિક ઘરના બદલામાં ઘર આપવું જોઈએ.

રહીશોએ નેતાઓ સામે રોષ ઠાલવતા સ્પષ્ટ ચેતવણી આપી છે કે, 'ચૂંટણી સમયે મોટા નેતાઓ આવીને વોટિંગ કરાવી લે છે અને પછી ગરીબોને રસ્તા પર સૂવા માટે મજબૂર કરે છે. જો અમને યોગ્ય રહેઠાણની વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં નહીં આવે, તો આગામી સમયમાં કોઈ પણ ચૂંટણીમાં આ વસાહતના લોકો દ્વારા મતદાન કરવામાં આવશે નહીં.' નાસિર નગર વિસ્તારમાં વસતા સ્થાનિક શ્રમિકો અને મહિલાઓએ રડતી આંખે જણાવ્યું હતું કે, તેઓ અહીં છેલ્લા 40થી 50 વર્ષથી વસવાટ કરે છે અને તેમની પાસે રહેઠાણના કાયદેસરના પુરાવા પણ છે. શનિવારે સવારે કોઈ પણ પૂર્વ સૂચના વિના અચાનક મોટો પોલીસ કાફલો અને મહાનગરપાલિકાના અધિકારીઓ જેસીબી મશીનો સાથે ત્રાટક્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# રિપોર્ટ: ઈરાનને ₹28 લાખ કરોડ રિકન્સ્ટ્રક્શન ફંડ મળશે: અમેરિકન કંપનીઓ રોકાણ કરશે, ટ્રમ્પે કહ્યું- પરમાણુ કાર્યક્રમ પર સહમતિ, ઈરાને ફગાવી

**તેહરાન, તા.30**

અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રસ્તાવિત 60 દિવસના યુદ્ધવિરામ કરારની શરતોમાં ઈરાન માટે 300 અબજ ડોલર એટલે કે લગભગ 28 લાખ કરોડ રૂપિયાના ભંડોળ અને અમેરિકી કંપનીઓના રોકાણનો પ્રસ્તાવ સામેલ છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, એક ઈરાની અધિકારીએ તેને રિકન્સ્ટ્રક્શન પ્રોગ્રામ ગણાવ્યો. તેમણે કહ્યું કે અંતિમ કરાર પર હસ્તાક્ષર થયા પછી ઈરાનને આ આર્થિક મદદ આપવાનું વચન આપવામાં આવશે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે બંને પક્ષો પરમાણુ કાર્યક્રમ પર સહમતિની નજીક પહોંચી ગયા છે. ઈરાન પરમાણુ હથિયારો બનાવશે નહીં અને તેના એનરિચ્ડ યુરેનિયમને નષ્ટ કરવામાં આવશે.

જોકે, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ આ દાવાને નકારી કાઢ્યો છે. તેમણે કહ્યું કે પરમાણુ મુદ્દે કોઈ વાતચીત થઈ રહી નથી. આ ઉપરાંત, ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ પણ સૂત્રોને ટાંકીને જણાવ્યું કે કરારના ડ્રાફ્ટમાં પરમાણુ સામગ્રીને નષ્ટ કરવા જેવી કોઈ શરત સામેલ નથી.

ટ્રમ્પ બોલ્યા- ઈરાન પરમાણુ બોમ્બ નહીં બનાવે: ટ્રમ્પે કહ્યું કે સંભવિત કરારમાં ઈરાન પરમાણુ હથિયાર નહીં બનાવે. અમેરિકા




નૌકાદળની નાકાબંધી હટાવશે અને હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈ પણ પ્રકારનો ટોલ લાગશે નહીં.

હોર્મુઝ ટોલ પર અમેરિકાની ઓમાનને ચેતવણી: અમેરિકાએ કહ્યું કે જો ઓમાને ઈરાનની ટોલ વસૂલી વ્યવસ્થાને સાથ આપ્યો, તો સામેલ દેશો, કંપનીઓ અને લોકો પર કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઈરાન બોલ્યું- અમેરિકાની વાતો પર ભરોસો નથી: ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફે કહ્યું કે તેહરાન માત્ર કાર્યવાહી પર ભરોસો કરે છે. જ્યાં સુધી અમેરિકા પગલાં નહીં ભરે, ઈરાન પણ કોઈ છૂટછાટ નહીં આપે. ઈરાન બોલ્યું- 24 કલાકમાં 24 જહાજોને હોર્મુઝમાંથી પસાર થવા દીધા: ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સે કહ્યું કે છેલ્લા 24 કલાકમાં 24 જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી. ઈરાન મુજબ દરિયાઈ ટ્રાફિકને નિયંત્રિત રીતે ચલાવવામાં આવી રહ્યો છે.

લેબનોનમાં ઇઝરાયલની નવી ચેતવણી: ઇઝરાયલે દક્ષિણ લેબનોનના ઘણા વિસ્તારોના લોકોને ઘર ખાલી કરવા કહ્યું. સેનાનો દાવો છે કે ત્યાં હિઝબુલ્લાહ વિરુદ્ધ મોટા ઓપરેશનની તૈયારી ચાલી રહી છે.

હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે તેણે ઉત્તરી ઇઝરાયલમાં આવેલા મેરોન બેઝના એર ટ્રાફિક કંટ્રોલ યુનિટ પર મિસાઈલ હુમલો કર્યો છે. મેરોન બેઝ લેબનાન સરહદથી લગભગ 8 કિલોમીટર દૂર માઉન્ટ મેરોન પર સ્થિત ઇઝરાયલી એરફોર્સનું સર્વેલન્સ અને કમાન્ડ સેન્ટર માનવામાં આવે છે.

જોકે, ઇઝરાયલ તરફથી હજુ સુધી આ હુમલાઓ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કે નુકસાનની માહિતી સામે આવી નથી.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના પૂર્વ કમાન્ડર મોહસિન રેઝાઈએ ટ્રમ્પ પર કૂટનીતિ (ડિપ્લોમસી)થી ત્રીજી વખત વિશ્વાસઘાત કરવાનો આરોપ લગાવ્યો છે.

રેઝાઈએ X પર પોસ્ટ કરીને કહ્યું, 'દરિયાઈ નાકાબંધી ચાલુ રાખીને અને વાતચીતમાં જરૂરિયાત કરતાં વધુ માંગણીઓ રાખીને ટ્રમ્પે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તેમનો ઝુકાવ વાતચીત તરફ નથી.

'તેમણે આરોપ લગાવ્યો કે ટ્રમ્પ વાતચીતને બદલે કોઈ બીજા હેતુને આગળ વધારી રહ્યા છે.

અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન સાથેના કરારને લઈને ધીરજપૂર્વક આગળ વધી રહ્યા છે અને તેમનું માનવું છે કે કોઈપણ સોદો સારો સોદો હશે.

સિંગાપોરમાં એક કાર્યક્રમ દરમિયાન હેગસેથે કહ્યું કે ટ્રમ્પ એવો કરાર ઈચ્છે છે, જેનાથી ઈરાન પરમાણુ હથિયારો મેળવી ન શકે.

તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રપતિએ કહ્યું છે કે જો ઈરાન પરમાણુ કાર્યક્રમને લઈને સહમતિ નહીં આપે, તો સૈન્ય શક્તિનો ઉપયોગ કરી શકાય છે.

દક્ષિણ લેબનોનમાં શનિવારે ઇઝરાયલી હવાઈ હુમલામાં 3 લોકોના મોત થયા છે, જ્યારે એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. આ માહિતી લેબનોનની સરકારી ન્યૂઝ એજન્સી NNA દ્વારા આપવામાં આવી હતી. ટાયર શહેરમાં એક ઘર પર થયેલા હવાઈ હુમલામાં એક વ્યક્તિ અને તેના પુત્રનું મોત થયું હતું. પરિવારના અન્ય 7 સભ્યો પણ ઘાયલ થયા છે.

આ ઉપરાંત, રિપોર્ટમાં જણાવાયું છે કે ઇઝરાયેલી સેનાએ શરીફા-હબ્બુશ-નબાતિયેહ રોડ પર પણ હુમલો કર્યો હતો, જેમાં એક નાગરિકનું મોત થયું હતું અને અન્ય એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. સંયુક્ત રાષ્ટ્રની બાળકો સંબંધિત એજન્સી યુનિસેફે જણાવ્યું છે કે છેલ્લા એક અઠવાડિયામાં લેબનોનમાં સરેરાશ દર 24 કલાકે 11 બાળકો કાં તો માર્યા ગયા છે અથવા ઘાયલ થયા છે. યુદ્ધવિરામ છતાં ઇઝરાયલે દેશભરમાં હુમલા તેજ કર્યા છે.

યુનિસેફે લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા ટાંકીને જણાવ્યું કે છેલ્લા 7 દિવસમાં 77 બાળકો હુમલાનો ભોગ બન્યા છે. જ્યારે, રોયટર્સ અનુસાર, 16 એપ્રિલે લાગુ થયેલા યુદ્ધવિરામ પછી અત્યાર સુધીમાં 55 બાળકોના મોત અને 212 બાળકોના ઘાયલ થવાની પુષ્ટિ થઈ છે. યુનિસેફના પ્રવક્તા રિકાર્ડો પાયર્સે તમામ પક્ષોને યુદ્ધવિરામનું સંપૂર્ણ પાલન કરવા અપીલ કરી. તેમણે કહ્યું, "આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા હેઠળ બાળકો અને નાગરિક માળખાની સુરક્ષા જરૂરી છે."

# ધોળા દિવસે રાજસ્થાનમાં અંધારું છવાયું: પાકિસ્તાનથી આવેલાં વાવાઝોડાનાં લીધે હવામાન બદલાયું

**જયપુર, તા.30**

રાજસ્થાનના 4 જિલ્લાઓ ચુરુ, શ્રીગંગાનગર, બિકાનેર અને સીકરમાં શનિવારે બપોરે રેતાળું તોફાન આવ્યું છે. જેના કારણે દિવસ દરમિયાન જ અંધારું છવાઈ ગયું. જોકે, પાકિસ્તાનથી ઉઠેલા તોફાનની અસર રાજસ્થાનના સરહદી જિલ્લાઓ પર થઈ છે.

તોફાનના કારણે દિવસ દરમિયાન લોકોને વાહનોની હેડલાઈટ ચાલુ કરવી પડી. તેના ઘણા વીડિયો સામે આવ્યા છે. જેમાં લોકો ભાગીને ઘરોમાં જતા જોવા મળ્યા અને ઘરોને બંધ કરી દીધા. સ્થાનિક લોકોએ કહ્યું કે આવું રેતાળું તોફાન પહેલા ક્યારેય જોયું નથી.

ઉદયપુર સહિત ઘણા જિલ્લાઓમાં શનિવારે સવારે વરસાદ થયો. સરહદી જિલ્લા શ્રીગંગાનગરમાં સવારે લગભગ 11 વાગ્યે આવેલા વાવાઝોડાના કારણે શહેરમાં ધૂળ છવાઈ ગઈ. ઘણી જગ્યાએ રેતીના વંટોળ જેવું દ્રશ્ય જોવા મળ્યું. આવું જ દ્રશ્ય ચુરુ અને બિકાનેરમાં પણ જોવા મળ્યું. ધૂળનો ગુબાર સીકર જિલ્લાના ફતેહપુર અને લક્ષ્મણગઢ વિસ્તારમાં પણ છવાયો.

દેશના ઘણા શહેરોમાં આ દિવસોમાં તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસથી ઉપર છે. આ હવામાનમાં થોડી બેદરકારી બાળકના સ્વાસ્થ્ય પર ભારે પડી શકે છે. તેમની દિનચર્યા અને ખાનપાનમાં કેટલાક ફેરફારો કરીને તેમને હીટ સ્ટ્રોક એટલે કે લૂથી બચાવી શકાય છે.

હવામાન વિભાગે જણાવ્યું કે



મોન્સૂન આગામી 7 દિવસમાં કેરળ પહોંચી શકે છે. જોકે, વિભાગે આ વર્ષે મોન્સૂન સામાન્ય કરતાં નબળું રહેવાનો અંદાજ પણ વ્યક્ત કર્યો છે.

IMD મુજબ જૂનથી સપ્ટેમ્બર સુધી દેશમાં સરેરાશ સામાન્ય કરતાં ઓછો વરસાદ થઈ શકે છે. આ વખતે મોન્સૂનનો વરસાદ લોંગ પિરિયડ એવરેજ (LPA)ના લગભગ 90% રહી શકે છે. દેશમાં સામાન્ય મોન્સૂન વરસાદની સરેરાશ 87 સેન્ટિમીટર માનવામાં આવે છે.

હવામાન વિભાગે જણાવ્યું કે બિહાર, યુપીમાં સામાન્ય વરસાદ થઈ શકે છે, પરંતુ બાકીના ઘણા વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના છે. ખાસ કરીને વરસાદ આધારિત ખેતીવાળા વિસ્તારોમાં મોન્સૂન નબળું રહી શકે છે.

હિમાચલ પ્રદેશના 10 જિલ્લામાં વાવાઝોડું, વીજળી અને 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાવાની ચેતવણી જારી કરવામાં આવી છે. 4 જૂન સુધી વરસાદ ચાલુ રહેવાનો અંદાજ છે.

ઉત્તરાખંડમાં પણ હળવાથી મધ્યમ વરસાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાનો અંદાજ છે.

બિહારમાં 80 થી 90 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા અને કરા પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

IMD એ તમિલનાડુમાં પણ શુક્રવાર અને શનિવારે વરસાદ અને તેજ પવનોની આગાહી કરી છે.

રાજસ્થાનમાં શનિવારે 30 જિલ્લામાં વાવાઝોડા સાથે કરા અને વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી હવામાન બદલાઈ ગયું છે. શુક્રવારે ચુરુ, હનુમાનગઢ, બીકાનેર, સીકર, અલવર, જયપુર, ભરતપુર, ઝુનઝુનુ, કરૌલીમાં વરસાદ સાથે કરા પડ્યા. જેના કારણે તાપમાન 10 ડિગ્રી સુધી ઘટી ગયું.

મધ્યપ્રદેશમાં શુક્રવારે ગ્વાલિયર સહિત ઘણા જિલ્લાઓમાં વરસાદ થયો હતો. શનિવારે પણ આવું જ હવામાન રહેવાની સંભાવના છે. 9 જિલ્લાઓમાં કરા અને વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આમાં ગ્વાલિયર, ભીંડ, દતિયા, નિવાડી, ટીકમગઢ, છતરપુર, પન્ના, નીમચ અને મંદસૌરનો સમાવેશ થાય છે.

ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વાવાઝોડાને કારણે 31 લોકોના મોત થયા છે. સહારનપુરમાં ભારે વરસાદ બાદ પહાડી પરથી તેજ પ્રવાહ સાથે પાણી નીચે આવ્યું. આનાથી ઈનોવા-ટ્રેક્ટર સહિત 10 વાહનો તણાઈ ગયા. આજે પણ તમામ 75 જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ છે.

બિહારમાં છેલ્લા 24 કલાકમાં વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાથી 17 લોકોના મોત થયા છે.

# ટ્રમ્પની દીકરી ટિફનીએ પતિ સાથે તાજમહેલ જોયો: એરપોર્ટથી સીધા પહોંચ્યા, ડાયના બેન્ચ પર ફોટો પડાવ્યો

**આગરા, તા.30**



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ટિફની તેમના પતિ માઈકલ બાઉલોસ સાથે શનિવારે આગ્રા પહોંચ્યા. તેમનું ચાર્ટર્ડ વિમાન સવારે 11.30 વાગ્યે ખેરીયા એરપોર્ટ પર ઉતર્યું. અહીંથી તેમનો કાફલો સીધો તાજમહેલ પહોંચ્યો. ગોલ્ફ કાર્ટમાં બેસીને ટિફની અને માઈકલ તાજમહેલ પરિસરમાં દાખલ થયા. તેમની સાથે ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોર અને ગાઈડ રમેશ ધવન હાજર હતા.

ટિફનીએ તાજમહેલ જોઈને ગાઈડ રમેશને ઘણા સવાલો કર્યા. રમેશે તેમને તાજમહેલના ઈતિહાસ વિશે વિગતવાર જણાવ્યું. ત્યારબાદ ટિફની અને માઈકલ ડાયના બેન્ચ પાસે પહોંચ્યા. એકબીજાનો હાથ પકડીને તસવીરો ખેંચાવી. બંનેએ અલગ-અલગ પોઝમાં ફોટા ક્લિક કરાવ્યા. બંનેએ લગભગ દોઢ કલાક સુધી તાજમહેલ જોયો.

ત્યારબાદ ટિફની અને માઈકલ હોટેલ અમર વિલાસ પેલેસ જવા રવાના થયા. અહીં ટિફની જે રૂમમાં રોકાયા છે, ત્યાંથી તાજમહેલ એકદમ સ્પષ્ટ દેખાય છે. લંચ પછી ટિફની થોડીવાર આરામ કરશે. સાંજે ચાર્ટર્ડ પ્લેનથી રાજસ્થાનના જેસલમેર માટે રવાના થશે.

નોંધનીય છે કે વર્ષ 2020માં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની પત્ની મેલાનિયા ટ્રમ્પ, પુત્રી ઈવાન્કા ટ્રમ્પ અને જમાઈ જેરેડ કુશનર સાથે તાજમહેલ જોવા આગ્રા આવ્યા હતા. લગભગ 6 વર્ષ પછી ટ્રમ્પ પરિવારનો વધુ એક સભ્ય તાજનગરી પહોંચ્યો છે. ટિફની ટ્રમ્પના પ્રવાસને લઈને સ્થાનિક પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણપણે સતર્ક છે. ખેરિયા હવાઈ મથક, હોટેલ, તાજમહેલ પરિસર અને સમગ્ર રૂટ પર પોલીસ અને ગુપ્તચર એજન્સીઓને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ હોટેલ અને સ્મારક પરિસરની દેખરેખ વધારી દીધી છે.

ટિફની ટ્રમ્પ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બીજી પત્ની માર્લા મેપલ્સની એકમાત્ર પુત્રી છે. ટિફનીનો જન્મ 13 ઓક્ટોબર 1993ના રોજ ફ્લોરિડામાં થયો હતો. ટિફનીએ 2022માં બિઝનેસમેન માઈકલ બાઉલોસ સાથે લગ્ન કર્યા. 2025માં તેમને એક પુત્ર થયો, જેનું નામ એલેક્ઝાન્ડર ટ્રમ્પ બાઉલોસ છે. ટિફની ટ્રમ્પ તેમના પિતાના રાજકીય અભિયાનોમાં ઘણી વખત જોવા મળી છે અને 2016 તેમજ 2020ના રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં ભાષણ પણ આપી ચૂકી છે. તેમણે કાયદા (JD)નો અભ્યાસ કર્યો છે.

# 80 વર્ષે પણ ટ્રમ્પનું હૃદય 14 વર્ષ નાનું: ટ્રમ્પનો મેડિકલ રિપોર્ટ સામે આવ્યો, ડોક્ટરોએ કહ્યું- કોલેસ્ટ્રોલ-હૃદયની દવા જ લે છે, પ્રેસિડેન્ટ પદ માટે બિલકુલ ફિટ

**વોશિંગ્ટન, તા.30**

વ્હાઈટ હાઉસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો નવો મેડિકલ રિપોર્ટ શુક્રવારે જાહેર કર્યો છે. 14 દિવસમાં 80 વર્ષના થનારા ટ્રમ્પનું સ્વાસ્થ્ય ઉત્તમ છે.

મેડિકલ રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ હાલમાં કોલેસ્ટ્રોલ અને હૃદય માટે કુલ ત્રણ દવાઓ લઈ રહ્યા છે. આમાંથી બે દવા, 'રોસુવાસ્ટેટિન' અને 'એઝેટિમિબ' કોલેસ્ટ્રોલ નિયંત્રણ માટે છે. જ્યારે એક લો-ડોઝ 'એસ્પિરિન' હૃદય સંબંધિત બીમારીઓથી બચાવવા માટે આપવામાં આવી રહી છે.

વ્હાઈટ હાઉસના ડોક્ટર શોન પી. બારબાબેલાએ જણાવ્યું કે ટ્રમ્પનું સ્વાસ્થ્ય શાનદાર છે અને તેઓ રાષ્ટ્રપતિ પદની જવાબદારીઓ નિભાવવા માટે સંપૂર્ણપણે ફિટ છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું કે તેમનું કાર્ડિયાક, ફેફસાં અને ન્યુરોલોજીકલ સ્વાસ્થ્ય મજબૂત છે.

ટ્રમ્પનો આ મેડિકલ ચેકઅપ મંગળવારે વોલ્ટર રીડ નેશનલ મિલિટરી મેડિકલ સેન્ટરમાં થયો હતો. વ્હાઈટ હાઉસ અનુસાર આ દરમિયાન 22 નિષ્ણાત ડોક્ટરોએ તેમની તપાસ કરી હતી. તેમાં સીટી



સ્કેન, હાર્ટ ઈમેજિંગ, કેન્સર સ્ક્રીનિંગ અને ઘણા પ્રિવેન્ટિવ ટેસ્ટનો સમાવેશ થતો હતો.

રિપોર્ટમાં જણાવાયું છે કે ટ્રમ્પનું કોગ્નિટિવ અને ફિઝિકલ પર્ફોર્મન્સ ઉત્તમ છે. ડોકટરે એમ પણ લખ્યું કે ટ્રમ્પનું વ્યસ્ત શેડ્યૂલ, સતત મીટિંગ્સ, પબ્લિક ઈવેન્ટ્સ અને શારીરિક પ્રવૃત્તિઓ તેમના એકંદર સ્વાસ્થ્યને ટેકો આપે છે.

મેડિકલ રિપોર્ટ મુજબ ટ્રમ્પનું વજન હવે 238 પાઉન્ડ એટલે કે લગભગ 108 કિલો છે. એપ્રિલ 2025ની અગાઉની મેડિકલ તપાસમાં તેમનું વજન 224 પાઉન્ડ એટલે કે લગભગ 101.6 કિલો હતું. ટ્રમ્પની લંબાઈ 6 ફૂટ 3 ઈંચ જણાવવામાં આવી છે.

ડોક્ટર બારબાબેલાએ ટ્રમ્પને વજન ઘટાડવા હેલ્ધી ડાયટ અપનાવવા અને વધુ શારીરિક પ્રવૃત્તિ કરવાની સલાહ આપી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેમને કાર્ડિયોવેસ્ક્યુલર હેલ્થ અને વજન ઘટાડવા અંગે પ્રિવેન્ટિવ કાઉન્સેલિંગ પણ આપવામાં આવ્યું હતું.

ટ્રમ્પના હાથ પર દેખાતા નિશાનોને લઈને છેલ્લા ઘણા મહિનાઓથી સવાલો ઉઠી રહ્યા છે. મેડિકલ રિપોર્ટમાં આ અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. ડોક્ટર બારબાબેલા મુજબ, વારંવાર લોકો સાથે હાથ મિલાવવા અને એસ્પિરિન લેવાને કારણે તેમના હાથ પર હળવા નિશાન પડી રહ્યા છે.

જોકે, કેટલાક સ્વતંત્ર ડોક્ટરોએ અગાઉ આ દાવા પર સવાલ ઉઠાવ્યા છે. તેમનું કહેવું હતું કે નિશાન ટ્રમ્પના ડાબા હાથ પર વધુ દેખાયા હતા, જ્યારે તેઓ જમણા હાથથી કામ કરે છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પના પગના નીચેના ભાગમાં હળવો સોજો હતો, જે ગયા વર્ષની સરખામણીમાં સુધર્યો છે. જોકે, આ અંગે વધુ માહિતી આપવામાં આવી નથી.

ડોનાલ્ડ ટ્રમ્પ 14 જૂને 80 વર્ષના થશે. તેઓ અમેરિકી ઈતિહાસમાં રાષ્ટ્રપતિ પદ સંભાળનારા સૌથી વૃદ્ધ નેતાઓમાં સામેલ છે. છેલ્લા એક વર્ષમાં તેમના પગમાં સોજો, કેટલાક કાર્યક્રમોમાં ઊંઘમાં દેખાવા અને ગરદન પર દેખાયેલા ફોલ્લીઓને લઈને સતત ચર્ચા થતી રહી છે.

વ્હાઈટ હાઉસ પહેલાં જણાવી ચૂક્યું છે કે ટ્રમ્પને 'ક્રોનિક વેનસ ઈન્સફિશિયન્સી'ની સમસ્યા છે. આ ઉંમર સંબંધિત એક સામાન્ય બીમારી છે, જેમાં પગમાં બ્લડ સર્ક્યુલેશન પ્રભાવિત થાય છે. માર્ચમાં તેમની ગરદન પર દેખાયેલા રેશને લઈને પણ કહેવામાં આવ્યું હતું કે તે સ્કિન ટ્રીટમેન્ટને કારણે હતો.

આ દરમિયાન ટ્રમ્પ અને તેમના સહયોગી સતત એવો દાવો કરતા રહ્યા છે કે તેમને કોઈ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા નથી. ટ્રમ્પે હંમેશા પોતાની સ્ટેમિના અને માનસિક ક્ષમતાને પોતાની જાહેર છબીનો મહત્વનો ભાગ ગણાવ્યો છે.

વ્હાઈટ હાઉસના મેડિકલ રિપોર્ટમાં વધુ એક અસામાન્ય બાબતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ડોક્ટર બાર્બાબેલાએ દાવો કર્યો હતો કે ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામના આધારે ટ્રમ્પની 'કાર્ડિયાક એજ' (એટલે કે હૃદયની વાસ્તવિક ઉંમર) તેમની વાસ્તવિક ઉંમર કરતાં 14 વર્ષ ઓછી છે. કેટલાક સ્વતંત્ર ડોકટરોએ તેને મેડિકલ રિપોર્ટમાં સામેલ કરવાને અસામાન્ય ગણાવ્યું હતું. બીજી તરફ, ટ્રમ્પે મંગળવારે ચેકઅપ પછી પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું હતું, "વોલ્ટર રીડ મિલિટરી મેડિકલ સેન્ટરમાં મારું 6 મહિનાનું ફિઝિકલ પૂરું થયું. બધું જ બિલકુલ પરફેક્ટ નીકળ્યું."

જોકે, ઘણા ડોકટરોએ 6 મહિનાના ફિઝિકલના દાવા પર સવાલો ઉઠાવ્યા હતા. હાર્વર્ડ મેડિકલ સ્કૂલના પ્રોફેસર અને ડોક્ટર ઈશાની ગાંગુલીએ કહ્યું કે સામાન્ય રીતે સંપૂર્ણ ફિઝિકલ ટેસ્ટ વર્ષમાં એકવાર થાય છે.


# બંગાળમાં ભાજપની જીત પછી વિવિધ સ્તરે રાજકારણ બદલાઈ રહ્યું છે

પશ્ચિમ બંગાળમાં ભાજપની જીત પછી વિવિધ સ્તરે રાજકારણ બદલાઈ રહ્યું છે. હવે રાજ્યની શિક્ષણ સંસ્થાઓમાં પણ એની અસર દેખાય છે. હવે આરએસએસ સાથે જોડાયેલા વિદ્યાર્થી અને શિક્ષક સંગઠનોએ કોલેજો અને યુનિવર્સિટીઓમાં પોતાની ગતિવિધિ વધારી દીધી છે. એક જમાનામાં કોલેજો અને યુનિવર્સિટીઓમાં સામ્યવાદીઓ અને તૃણમુલ કોંગ્રેસનો પ્રભાવ વધુ હતો. હવે ભાજપની વિચારધારા સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ આગળ આવી રહ્યા છે. ઉત્તર બંગાળની કોલેજ કેન્ટીનથી લઈને કોલકત્તાની યુનિવર્સિટીના કેમ્પસમાં પણ આ બદલાવ દેખાઈ રહ્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)નો પ્રભાવ લાંબા સમય સુધી બંગાળની યુનિવર્સિટીઓમાં સામાન્ય રહ્યો હતો. ચૂંટણી પહેલા એબીવીપી ૯૬ કોલેજોમાં સક્રિય હતું હવે આ આંકડો ૪૦૦થી વધી ગયો છે.

કર્ણાટકમાં મુખ્યમંત્રી બનવા જઈ રહેલા ડી કે શિવકુમાર આક્રમક રાજકારણી ગણાય છે. તેઓ પહેલેથી જ માને છે કે, 'સત્તા કોઈ આપતું નથી, પરંતુ ઝુંટવવી પડે છે.' એમનું લક્ષ્ય પહેલેથી જ મુખ્યમંત્રીની ખુરશી પર હતું. સિદ્ધારમૈયા મુખ્યમંત્રી હતા ત્યારે ડી કે શિવકુમારે ચૂપચાપ સિદ્ધારમૈયા વિરોધી ગ્રુપને પ્રોત્સાહન આપ્યું હતું. ૧૯૯૯માં કોંગ્રેસ સરકાર બનવાની હતી ત્યારે એમણે યાદીમાં પોતાનું નામ દાખલ કરાવવા અરધી રાતે એસએમ કૃષ્ણાને ઉઠાડયા હતા. હાઈકમાન્ડે યાદીમાંથી એમનું નામ કાઢી નાખ્યું હતું ત્યારે એમણે એમના જ્યોતિષીની સલાહ લીધી હતી. જ્યોતિષીએ એમને કહ્યું હતું કે જ્યાં સુધી તેઓ પોતે દરવાજો નહીં ખોલે અને મંત્રીપદ નહીં માંગે ત્યાં સુધી એમને કોઈ મંત્રી બનાવશે નહીં. છેવટે કૃષ્ણા પર દબાણ લાવીને તેઓ મંત્રી બન્યા હતા.

દેશના ન્યાયતંત્રમાં સુધારો કરવા માટે સુપ્રિમ કોર્ટે મોટુ પગલું લીધું છે. હવે દેશની હાઈકોર્ટોએ કોઈપણ કેસમાં ત્રણ મહિનાની અંદર ચૂકાદો આપવો પડશે. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્ય બાગચી અને જસ્ટીસ બીપીન એમ પંચોલીની બેંચે સ્પષ્ટતા કરી છે કે કોર્ટ કાર્યવાહીમાં લાલિયાવાડી હવે સહન કરવામાં નહીં આવે. સુપ્રિમ કોર્ટે વ્યક્તિગત સ્વતંત્રતાને પ્રાથમીકતા આપતા જામીનના કેસોમાં તરત નિર્ણય લેવા જણાવ્યું છે. જામીનની અરજી પર ચુકાદો એ જ દીવસે કે વધુમાં વધુ બીજે દિવસે આપવો પડશે. હુકમ તરત જેલ અધિકારીઓને મોકલવો પડશે કે જેનાથી ૨૪ કે ૪૮ કલાકમાં આરોપી જેલમાંથી છૂટી શકે. ટ્રાયલ કોર્ટે આવા કેસોમાં કોમ્પલાયન્સ રીપોર્ટ જે તે કોર્ટને આપવો પડશે. જો કોઈ કેસમાં ત્રણ મહિનાની અંદર ચુકાદો નહીં આપવામાં આવે તો કેસ બીજા ન્યાયાધીશ સમક્ષ ટ્રાન્સફર કરવો પડશે.

સિદ્ધારમૈયા ખંધા રાજકારણી છે. કોંગ્રેસ હાઈકમાન્ડના દબાણને વશ થઈને એમણે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપવું પડયું હવે તેઓ એમના 'બલીદાન'ની કીમત વસુલ કરશે. દિલ્હીમાં સિદ્ધારમૈયા જ્યારે રાહુલ ગાંધીને મળ્યા ત્યારે એમણે હાઈકમાન્ડ સામે પોતાની




માંગણીની યાદી મુકી હતી. પુત્ર યતિન્દ્ર સિદ્ધારમૈયા માટે નવા મંત્રીમંડળમાં અગત્યનું ખાતુ માંગ્યું છે. આ ઉપરાંત સિદ્ધારમૈયાએ રાજ્યસભા અને વિધાન પરિષદની નિમણૂક માટે પોતાને ગમતા નેતાઓના નામની યાદી આપી હતી. નવા મંત્રીમંડળમાં મંત્રાલયોની વહેંચણી બાબતે પણ સલાહ સૂચન કર્યા હતા. પોતાની નજીક રહેલા નેતાઓ માટે એમણે મહત્ત્વના ખાતા માંગ્યા હતા. કોંગ્રેસ હાઈકમાન્ડ પણ સિદ્ધારમૈયાને એકદમ નારાજ કરી શકે એમ નથી. સિદ્ધારમૈયાની કેટલીક માંગણીઓ સંતોષીને એમને ઠંડા કરવાનો પ્રયત્ન થશે.

ભારતીય નૌસેનાએ કેટલાક અગત્યના ફેરફાર કર્યા છે. ઓપરેશન સિંદુર વખતે નૌસેનાની રણનીતિ સંભાળનાર વાઈસ એડમીરલ અજય કોચરને નૌસેનાએ ૪૮માં ઉપપ્રમુખ બનાવ્યા છે. એમની પાસે સમૃદ્રી સુરક્ષા, યુદ્ધ રણનીતિ અને ઉચ્ચ સ્તરીય નૌસૈનિક સંચાલનનો લાંબો અનુભવ છે. નિમણૂક પછી સાઉથ બ્લોક લોન્સમાં એમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. વાઈસ એડમીરલ કોચર આંદામાન અને નિકોબારના કમાન્ડર ઈન ચીફ રહી ચૂક્યા છે. એ પહેલા તેઓ પશ્ચિમી નૌસેના કમાન્ડમાં ચીફ ઓફ સ્ટાફ પણ હતા અને ઓપરેશન સિંદુર વખતે એમણે અદભૂત કામગીરી કરી હતી. વાઈસ એડમીરલ અજય કોચર ૧૯૮૮ની પહેલી જુલાઈએ ભારતીય નૌસેનામાં જોડાયા હતા. તેઓ ગનેરી અને મિસાઈલ સિસ્ટમના નિષ્ણાત ગણાય છે.

કેરળની નવી વિધાનસભામાં પહેલા દિવસે જ વંદે માતરમ ગીતને લઈને વિવાદ થયો છે. યુડીએફ સરકાર અને રાજ્યપાલ વચ્ચે સીધો ટકરાવ શરૂ થઈ ગયો છે. રાજ્યપાલના સંબોધન પહેલા આ ઘટના બની હતી. કેરળ પોલીસ બેન્ડએ વંદે માતરમનો શરૂઆતી હિસ્સો વગાડયો હતો. રાજ ભવનએ પુર્વાભ્યાસ દરમિયાન સંપૂર્ણ રાષ્ટ્રગીત વગાડવાની સૂચના આપી હતી. રાજ્ય સરકારે આ સૂચના માનવાનો ઈન્કાર કર્યો હતો. સરકારે ફક્ત શરૂઆતનો હિસ્સો વગાડવાની જૂની પરંપરા ચાલુ રાખી હતી. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે સરકારના આ વલણને કારણે આવનાર દિવસોમાં રાજ્યપાલ અને મુખ્યમંત્રી વચ્ચે સીધી ટક્કર થશે. વિધાનસભામાં ૧૪૦ સભ્યોમાંથી યુડીએફ પાસે ૧૦૨ ધારાસભ્યો છે. જોકે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આરલેકરએ ગૃહમાં વિવાદ વધાર્યો નહોતો.

પર્વતારોહી ઝકીયા અહમદ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પહેલી અફઘાન મહિલા બની છે. ૩૦ વર્ષની ઝકીયા ઓસ્ટ્રેલિયામાં રહે છે. ઝકીયાએ ૮,૮૪૮ મીટર ઊંચા શીખર પર પગ મૂકીને ઈતિહાસ સર્જ્યો છે. ઝકીયા હવે રીવર અહમદના નામથી પણ ઓળખાય છે. રીવર અહમદ તાલિબાનના શાસન દરમિયાન કોઈપણ રીતે બચીને ભારત આવી હતી અને ભારતથી ઓસ્ટ્રેલિયા ગઈ હતી. પહેલા એ અફઘાનિસ્તાન યુનિવર્સિટીની વિદ્યાર્થિની હતી. જોકે તાલિબાનોએ મુકેલા પ્રતિબંધ પછી એણે ઓસ્ટ્રેલિયા જવાનું નક્કી કર્યું હતું. એનું કહેવું છે કે નદીઓએ એને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી હતી એટલે એનું નામ રીવર પડી ગયું. રીવરની ઈચ્છા અફઘાનિસ્તાન તરફ વિશ્વનું ધ્યાન દોરવાની છે. વિવિધ સાહસો કરીને રીવર તાલિબાનોના અત્યાચાર વિશે લોકોને જણાવવા માંગે છે.

દેશના ન્યાયતંત્રમાં સુધારો કરવા માટે સુપ્રિમ કોર્ટે મોટુ પગલું લીધું છે. હવે દેશની હાઈકોર્ટોએ કોઈપણ કેસમાં ત્રણ મહિનાની અંદર ચૂકાદો આપવો પડશે. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્ય બાગચી અને જસ્ટીસ બીપીન એમ પંચોલીની બેંચે સ્પષ્ટતા કરી છે કે કોર્ટ કાર્યવાહીમાં લાલિયાવાડી હવે સહન કરવામાં નહીં આવે. સુપ્રિમ કોર્ટે વ્યક્તિગત સ્વતંત્રતાને પ્રાથમીકતા આપતા જામીનના કેસોમાં તરત નિર્ણય લેવા જણાવ્યું છે. જામીનની અરજી પર ચુકાદો એ જ દીવસે કે વધુમાં વધુ બીજે દિવસે આપવો પડશે. હુકમ તરત જેલ અધિકારીઓને મોકલવો પડશે કે જેનાથી ૨૪ કે ૪૮ કલાકમાં આરોપી જેલમાંથી છૂટી શકે. ટ્રાયલ કોર્ટે આવા કેસોમાં કોમ્પલાયન્સ રીપોર્ટ જે તે કોર્ટને આપવો પડશે.

## તંત્રી લેખ

# રેવડી કલ્ચર સામે પડકાર: રાજ્યો પાસે પૈસા નથી અને રાહતો વહેંચવાનો સમય

મતદારો હવે પહેલાં જેવા ભોળા નથી રહ્યા. ઉમેદવારો શું આપશે તેની ચર્ચા પહેલાં ખાનગી રાહે થતી હતી પરંતુ હવે તે જાહેરમાં થતી જાવા મળે છે. હૂંસા તૂંસીવાળા રાજકારણે મતદારોને મફતમાં લાભ (રેવડી વહેંચવી) આપવા માટે વિશેષ બજેટ ફાળવવું પડે છે. એક સમયે તે ટૂચકા સમાન લાગતું હતું પરંતુ હવે તે ફરજીયાત બની ગયું છે.

દેશમાં રેવડી કલ્ચર ઉભું કરનારા રાજકીય પક્ષો છે એટલે મતદારો પણ પોતાને ઘરબેઠા મળતા લાભને જવા દેવા તૈયાર નથી. મતદારોને આપેલા પ્રોમીસ પછી તેમને નિયમિત નાણા ચૂકવવાના પૈસા ક્યાંથી લવાશે તેનું ભાગ્યેજ કોઇ વિચારતું હોય છે. દર મહિને બેંકના ખાતામાં ૨૦૦૦ રૂપિયા જેવી રકમ મફતમાં જમા થાય તો કોને ના ગમે?

વિધાનસભાની ચૂંટણીઓમાં રેવડીનું વિતરણ ફરજીયાત બની ગયું હોય એમ લાગે છે. જે વધુ સવલતો કે આર્થિક સહાયની ખાત્રી આપે તેને લોકો મત આપવા તૈયાર થઇ જાય છે.

હવે પાંચેય રાજ્યોમાં મુખ્યપ્રધાનો કાર્યરત થઇ ગયા છે. દરેકે પ્રજાને આપેલા રેવડી-વચનો પ્રમાણે પૈસા ચૂકવવાનો સમય પણ આવી ગયો છે. કોઇ સરકાર પાસે પૈસા નથી. કેન્દ્ર પાસે હાથ લંબાવશે તોજ નાણા ચૂકવી શકાશે.

તમિળનાડુના મુખ્યપ્રધાન જોસેફ વિજય બે દિવસ અગાઉ દિલ્હીમાં વડાપ્રધાન મોદીને મળી ગયા છે.વડાપ્રધાન પાસે તેમણે કેટલીક ડિમાન્ડની યાદી આપી છે. તેમાં આર્થિક પેકેજની વાત પણ હશે એમ માનવામાં આવે છે.

રેવડીની લાલચ આજકાલની નથી. ૧૯૬૭માં તમિળનાડુના મુખ્ય પ્રધાન સીએન અન્નાદુરાઇએ જ્યારે ઘરદીઠ મહિને એક રૂપિયામાં સાડાચાર કિલો ચોખા આપવાની જાહેરાત કરી ત્યારે તેમની વાહ વાહ થવાની સાથે ટીકા પણ થઇ હતી. જોકે પછીતો તમિળનાડુનો દરેક પક્ષ વિવિધ રેવડીની જાહેરાત કરતો હતો. આજે તમિળનાડુ તો રેવડી રાજ્ય બની ગયું છે એમ કહી શકાય. તમિળનાડુના રાજકીય પક્ષો ચૂંટણીમાં વોશિંગ મશીન ,રેફ્રિજરેટર, કુકર, વાસણોનો સેટ વગેરે આપતા થયા છે. વિજળી બીલ માફીની ઓફરની શરૂઆત આમ આદમી પાર્ટીએ કરી હતી.

તમિળનાડુમાં ડીએમકેની સરકાર હતી ત્યારે મહિલાઓના ખાતામાં દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. આવી રેવડી મોડી વહેલી જમા થતી હોય છે. તેમ છતાં ડીએમકે હારી ગયું અને અભિનેતા વિજયના નેતૃત્વવાળો નવો પક્ષ જીતી ગયો હતો. નવા પક્ષે પણ રેવડી કલ્ચરનો આશરો લીધો છે.

તમિળનાડુમાં તો સામાન્ય પંચાયતની ચૂંટણીમાં પણ સાડી-બંગડી- બ્યુટી કીટ જેવી ચીજો વહેંચવામાં આવે છે. લોકો પણ મફત મળતી ચીજોને આવકારે છે.

રાજકીય પક્ષોની કમનસીબી એ હોય છે કે રાજ્યમાં છાશવારે ચૂંટણી આવે છે. જેમકે વિધાનસભા પછી લોકસભા, કોર્પોરેશન, પંચાયત સ્તરની ચૂંટણીઓ આવતી હોઇ જો કોઇ રાજકીય પક્ષ પ્રોમીસ આપ્યા પછી ફરી જાય તો મતદારો તે પક્ષને બીજી ચૂંટણીમાં હરાવી દે છે. રાજકીય પક્ષે આપેલા પ્રોમીસ પ્રમાણેના પૈસા ખાતામાં ના જમા થાય તો પણ બીજાજ દિવસે તે ચર્ચાનો વિષય બની જાય છે.


રાજકીય પક્ષ પૈસા ક્યાંથી લાવશે તેની ચિંતા કરવા તે તૈયાર નથી હોતો. પરંતુ આર્થિક નિષ્ણાતો કહે છે કે સરકારની તિજોરી પર આવા રેવડી લાભો મોટો ભાર ઉભો કરે છે. મહિલાઓ અને બેરોજગારોને દરમહિને ભથ્થું આપવાની યોજના તેમને વધુ આળસુ બનાવી દે છે.

પરંતુ રાજકીય સત્તા રાજાશાહી સમાન હોય છે. રાજ્યના માથે વધતા દેવાની કોઇ ચિંતા નથી કરતું. કેન્દ્ર સરકાર પોતે અનાજ સસ્તાભાવે વિતરણ કરે છે તે પણ રેવડી કલ્ચરનો એક ભાગ છે. જ્યારે રેવડી કલ્ચર દરેક પક્ષ આપતા થયા ત્યારે એવી પણ રજૂઆત કરાઇ હતી કે જે પક્ષ રેવડીના મુદ્દાની જાહેરાત કરે તેના પૈસા તે પોતાના પક્ષ પાસેના ભંડોળમાંથી ચૂકવે. પરંતુ આ વાત સાથે કોઇ રાજકીય પક્ષ તૈયાર નહોતો. સરકારની પૈસા પક્ષની વાહવાહી ઉભી કરવાનો ધંધો રાજ્ય સરકારની તિજોરી ખાલી કરી નાખે છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્રીન હાઉસ ગેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન પણ વધી રહ્યું છે. તેની અસર યુરોપ ઉપર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. યુરોપ વર્તમાન સમયમાં અત્યંત ઝડપથી ગર્મ થનારો કોન્ટિનેન્ટ બની ગયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે અહીંયાનું ઋતુચક્ર સંપૂર્ણ રીતે બદલાઈ રહ્યું છે : સદીઓથી આ તમામ દેશો અને પ્રદેશો ઠંડા ગણાતા આવ્યા છે. તેના કારણે અહીંયા એસીની વ્યવસ્થા હોતી નથી. અહીંયા મકાનો, સ્કૂલો, ઓફિસો કે પછી મોટાભાગની ઈમારતોમાં એરકન્ડિશનનો અભાવ જોવા મળે છે. અહીંયા ક્યારેય તેની જરૂર પડી નહોતી

# હીટ ડોમ : બ્રિટનથી ફ્રાંસ સુધી સમગ્ર યુરોપ શેકાઈ રહ્યું છે!

## ગ્લોબલ વોર્મિંગે દુનિયાભરમાં ઋતુચક્રને ફેરવી કાઢ્યું છે, ખુશનુમા વાતવરણ માટે જાણીતા યુરોપમાં હાલ કાળઝાળ ગરમીથી જનજીવન ખોરવાયું છે




છેલ્લાં પાંચ વર્ષમાં એકાએક ગરમી વધવા લાગી છે. એસીની ગેરહાજરમાં અસહ્ય ગરમ થયેલા મકાનોમાં બંધ બારણે રહેવું જીવલેણ સાબિત થાય તેમ છે : ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે જ સ્થિતિ વણસી છે. યુરોપ એક એવો પ્રદેશ છે જ્યાં વસંત ઋતુ દરમિયાન સામાન્ય રીતે 18-20 ડિગ્રી તાપમાન રહેતું હતું. અહીંયા હવે સરેરાશ તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જાણકારો સ્પષ્ટ રીતે માને છે કે, જો કાર્બન ઉત્સર્જન ઉપર કાબુ નહીં કરવામાં આવે તો યુરોપની સ્થિતિ વધારે કફોડી થશે.

ભારતમાં તો આકાશ આગ ઓકી જ રહ્યું છે અને ચામડી બાળતી કાળઝાળ ગરમી પડી જ રહી છે પણ દુનિયાના બીજા દેશોની હાલત પણ એવી જ છે. તાજેતરમાં ફ્રાન્સ ખાતે રમાઈ રહેલી ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટમાં પણ ખેલાડીઓના હાલ બેહાલ થઈ ગયા છે. બ્રિટન, સ્પેન, પોર્ટુગલ, ઈટાલી, જર્મની, નેધરલેન્ડ અને ફ્રાન્સ સહિતના યુરોપના દેશો કે જે પોતાના ઠંડા અને ખુશનુમા વાતાવરણ માટે જાણીતા છે ત્યાં કાળઝાળ ગરમી પડવા લાગી છે. સામાન્ય રીતે યુરોપના દેશોમાં મે મહિના દરમિયાન ખુશનુમા વાતાવરણ હોય છે પણ આ વખતે અહીંયા સ્થિતિ ખરાબ છે. અહીંયા રેકોર્ડ તોડ ગરમી પડી રહી છે અને ભયાનક લૂ અને હીટવેવના કારણે હાહાકાર મચેલો છે.

પોતાની ઠંડક માટે અને ખાસ કરીને મે અને જૂન મહિનામાં ફરવા માટે સારા પર્યટન સ્થળ ગણાતા યુરોપના દેશોમાં છેલ્લાં કેટલાક સમયથી ગરમી પડી રહી છે. આ વખતે તો હાહાકાર મચી ગયો છે. ફ્રાન્સમાં તો હીટવેવની સ્થિતિ અત્યંત ભયાનક છે. અહીંયા ગરમીના કારણે સાત લોકોનાં મોત થયાના પણ અહેવાલો છે. આશ્ચર્યની વાત એ છે કે, અહીંયા જુલાઈના અંતમાં થોડી ગરમી પડે છે પણ આ વખતે તો મે મહિનામાં જ લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે. મે મહિનાના અંતમાં રેકોર્ડ બ્રેક ગરમી પડી છે.

જાણકારોના મતે યુરોપમાં આવી ગરમી પડવી તે ખરેખર ચિંતાજનક અને ભયજનક છે. યુરોપના વિવિધ દેશોમાં હોસ્પિટલો ઉભરાવા લાગી છે, ઈમર્જન્સી સેવાઓમાં સતત ફોન રણકી રહ્યા છે. લોકોને ડિહાઈડ્રેશન, હીટ સ્ટ્રોક, આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ થઈ રહી છે.

લંડનમાં તો ગરમીથી બચવા પાણીમાં પડેલા કેટલાક લોકો ડૂબી જવાની પણ ઘટનાઓ બની છે. આ ઉપરાંત ભયાનક ગરમીને પગલે લૂ લાગવાના પણ ઘણા કિસ્સા સામે આવ્યા છે. લંડનના જાણીતા ક્યૂ ગાર્ડન્સ વિસ્તારમાં તાપમાન ૩૬ ડિગ્રી સુધી જતું રહ્યુ છે. બીજી તરફ ફ્રાન્સના પણ દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોમાં પારે ૩૬ ડિગ્રીને પાર જતો રહ્યો છે. કેટલાક સ્થાનોએ તો પારો ૩૭ ડિગ્રીને પાર જતો રહ્યો છે. સૌથી ખરાબ હાલત સ્પેન અને પોર્ટુગલની છે. અહીંયા ગરમીને પારો ૪૦ ડિગ્રી પહોંચી ગયો છે. બ્રિટન અને ફ્રાન્સમાં ગરમીના કારણે ઘણા લોકોનાં મોત થયા છે.

જાણકારોના મતે આ વખતે મે મહિનમાં યુરોપમાં આટલી ભીષણ ગરમી પડવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. તેમાં વૈજ્ઞાનિક અને ભૌગોલિક કારણોનો મોટ ફાળો છે. તેમ છતાં આ વખતે સૌથી મોટું ફેક્ટર હીટ ડોમ બન્યું છે. આ વખતે યુરોપમાં ગત વર્ષોની સરખામણીએ વધારે આકરી ગરમી પડી છે, હીટવેવનું પ્રમાણ વધારે છે. હીટવેવ પ્રચંડ હોવા પાછળ સૌથી મોટું કારણ હીટ ડોમ છે. આ એક પર્યાવરણ સાથે સંકળાયેલી આકરી ઘટના છે.

સંશોધકો જણાવે છે કે, જ્યારે કોઈપણ વિસ્તારના વાતાવરણમાં હાઈ પ્રેશર સિસ્ટમ મજબૂત થઈ જાય છે તો તે જમીન ઉપરની ગરમ હવાને ઉપર ઉઠવા દેતી નથી. તેના કારણે ગરમ હવા એક જ જગ્યાએ અટકી જાય છે. ઉત્તર આફ્રિકાના સહારાના રણમાંથી જે ગરમ હવા યુરોપ તરફ આવે છે તે આ વખતે અટકી ગઈ છે. યુરોપમાં રહેલા હાઈ પ્રેશર સિસ્ટમને પગલે ગરમ હવા ત્યાં જ અટકી ગઈ અને યુરોપમાં હીટવેવનું આક્રમણ શરૂ થઈ ગયું. આ હાઈ પ્રેશર ગરમ હવાને વધારે નીચેની તરફ દબાવે છે અને તેના કારણે હવા વધારે ગરમ થાય છે અને પેલાય છે. તેના કારણે આકાશ એકદમ સાફ રહે છે અને આકરો સૂર્યપ્રકાશ નીચે ધરતી ઉપર આવે છે અને તાપમાનમાં તોતિંગ વધારો થાય છે.

આ હીટ ડોમની અસર એવી થઈ છે કે, બ્રિટનમાં ૩૭ ડિગ્રી સુધી તાપમાન ગયું છે. ફ્રાન્સમાં ૩૯ ડિગ્રી અને સ્પેન તથા પોર્ટુગલમાં ગરમી ૪૦ને પાર જતીરહી છે. યુરોપના ૪૦૦થી વધુ શહેરોમાં ગુરુવાર મે મહિનાનો સૌથી ગરમ દિવસ નોંધાયો છે. જાણકારો આ હીટ વેવને યુરોપના ઈતિહાસની સૌથી ગંભીર અને વહેલી આવેલી આપત્તી ગણાવે છે. અહીંયા જુલાઈમાં ઉનાળો આવે ત્યારે આવી ગરમી પડતી હોય છે પણ આ વખતે મે મહિનામાં જ સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. ફ્રાન્સમાં તો કેટલાક શાળા-કોલેજોમાં અભ્યાસ અટકાવવામાં આવ્યો છે. તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી તરફ ઘણી સ્કૂલ અને કોલેજોના ટાઈમટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઘણા દેશોમાં રેલવે ટ્રેક ગરમ ન થઈ જાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે તો ક્યાંક રસ્તા પરનો ડામર ઓગળીને નરમ પડી ગયો હોવાની ઘટનાઓ બની છે.

વૈજ્ઞાનિકો અને જાણકારો સ્પષ્ટ માને છે કે, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે જ યુરોપમાં આ સ્થિતિ સર્જાયેલી છે. યુરોપ એક એવો પ્રદેશ છે જ્યાં વસંત ઋતુ દરમિયાન સામાન્ય રીતે ૧૮-૨૦ ડિગ્રી તાપમાન રહેતું હતું. અહીંયા હવે સરેરાશ તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ ખરેખર આશ્ચર્યજનક અને ચિંતાજનક ઘટના છે. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે યુરોપમાં હીટવેવની તીવ્રતા અને લંબાઈ બંને વધ્યા છે. હીટવેવની અસર હેઠળના દિવસોમાં વધારો થતાં ચારે તરફ હાહાકાર મચેલો છે. સ્થિતિ એવી થઈ છે કે, આકરી ગરમી હવે મે મહિનાથી જ પડવા લાગી છે.

ઉલ્લેખનીય છે કે, ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્રીન હાઉસ ગેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન પણ વધી રહ્યું છે. તેની અસર યુરોપ ઉપર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. યુરોપ વર્તમાન સમયમાં અત્યંત ઝડપથી ગર્મ થનારો કોન્ટિનેન્ટ બની ગયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે અહીંયાનું ઋતુચક્ર સંપૂર્ણ રીતે બદલાઈ રહ્યું છે. ભારત અને એશિયાના અન્ય દેશોમાં જે ગરમી પડે છે તે તો આકરી છે જ પણ બગ્લોબલ વોર્મિંગના કારણે ઠંડા પ્રદેશ ગણાતા યુરોપના દેશો ગરમ થઈ રહ્યા છે અત્યંત ચિંતાજનક છે.

યુરોપ એક એવું સ્થાન છે જ્યાં ગરમી પડે તો પણ દિવસ દરમિયાન પડતી હતી. અહીંયા મોટાભાગે રાત્રે વાતાવરણ ઠંડુ થઈ જતું હતું. તેના કારણે લોકોને રાહત મળતી હતી.

હવે સ્થિતિ એવી થઈ છે કે, યુરોપના કેટલાક દેશોમાં અને ખાસ કરીને બ્રિટન અને ફ્રાન્સમાં શહેરોમાં રાત્રિનું તાપમાન ઘટતું નથી. અહીંયા ટ્રોપિકલ નાઈટ્સની સ્થિતિ ઊભી થયેલી છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે, અહીંયા રાત્રીનું તાપમાન પણ ૨૦ ડિગ્રીની ઉપર રહે છે.

અહીંયા હીટ ડોમના કારણે નીચે અત્યંત ગરમી ઊભી થઈ છે અને બીજી તરફ હવાની ગતિ બિલકુલ અટકી ગઈ છે. તેની અસર હવે રાતના સમયે પણ જોવા મળે છે. તેના કારણે રાત્રે પણ ઉકળાટ રહે છે અને ગરમીમાં ઘટાડો થતો નથી. તેના પગલે વાતાવરણમાં અત્યંત ઉકળાટ રહે છે અને હીટ સ્ટ્રેસ વધી ગયો છે.

યુરોપના ઘણા દેશોમાં ગરમીના સ્થિતિ જોતા રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બ્રિટનની જ વાત કરીએ તો અહીંયા લંડન સહિન ઘણા શહેરોમા તાપમાન ૩૫ ડિગ્રીને વટી ગયું છે. જે અહીંયાના સરેરાશ તાપમાન કરતા ૧૨ થી ૧૫ ડિગ્રી વધારે છે.

અહીંયા અંડરગ્રાઉન્ટ ટ્રેનમાં પણ બફારો અને ગરમી અસહ્ય રીતે વધ્યા છે. બીજી તરફ ફ્રાન્સમાં પણ સામાન્ય કરતા ૧૫ ડિગ્રી તાપમાન વધી જવાના કારણે સ્થિતિ ખરાબ થઈ છે. અહીંયા તાપમાન ૩૭ ડિગ્રી સુધી પહોંચ્યું છે. ગરમી એટલી અસહ્ય છે કે, ઘણા જાહેર આયોજનો, રમત-ગમતની સ્પર્ધાઓ રદ કરવામાં આવી છે. ફ્રેન્ચ ઓપનમાં પણ ખેલાડીઓની હાલત ખરાબ થયેલી છે. ડિલિવરી ડ્રાઈવર્સ અને કન્સ્ટ્રક્શન વર્કર્સને બપોરના સમયે કામ નહીં કરવાની અને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. ઈટાલીમાં પણ ૩૩ ડિગ્રી અને સ્પેનમાં ૪૦ ડિગ્રી ગરમી પહોંચી ગઈ છે. ત્યાં જંગલોમાં આગ લાગવાનો પણ ભય રહેલો છે. તેના કારણે કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરવામાં આવ્યા છે. અહીંયા દિવસ અને રાત બંને સમયે તાપમાન વધારે રહેતા પ્રજા ત્રસ્ત થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, યુરોપના દેશોમાં શરૂઆતના સમયમાં જ હીટવેવની સ્થિતિ આવી જતાં લોકો અને તંત્ર બધા જ પરેશાન છે. યુરોપના દેશો અને પશ્ચિમી દેશોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ એવું નથી કે ત્યાં આટલી બધી ગરમી પડે તો સહન કરી શકાય. સદીઓથી આ તમામ દેશો અને પ્રદેશો ઠંડા ગણાતા આવ્યા છે. તેના કારણે અહીંયા એસીની વ્યવસ્થા હોતી નથી. અહીંયા મકાનો, સ્કૂલો, ઓફિસો કે પછી મોટાભાગની ઈમારતોમાં એરકન્ડિશનનો અભાવ જોવા મળે છે. અહીંયા ક્યારેય તેની જરૂર પડી નહોતી.

હવે છેલ્લાં પાંચ વર્ષમાં એકાએક ગરમી વધવા લાગી છે. એસીની ગેરહાજરમાં અસહ્ય ગરમ થયેલા મકાનોમાં બંધ બારણે રહેવું જીવલેણ સાબિત થાય તેમ છે. જાણકારો સ્પષ્ટ રીતે માને છે કે, જો કાર્બનઉત્સર્જન ઉપર કાબુ નહીં કરવામાં આવે તો યુરોપની સ્થિતિ વધારે કફોડી થશે. આગામી વર્ષોમાં માત્ર ઉનાળામાં જ નહીં પણ બારે મહિના યુરોપના દેશોમાં ગરમ હવામાન રહેવા લાગશે.

# 31/5 વિશ્વ તમાકુ નિષેધ દિન! પણ યુવાનો ક્યારે ખુદને વ્યસનને હવાલે કરવાનું બંધ કરશે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ઈઝરાયેલ અને ઈરાન તેમજ યુક્રેન અને રશિયા સાથેનાં યુદ્ધનો અંત આવ્યો નથી, અને કોણ જાણે કેટલાંયનાં જીવ જશે! તો કેન્યામાં ઓચિંતી આગ ફાટી નીકળી અને 16 વિદ્યાર્થીનીઓ મૃત્યુ પામી! ઉપરાંત અત્યારે જે રીતે તાપમાનનો પારો ઉંચો ચડે છે, એ પ્રકૃતિનું બંડ પણ જોખમી! ચોમાસામાં અતિ વૃષ્ટિ, અથવા અકાલ! શિયાળામાં વિદેશમાં બરફના તોફાન! પાછાં વિશ્વમાં ઈબોલા વાઈરસની એન્ટ્રી નાં સમાચાર પણ છે, એટલે આમ ક્યાંક વેર વશ, ક્યાંક કુદરતી કોપ, તો ક્યાંક અકસ્માત, તો રોગવશ, આમ મૃત્યુ ચારેકોરથી માનવીનો પીછો કરી રહ્યું છે. તોય માનવી બહારનાં દુશ્મનોથી પોતાની જાતનું રક્ષણ કરી શકે! કે ભાઈ યુદ્ધના સ્થળે ન જવું, અકસ્માત થાય નહીં એની કાળજી રાખવી, રોગ માટે પણ દવા દ્વારા જાતને બચાવવી! પરંતુ માનવી ખુદ જ્યારે ખુદનો દુશ્મન બને ત્યારે કેમ બચી શકે! આજકાલની જનરેશન જે રીતે તમાકુ, સિગારેટ, ડ્રગ્સ, અને દારુનો ઉપયોગ કરે છે! એનાથી આજની પેઢીની આવતીકાલ બહુ ભયંકર દેખાય છે! આજે 31/5 એટલે કે વિશ્વ તમાકુ નિષેધ દિન છે, એને ઉજવવાનું કારણ, ખાસ કરીને યુવા પેઢી આ તમાકુ જેવા વ્યસન થી દૂર રહીને, પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે.

1987 માં 'ડબલ્યુ એચ ઓ' એટલે કે વિશ્વ આરોગ્ય સંસ્થાનાં સભ્ય રાષ્ટ્રો દ્વારા તમાકુ નિષેધ દિન ઉજવવાનું શરૂ થયું! આ દિવસ ઉજવવા પાછળ તમાકુ અને તેની નકારાત્મક અસરથી યુવા પેઢીને બચાવવાનું, તેમજ તમાકુનું સેવન કરનારા માટે તેનાથી થતાં રોગો અને કેન્સર જેવા જીવલેણ રોગથી બચી શકાય છે! એ વિશે જાગૃત કરવાનું છે. તમાકુ નિષેધ દિનની ઉજવણી અને તેના થકી ચાલતી જાગૃતિ ઝુંબેશની સકારાત્મક અસરને કારણે વૈશ્વિક તમાકુનો વપરાશ ઘટી ગયો છે. પરંતુ 2000 થી 2025 સુધીમાં તમાકુનું ઉત્પાદન અને વપરાશમાં ઘણું પરિવર્તન જોવા મળ્યું છે! વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વે મુજબ પહેલાં પ્રૌઢ લોકો જ તમાકુનું સેવન કરતાં હતાં, જેનો વપરાશ 33% હતો, જે આજે ઘટીને હવે 19 થી 20% જેટલો છે, એક તૃતિયાંશ જેટલો ઘટાડો નોંધાયો છે.આ ઘટાડો ગંભીર રોગ પ્રત્યે આરોગ્ય જાગૃતિ, ઉપરાંત બસ, ટ્રેન, પ્લેન, ઉપરાંત ઘણી જાહેર જગ્યાએ સ્મોકિંગ પર પ્રતિબંધ, આવી પ્રોડક્ટ પર દિવસે વધતાં ટેક્સ, તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા વ્યસન મુક્તિ કેન્દ્ર અને તેની સેવાનું કારણ મુખ્ય છે.પરંતુ બીજું તારણ એ પણ છે કે વિશ્વની વસ્તી દિન પ્રતિદિન વધતી જાય છે, એ હિસાબે કુલ વપરાશકર્તાઓ હજુ પણ લગભગ 1.3 અબજ લોકો તમાકુ વાપરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં સર્વે મુજબ લગભગ 80% લોકો નીચી અને મધ્યમ આવકવાળા છે.એશિયા અને આફ્રિકામાં તમાકુનાં હજુ પણ મોટા બજારો છે. ઉત્પાદનની રીતે જોઈએ તો વૈશ્વિક કાચા તમાકુનું ઉત્પાદન 2013 પછી સતત ઘટ્યું, 2013, 7.5 મિલિયન ટન, જ્યારે 2023 માં 6 મિલિયન ટન, એટલે કે લગભગ 20% ઘટાડો થયો. ચીન અને ભારત તમાકુનાં ઉત્પાદક અને વપરાશનાં સૌથી મોટા ક્ષેત્ર રહ્યાં.

તમાકુની મુખ્ય પ્રોડક્ટ સિગારેટ છે,અને દુનિયાનાં લગભગ અડધા ઉપરનાં લોકો સિગારેટ વાપરે છે, દર વર્ષે 2.4 ટ્રિલિયન સિગારેટ વેચાય છે. આ ઉપરાંત ગુટકા,ખૈની, બીડી અને ચ્વિંગમ ટોબેકોનો, તેમજ ધૂમાડા રહિત સિગારેટનો વપરાશ પણ વધ્યો છે, અને ઈ સિગારેટનું ચલણ વિદ્યાર્થીઓમાં વધતું જાય છે! વિશ્વમાં 100 મિલિયન ઉપર લોકો ઈ સિગારેટનો ઉપયોગ કરે છે, જે જોખમ કારક છે.

તમાકુ શરીરનાં લગભગ દરેક અંગને નુકસાન પહોંચાડે છે. તમાકુથી થતા મુખ્ય રોગોમાં કેન્સર મુખ્ય છે. ખાસ કરીને ફેફસાંનું કેન્સર, મોઢાનું કેન્સર, ગળાનું કેન્સર, જીભ અને હોઠનું કેન્સર ખોરાકની નળીનું કેન્સર, મૂત્રાશયનું કેન્સર. ભારતમાં ગુટકા અને ચ્વિંગમથી મોઢાનું કેન્સર વધુ થાય છે. આ ઉપરાંત તમાકુ રક્ત નળીઓ સંકોચે છે,બ્લડ પ્રેશર વધારે છે,હાર્ટ એટેકનું જોખમ વધારે છે. બ્લડ ક્લોટ વધે છે. સ્મોકિંગ થી ફેફસાંનાં રોગ, જેમાં અસ્થમાનું પ્રમાણ ઘણું વધી ગયું છે, એટલે કે સતત ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ,છાતીમાં ભાર. તમાકુ ચાવવાથી દાંત પીળા પડે, મોઢામાં ચાંદા પડવા, મસૂડા ખરાબ થાય, મોઢું ઓછું ખૂલવું, આગળ જઈને કેન્સર બની શકે. ગર્ભવતી સ્ત્રી તમાકુનું સેવન કરે તો બાળકનું વજન ઓછું થાય.સમય પહેલાં જન્મ ,અથવા ગર્ભપાત, બાળકના ફેફસાં નબળા રહે. ડાયાબિટીસનું જોખમ વધારે છે, શરીરની રુઝાવાની પ્રક્રિયા ધીમી કરે છે, અને સ્વાસ્થ્ય શક્તિ ઘટાડે છે. દર વર્ષે લગભગ 80 લાખ લોકો તમાકુ સંબંધિત કારણોથી મૃત્યુ પામે છે. આ વિશ્લેષણ બતાવે છે કે, તમાકુ આવાં અનેક જીવલેણ રોગોનું મુખ્ય કારણ છે. એટલે તમાકુનો કોઈપણ પ્રકારનો ઉપયોગ કરવો નહીં.

પરંતુ તમાકુ કે કોઈપણ પ્રકારનું વ્યસન આખરે માનવી કરે છે શું કામ? પહેલાં રાજાઓ અથવા જમીનદારને શોખ માટે હુક્કો અથવા ચલમનું વ્યસન હતું! એમાં પણ આમન્યા જેવું હતુ બાપ ની સામે દિકરો હુક્કો કે ચલમ પીવે નહીં! જ્યારે સામાન્ય શ્રમજીવી વયસ્ક બીડી કે ગુટકાનું વ્યસન કરતાં! પરંતુ આજે સિગારેટ કે અન્ય વ્યસન, ફેશન કે સ્ટેટ્સ બની ગયું છે, અથવા તો સતત સ્પર્ધાને લીધે ડિપ્રેશનનો શિકાર બનેલાં વ્યસન કરે છે, કે કદાચ સાતમા આસમાનની ફેન્ટસી થાય છે કે નહીં એ માટે! હકીકતમાં તમાકુ કે અને ડ્રગ્સ જ્ઞાનતંતુઓને ઉત્તેજીત કરનાર હોય છે, પણ વારંવાર ઉપયોગ થાય તો પછી જ્ઞાનતંતુઓ શિથિલ થવાની શક્યતા પણ રહે છે. આટલાં ગંભીર રોગ થતાં હોવા છતાં, પ્રોડક્ટનાં પેકિંગ પર સાવ નાનાં અક્ષરે ચેતવણી લખી હોય છે! એ તંત્રની ખામી કહેવાય. પણ આશ્ચર્ય તો ત્યાં છે કે, આજનો સાક્ષર અને બૌદ્ધિક સમાજ છતાં પણ એનો બેફામ ઉપયોગ કરે છે. પુરુષોની બરોબરી કરવાં નીકળેલી સ્ત્રીઓ પણ વ્યસની થતી જાય છે. બીજું એક કારણ એ પણ હોય શકે, કે આજે જીવનનો કોઈ ભરોસો નથી, આવતીકાલે કદાચ ન હોઈએ, એટલે મોજ મજા કરી લેવી! એવું પણ બને.

# 31 મે વિશ્વ તમાકુ નિષેધ દિવસ-ધુમાડામાં ઓગળતા શ્વાસ બચાવવાનો સંકલ્પ દિવસ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

એક સળગતી સિગારેટ અનેક બુઝાતા જીવન

આજે ૩૧ મે એટલે કેલેન્ડરની તારીખ નહીં,પણ કરોડો શ્વાસોને બચાવવાનો સંકલ્પ દિવસ.વિશ્વ આરોગ્ય સંસ્થા WHO દ્વારા ૧૯૮૭માં શરૂ થયેલો 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' આજે વૈશ્વિક જન જાગૃતિનું સૌથી મોટું આંદોલન બની ગયો છે. એક તરફ તમાકુ કંપનીઓની ચમકદાર જાહેરાતો યુવાનોને લલચાવે છે, તો બીજી તરફ હોસ્પિટલના કેન્સર વોર્ડમાં રોજ હજારો પરિવારોની આશાઓ ધુમાડામાં રાખ થાય છે.આ દિવસ યાદ અપાવે છે કે તમાકુ માત્ર વ્યસન નથી, ધીમું ઝેર છે જે વ્યક્તિ,પરિવાર અને સમાજ ને અંદરથી ખોખલો કરી નાખે છે

*આંકડાઓનું કડવું સત્યWHO ના તાજા અહેવાલ મુજબ તમાકુ ના કારણે વિશ્વમાં દર વર્ષે ૧૮ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. તેમાં ૧૨ લાખ નિર્દોષ લોકો છે જેમણે ક્યારેય સિગારેટ હાથમાં પણ પકડી નથી, પણ 'પેસિવ સ્મોકિંગ' એટલે કે પરોક્ષ ધુમાડા નો ભોગ બન્યા છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧૩.૫ લાખ મૃત્યુ માત્ર તમાકુના કારણે થાય છે. એટલે કે દર ૨૪ સેકન્ડે એક ભારતીયનો જીવ જાય છે. ગુજરાતમાં મોઢાના કેન્સરના ૯૦% કેસ ગુટખા-માવા સાથે સીધા જોડાયેલા છે. સિગારેટમાં ૭૦૦૦થી વધુ રસાયણો હોય છે, જેમાંથી ૭૦ કેન્સરકારક છે. બીડી,ગુટખા,હુક્કો, ઈ-સિગારેટ - કોઈપણ સ્વરૂપ સુરક્ષિત નથી. તમાકુ હૃદયરોગ, સ્ટ્રોક, ફેફસાંનું કેન્સર, મોઢાનું કેન્સર અને ડાયાબિટીસનું જોખમ ૨ થી ૪ ગણું વધારી દે છે.

આ દિવસ કેમ મનાવીએ છીએ? ૧૯૮૭માં WHOના સભ્ય રાષ્ટ્રો એ નક્કી કર્યું કે તમાકુ એક રોગ ચાળો છે અને તેને અટકાવી શકાય છે.આથી ૩૧ મેના દિવસે પાંચ મુખ્ય મુદ્દાઓ પર દુનિયાનું ધ્યાન દોરવામાં આવે છે: જોખમોની જાણકારી,કંપનીઓ ની ચાલાકીનો પર્દાફાશ,WHO ની લડત, આપણી જવાબદારી અને ભાવિ પેઢીની સુરક્ષા. આ વર્ષે WHOની થીમ 'બાળકોને તમાકુ ઉદ્યોગની દખલગીરીથી બચાવો' છે, કારણ કે ૯માંથી ૧ વિદ્યાર્થી ૧૩ વર્ષની ઉંમર પહેલા તમાકુ ચાખી ચૂક્યો છે. 'લાઈટ સિગારેટ', 'ફ્લેવર્ડ હુક્કો', 'કૂલ માઉથ ફ્રેશનર' જેવા નામો આપી યુવાનો અને મહિલાઓને ટાર્ગેટ કરવામાં આવે છે.

*WHOની MPOWER વ્યૂહ રચના WHO એ

MPOWER પેકેજ બનાવ્યું છે: M-મોનિટર એટલે વ્યસન પર નજર, P-પ્રોટેક્ટ એટલે પરોક્ષ ધુમાડાથી બચાવ, O-ઓફર હેલ્પ એટલે છોડવા માટે મદદ,

W-વોર્ન એટલે જોખમોની ચેતવણી

E-એન્ફોર્સ બેન એટલે જાહેરાત પર પ્રતિબંધ,

R-રેઈઝ ટેક્સ એટલે ટેક્સ વધારવો. ભારતમાં કોટપા-૨૦૦૩ કાયદા હેઠળ જાહેર સ્થળોએ ધૂમ્રપાન પ્રતિબંધિત છે અને પેકેટ પર ૮૫% ચિત્રાત્મક ચેતવણી ફરજિયાત છે.

*છોડવાથી તરત થતા ફાયદા ઘણાને લાગે છે કે 'હવે મોડું થઈ ગયું'. પણ સત્ય એ છે કે છેલ્લી સિગારેટ બુઝાવ્યાના ૨૦ મિનિટ માં જ બ્લડ પ્રેશર સામાન્ય થવા લાગે છે. ૧૨ કલાકમાં લોહીમાં કાર્બન મોનોક્સાઇડનું સ્તર ઘટે. ૨ અઠવાડિયામાં ફેફસાંની કામગીરી સુધરે.૧ વર્ષમાં હૃદય રોગનો ખતરો અડધો થઈ જાય. ૧૦ વર્ષમાં ફેફસાંના કેન્સરનો ખતરો ધૂમ્રપાન ન કરનારા જેટલો થઈ જાય. એટલે છોડવા માટે ક્યારેય મોડું નથી હોતું.

*ગુજરાતની પહેલ અને પડકાર ગુજરાત સરકારે શાળાઓને 'તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા' જાહેર કરી છે. 108 હેલ્પલાઈન અને ટોલ-ફ્રી નંબર 1800-11- 2356 પર કાઉન્સેલિંગ મફત મળે છે. અમદાવાદ સિવિલ, રાજકોટ અને સુરતની સરકારી હોસ્પિટલોમાં ટોબેકો સેસન્શન ક્લિનિક ચાલે છે જ્યાં નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી મળે છે. છતાં પડકાર એ છે કે ગુટખા-માવાનું સેવન ગામડાં ઓમાં સામાન્ય બની ગયું છે.

ઉદ્યોગની દલીલ વિરુદ્ધ હકીકત દર ૩૧ મેએ તમાકુ કંપનીઓ 'ખેડૂતોની રોજગારી' અને 'સરકારની ટેક્સ આવક'ની દલીલ કરે છે. પણ આર્થિક અભ્યાસ કહે છે કે તમાકુથી થતા રોગોની સારવારનો ખર્ચ ટેક્સની આવક કરતા ૩ ગણો વધારે છે. એક ખેડૂત તમાકુને બદલે શાકભાજી કે કઠોળ વાવે તો જમીન અને સ્વાસ્થ્ય બંને સુધરે.*આપણે શું કરી શકીએ? પાંચ સંકલ્પ *ઘરથી શરૂઆત: પોતાના ઘરને ૧૦૦% તમાકુ મુક્ત જાહેર કરો.

*બોલો અને રોકો: જાહેરમાં કોઈ ધૂમ્રપાન કરતું દેખાય તો નમ્રતાથી કાયદાની યાદ અપાવો.

*યુવાનોને જોડો:સ્કૂલ-કોલેજ માં વક્તૃત્વ, પોસ્ટર, રીલ સ્પર્ધા યોજી 'કૂલ દેખાવા માટે ફેફસાં બાળવાની જરૂર નથી' સંદેશ ફેલાવો.

*વ્યસનમુક્તિ માટે મદદ: મિત્ર છોડવા માંગતા હોય તો ડોક્ટર પાસે લઈ જાઓ, ઠપકો ન આપો. છોડવાના ૭ પ્રયાસો સામાન્ય છે.

*સોશિયલ મીડિયા: ★કોમિટ ટુ ક્યાઈટ તમાકુંફ્રીગુજરાત હેશટેગ સાથે તમારી સ્ટોરી શેર કરો.

*ભાવિ પેઢીની જવાબદારી

આજે જે બાળક પિતાને સિગારેટ પીતા જુએ છે, તે કાલે પોતે વ્યસની બનવાની શક્યતા ૩ ગણી વધી જાય છે. આરોગ્ય એ આપણો મૂળભૂત અધિકાર છે. બાળકોની સામે ક્યારેય વ્યસન ન કરવું અને દુકાનદારોને સગીરવયના બાળકોને તમાકુ ન વેચવા વિનંતી કરવી એ દરેક નાગરિકની ફરજ છે.

### અસારવાની ઐતિહાસિક માતર ભવાની વાવના જીર્ણોદ્ધારનો પ્રારંભ, ASI દ્વારા રૂ. 50 લાખના ખર્ચે થશે સંરક્ષણ કાર્ય

# રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

### શહેરના મેયર હિતેશ બારોટ, અમદાવાદના સાંસદ દિનેશ મકવાણા, ડેપ્યુટી મેયર અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ, પક્ષના નેતા જશુ ઠાકોર તેમજ અસારવા અને શાહીબાગ વોર્ડના કોર્પોરેટરો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા





**અમદાવાદ, તા.30**

અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી અને રાષ્ટ્રીય સંરક્ષિત સ્મારક તરીકે ઓળખાતી ઐતિહાસિક માતર ભવાની વાવના સંરક્ષણ અને જીર્ણોદ્ધાર માટે ભારતીય પુરાતત્વ વિભાગ (ASI) દ્વારા રૂ. 50 લાખના ખર્ચે પુનઃસ્થાપન કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. થોડા મહિના અગાઉ વાવમાં તિરાડો પડવાના સમાચાર સામે આવ્યા બાદ રાજ્યના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ આ બાબતમાં અંગત રસ દાખવી ભારતીય પુરાતત્વ વિભાગને વાવના સંરક્ષણ અને જરૂરી મરામત કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી.

આ પહેલના અનુસંધાને ASI દ્વારા વાવના સંરક્ષણ અને ઐતિહાસિક વારસાના જતન માટે રૂ. 50 લાખના ખર્ચે જીર્ણોદ્ધાર કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરીના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન આજરોજ કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા મુખ્ય ઉપસ્થિતિમાં રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, અમદાવાદના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, પક્ષના નેતા શ્રી જશુભાઈ ઠાકોર તેમજ અસારવા અને શાહીબાગ વોર્ડના કોર્પોરેટરો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

માતર ભવાની વાવ અમદાવાદના મહત્વપૂર્ણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસામાં સ્થાન ધરાવે છે. વાવમાં તિરાડો પડવાના અહેવાલો સામે આવ્યા બાદ તેના અસ્તિત્વ અને સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. હવે ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા હાથ ધરાયેલી જીર્ણોદ્ધાર કામગીરીથી આ ઐતિહાસિક સ્મારકનું સંરક્ષણ સુનિશ્ચિત થશે અને ભાવિ પેઢીઓ માટે શહેરની આ અમૂલ્ય ધરોહર વધુ સુરક્ષિત રીતે જળવાઈ રહેશે.

સ્થાનિક નાગરિકો અને વારસાપ્રેમીઓએ પણ આ કામગીરીને આવકારતા જણાવ્યું હતું કે, માતર ભવાની વાવ જેવા ઐતિહાસિક સ્મારકોનું સંરક્ષણ શહેરની સાંસ્કૃતિક ઓળખ જાળવવા માટે અત્યંત જરૂરી છે. ASI દ્વારા શરૂ કરાયેલ રૂ. 50 લાખના જીર્ણોદ્ધાર પ્રોજેક્ટથી વાવની મૂળ ઐતિહાસિક રચના અને સ્થાપત્ય વૈભવને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ મદદ મળશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની નારાયણા હોસ્પિટલમાં રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ કરાવ્યો

**અમદાવાદ, તા.30**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નારાયણા હોસ્પિટલ, અમદાવાદના નવા રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો.

કેન્સરની સારવારને વધુ સુલભ અને અસરકારક બનાવવાની દિશામાં નારાયણ હોસ્પિટલે એક મહત્વપૂર્ણ કદમ ભર્યુ છે.

મુખ્યમંત્રીએ આ સેન્ટરની મુલાકાત લઈ ને હોસ્પિટલ દ્વારા અપાતી સેવાઓની માહિતી મેળવી હતી.

આ કેન્દ્ર 'હેલ્સિયન (Halcyon) રેડિયેશન થેરાપી સિસ્ટમ'થી સજ્જ છે અને આ સારવાર પદ્ધતિ ખાસ કરીને અદભુત ઝડપ અને ચોકસાઈ માટે જાણીતી છે.

કેન્સરના ટ્યુમરની આસપાસના તંદુરસ્ત કોષો (ટિશ્યુઝ) પર થતી આડઅસરને નહિવત કરીને હાઈ-પ્રિસિઝન, ઈમેજ-ગાઈડેડ સારવાર આ ટેક્નોલોજી દ્વારા પૂરી પાડવામાં આવશે.

આ નવા રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરના પ્રારંભ સાથે અમદાવાદની નારાયણા હોસ્પિટલમાં હવે મેડિકલ ઓન્કોલોજી, સર્જિકલ ઓન્કોલોજી અને રેડિયેશન ઓન્કોલોજી એમ ત્રણેય વિભાગો ઉપલબ્ધ થયા છે અને 'ઈન્ટિગ્રેટેડ કેન્સર કેર' સારવાર શક્ય બની છે.

એટલું જ નહિ, અમદાવાદ અને આસપાસના જિલ્લાના લોકોને હવે કેન્સરની સંપૂર્ણ સારવાર સરળતાએ એક જ સ્થળે થી મળી રહેશે.

આ વેળાએ નારાયણા હેલ્થના સ્થાપક અને ચેરમેન ડૉ. દેવી શેટ્ટી , ફેસિલિટી ડાયરેક્ટર હેમંત ભટનાગર, કન્સલ્ટન્ટ રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડૉ. તસ્નીમ નલવાલા તેમજ ગણમાન્ય તબીબો, આમંત્રિતો અને હોસ્પિટલના સેવાકર્મીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં 3 નવી સરકારી શાળાઓ શરૂ કરવા મળી વહીવટી મંજૂરી

**અમદાવાદ, તા.30**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ૧૦૦ ટકા નામાંકન અને ઝીરો ડ્રોપ આઉટના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના અભિયાનના ભાગરૂપે અમદાવાદ-ગ્રામ્ય જિલ્લાને બે નવી સરકારી માધ્યમિક અને એક નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની ભેટ મળી છે. સરકાર દ્વારા આ નવી શાળાઓ શરૂ કરવા માટેની વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઈ હેઠળ આ શાળાઓ તેમજ તેના મહેકમના પગાર-ભથ્થાં અને કચેરી ખર્ચ માટે કુલ રૂ. ૪.૪૩ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. સરકારના આ વલણથી ગ્રામીણ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહેશે.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં મંજૂર થયેલી આ નવી શાળાઓની વિગતો જોઈએ તો, દેત્રોજ તાલુકાના બામરોલી ગામ ખાતે નવી સરકારી માધ્યમિક શાળા અને દેત્રોજ તાલુકાના જ ચુવાળ ડાગરવા ગામ ખાતે પણ નવી સરકારી માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, ધોલેરા તાલુકાના ભડિયાદ ગામ ખાતે નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે. આમ, અમદાવાદ જિલ્લાને કુલ બે માધ્યમિક અને એક ઉચ્ચતર માધ્યમિક શાળા અર્પણ કરવામાં આવી છે.

આ ઐતિહાસિક નિર્ણય અંગે હર્ષની લાગણી વ્યક્ત કરતા અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી (DEO) ડો. બી. એન. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકારની આ પહેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ૧૦૦ ટકા નામાંકન અને ઝીરો ડ્રોપ આઉટના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના અભિયાનમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. ગ્રામીણ વિસ્તારોમાં નવી શાળાઓ શરૂ થવાથી અંતરિયાળ વિસ્તારના બાળકો, ખાસ કરીને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ખૂબ જ સરળતા રહેશે'

### વર્લ્ડ નો ટોબેકો ડે પર ગુજરાત સરકારનું સંકલ્પબદ્ધ પગલું: તમાકુ મુક્ત પેઢી તરફ પ્રયાણ

# તમાકુના ધુમાડામાં જીંદગીનો લય ન ગુમાવો:

## વ્યસન મુક્તિથી સ્વસ્થ જીવન તરફ કરો પ્રયાણ

**અમદાવાદ, તા.30**

વિશ્વમાં દર વર્ષે લાખો લોકો તમાકુના સેવનથી જીવ ગુમાવે છે. આ ગંભીર સમસ્યાને રોકવા માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં મક્કમ પગલાં લેવામાં આવી રહ્યા છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર કાયદાઓ ઘડવાનો જ નહીં, પરંતુ લોકોમાં જાગૃતિ લાવીને તેમને સ્વેચ્છાએ વ્યસન છોડવા માટે પ્રેરિત કરવાનો છે. ખાસ કરીને યુવાધન આ રવાડે ન ચઢે તે માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે ૩૧ મે ના 'વર્લ્ડ નો ટોબેકો ડે' પર વિશેષ અભિયાનો ચલાવવામાં આવે છે. જેમાં શાળાઓ અને કોલેજોની આસપાસ તમાકુના વેચાણ પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. સરકાર માને છે કે જો વિદ્યાર્થી અવસ્થામાં જ બાળકોને તમાકુના ગેરફાયદા સમજાવવામાં આવે, તો ભવિષ્યમાં એક તંદુરસ્ત સમાજનું નિર્માણ થઈ શકે છે. દર વર્ષે ૩૧ મે ના રોજ સમગ્ર વિશ્વમાં 'વર્લ્ડ નો ટોબેકો ડે' (વિશ્વ તમાકુ નિષેધ દિવસ) ઉજવવામાં આવે છે. આ પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાગરિકોને વ્યસનમુક્ત કરવા અને ખાસ કરીને યુવા પેઢીને તમાકુના જોખમોથી બચાવવા માટે અનેક સક્રિય પગલાં લેવામાં આવે છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 'વર્લ્ડ નો ટોબેકો ડે' નિમિત્તે રાજ્યવ્યાપી જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સરકારની મુખ્ય કામગીરીમાં 'યલો લાઈન' કેમ્પેઈન અંતર્ગત શાળાઓ અને કોલેજોની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુના વેચાણ પર પ્રતિબંધનો કડક અમલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા, નિબંધ લેખન અને શપથ ગ્રહણ જેવા કાર્યક્રમો યોજીને તેમને નાનપણથી જ વ્યસનથી દૂર રહેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. તમાકુ છોડવા ઈચ્છતા લોકો માટે ગુજરાત સરકારે રાજ્યની સિવિલ હોસ્પિટલો અને જિલ્લા કેન્દ્રો પર 'વ્યસન મુક્તિ કેન્દ્રો' શરૂ કર્યા છે. અહીં ડોક્ટરો અને કાઉન્સેલરો દ્વારા દર્દીઓને સમજાવવામાં આવે છે અને જરૂર પડ્યે મફત દવાઓ પણ આપવામાં આવે છે. આ એક એવી સુવિધા છે જે સામાન્ય માણસને વ્યસનની જાળમાંથી બહાર આવવામાં ઘણી મદદરૂપ થાય છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા, રેડિયો અને સમાચાર પત્રો દ્વારા પણ સતત સંદેશો આપવામાં આવે છે કે 'તમાકુ તમારા જીવનને રાખ કરી દે છે.' સરકાર દ્વારા વિવિધ ગામડાઓમાં શિબિરો યોજીને મોઢાના કેન્સરની તપાસ કરવામાં આવે છે, જેથી રોગને શરૂઆતના તબક્કે જ પકડી શકાય. આમ, કડક નિયમો અને પ્રેમભરી સમજાવટ - આ બંનેના સમન્વયથી ગુજરાત સરકાર 'વ્યસનમુક્ત ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરવા સતત મહેનત કરી રહી છે. ગુજરાત સરકાર માત્ર એક દિવસ પૂરતી જ નહીં, પરંતુ 'સ્વસ્થ ગુજરાત'ના લક્ષ્ય સાથે સતત કાર્યરત છે. સરકારના આ પ્રયાસોમાં જ્યારે નાગરિકોનો મક્કમ નિર્ધાર ભળે છે, ત્યારે જ રાજ્ય સાચા અર્થમાં વ્યસનમુક્ત બની શકે છે. સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો અધિનિયમ (COTPA-2003) હેઠળ જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી તેજ કરવામાં આવી છે. રાજ્યના વિવિધ જિલ્લા મથકોએ સરકારી હોસ્પિટલોમાં તમાકુ વ્યસન મુક્તિ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં નિષ્ણાત તબીબો દ્વારા કાઉન્સેલિંગ અને સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. આજના સમયમાં સોશિયલ મીડિયાની શક્તિનો ઉપયોગ કરીને ગુજરાત સરકાર તમાકુના જોખમો વિશે જન-જન સુધી સંદેશ પહોંચાડી રહી છે. જેમાં રેડિયો જીંગલ્સ, ટીવી જાહેરાતો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા 'તમાકુ છોડો, જીવન બચાવો'ના સંદેશાઓ પ્રસારિત કરવામાં આવે છે.

## અમદાવાદ ગ્રામ્ય આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ સેવનથી થતા નુકશાન અંગે જનજાગૃતિ અભિયાન યોજાયું

**અમદાવાદ, તા.30**

વિશ્વ તમાકુ નિષેધ દિવસ (31 મે) નિમિત્તે અમદાવાદ ગ્રામ્ય આરોગ્ય વિભાગ દ્વારા તમાકુના સેવનથી થતા ગંભીર શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન અંગે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શનમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, રોગચાળા નિયંત્રણ અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારીના સૂચન અનુસાર ગ્રામ્ય વિસ્તારોમાં આ જનજાગૃતિ અભિયાનનું આયોજન કરાયું હતું.

આ વર્ષની વૈશ્વિક થીમ "Unmasking the Appeal - Countering Nicotine and Tobacco Addiction" હેઠળ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે, જેમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જનજાગૃતિ રેલીઓ યોજાઈ. 'આકર્ષણનો ભેદ ઉઘાડો - નિકોટીન અને તમાકુની લત સામે લડત' ના સૂત્રો સાથે ગ્રામ્ય વિસ્તારોમાં રેલી યોજી લોકોને તમાકુ અને નિકોટીનના નુકશાન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે શૈક્ષણિક સંસ્થાઓની 100 મીટર ત્રિજ્યા પાન-મસાલા, તમાકુનું વેચાણ કરવું ગુનો છે તેની સૂચના પણ આપવામાં આવી હતી. દુકાનો વાળા પાસે 18 વર્ષથી નાના બાળકોને તમાકુનું વેચાણ કરતા નથી તેવા સ્ટીકર પણ લગાડવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ગ્રામીણ સ્તરે જૂથ/સામૂહિક ચર્ચાઓ અને પરામર્શ કરવામાં આવ્યું હતું. વધુમાં નાગરિકો અને યુવાનોને તમાકુ મુક્તિ માટેના પ્રતિજ્ઞા અભિયાનમાં પણ જોડવામાં આવ્યા હતા. આ પ્રકારની વિવિધ પ્રવૃતિઓથી નાગરિકોને સ્વસ્થ જીવનશૈલીની પ્રેરણા આપવામાં આવી હતી.

વધુમાં, અમદાવાદ ગ્રામ્ય આરોગ્ય વિભાગ દ્વારા COTPA કાયદા હેઠળ કડક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. COTPA (Cigarettes and Other Tobacco Products Act) અધિનિયમ હેઠળ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પાસેથી છેલ્લા સપ્તાહમાં જિલ્લામાં 25,000 કરતાં વધુનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના આંકડા અનુસાર, દર વર્ષે વિશ્વભરમાં 80 લાખથી વધુ લોકો તમાકુના કારણે જીવ ગુમાવે છે, જ્યારે ભારતમાં આ આંકડો આશરે 13 લાખ જેટલો ચિંતાજનક છે. તમાકુ અને નિકોટિનના સેવનથી કેન્સર, હૃદયરોગ, બ્રેઈન સ્ટ્રોક અને ફેફસાંના ગંભીર રોગો થવાનું જોખમ રહેલું છે.

# અનુમતી ભૂલી જાઓ, તેમને આપણી મરજી જાણવાની પણ પરવા નથી

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગર આપણે ક્યાં રહી ગયા હતા? માનવજાતનો વિનાશ સુધીનાં જોખમો ઊભાં કરી શકતાં ભમરાળા એઆઈની જરૂર જ ક્યાં હતી?

મૂળ મુદ્દા પર આવતાં પહેલાં હજુ બે દિવસ પહેલાંના સમાચાર પર ફરી એક વાર નજર ફેરવી લો: આવતાં ચાર વર્ષમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ૧.૮ કરોડ ભારતીયોની નોકરી ભરખી જાય એવી સંભાવના છે. વિશ્વભરમાં ટેકનોલોજીના ક્ષેત્રની કંપનીઓ દ્વારા ધડાધડ થતા લે-ઓફના ન્યુઝ હવે રુટિન બની ગયા છે. ૨૦૨૩ના પ્રારંભથી માંડીને આજ સુધીમાં ટેક કંપનીઓએ અંદાજે ૯ લાખ ૨૩ હજાર લોકોને નોકરી પરથી કાઢી મૂક્યા છે. નોકરી ઝૂંટવી લેવા માટે 'રી-સ્ટ્રક્ચરિંગ' કે 'ઈન્ક્રીઝ્ડ એફિશિયન્સી' જેવા રૂપાળા શબ્દો આગળ ધરવામાં આવે છે એટલે માત્ર ને માત્ર એઆઈને કારણે કેટલી નોકરીઓ ગઈ તેનો ચોક્કસ આંકડો જાણી શકાતો નથી, પણ તોય અંદાજ એવો છે કે છેલ્લાં ૩ વર્ષમાં દોઢથી અઢી લાખ નોકરીઓ એઆઈ નામનો ખલનાયક ખાઈ ગયો છે.

વિશેષજ્ઞો અને વિચારકો સતત આપણને ચેતવતા આવ્યા છે કે જો આર્ટિફિશિયલ સુપરઈન્ટેલિજન્સ (એએસઆઈ) મનુષ્યની બૌદ્ધિક ક્ષમતાઓને પાર કરી જશે તો તેના પર પછી માણસનો કોઈ અંકૂશ નહીં રહે. એઆઈ પોતાની ક્ષમતાને ધારદાર કરવા માટે ખુદને એટલી ત્વરાથી રી-ડિઝાઈન કરતું જશે કે માણસને તે સમજાશે જ નહીં. સૌથી મોટો ખતરો શું છે તે પણ આપણે જાણીએ છીએ. શક્તિશાળી આતંકવાદી સંગઠનો અને દુષ્ટ રાષ્ટ્રો એઆઈનો ઉપયોગ કરીને કલ્પી ન શકાય એવો ભયાનક વિનાશ વેરી શકે છે અને લાખો-કરોડો મનુષ્યો તેમજ પશુપંખીઓનો ખાત્મો બોલાવી શકે છે.

આ તમામ સંભાવનાઓ, આ બધી જ વાતો જગજાહેર છે. દુનિયાભરની સરકારો, કે જેના હાથમાં સત્તા અને શક્તિ બન્ને છે, તે આ સઘળું જાણે જ છે. સવાલ એ છે કે આટલી પ્રચંડ નકારાત્મક તાકાત ધરાવતા એઆઈને રેગ્યુલેટ કરવા, તેને અંકુશમાં આણવા સરકારો કશું કરતી કેમ નથી? અત્યારે તો એવું ચિત્ર ઊભું થાય છે કે ઓપનએઆઈ (સેમ ઓલ્ટમેન), એન્થ્રોપિક (ડેરિયો એમોડાઇ), ગૂગલ ડીપમાઈન્ડ (ડેમિસ હેસાબીસ), એક્સએઆઈ (ઈલોન મસ્ક), માઈક્રોસોફ્ટ (સત્યા નડેલા), મેટા (માર્ક ઝકરબર્ગ) અને એનવિડીયા (જેન્સન હુઆંગ) જેવી મુઠ્ઠીભર કંપનીઓ અને તેમના ડિસીઝન મેકર્સ વડાઓ (એમનાં નામ કૌંસમાં લખ્યાં છે) ઊંધું ઘાલીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને તેની ઈકોસિસ્ટમને ડેવલપ કરતા જાય છે અને આપણે સૌ મોઢું વકાસીને એમને તાકી રહ્યા છીએ. જાણે કે સમગ્ર માણસજાતનું ભવિષ્ય 'મેગ્નિફિસન્ટ સેવન' તરીકે ઓળખાતા આ સાત માણસોએ પોતાની મુઠ્ઠીમાં કબ્જે કરી લીધું છે.

ફરી એ જ સવાલ: જ્યારે કરોડો લોકોના જીવન દાવ પર લાગેલા હોય, જ્યારે મામલો માણસો સિવાયની જીવસૃષ્ટિનો પણ હોય ત્યારે એઆઈ નામનો ખતરનાક ઘોડો તબેલાનાં તાળાં તોડીને નાસી જાય તે પહેલાં સરકારો તેના પર સખ્તાઈથી લગામ કેમ કસતી નથી? ઊલટાનું, અમેરિકા આક્રમક રીતે મિલિટરી ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ વગેરેમાં એઆઈનો ઉપયોગ કરી રહ્યું છે. ચીન એઆઈને એક સ્ટ્રેટેજિક નેશનલ પ્રાયોરિટી તરીકે જોઈ રહ્યું છે. યુરોપ આ મામલામાં પ્રમાણમાં ગણી ગણીને પગલાં ભરી રહ્યું છે. સાવ એવું નથી કે એઆઈની કૂચકદમ પર સરકારોનું નિયંત્રણ શૂન્ય છે, પણ હકીકત એ છે કે એઆઈને જે ચોક્સાઈથી રેગ્યુલેટ કરવું જોઈએ એવું સરકારો દ્વારા થઈ રહ્યું નથી.

ભારાડી એઆઈ સિસ્ટમ્સ સામે માણસજાત લાચાર થઈ જવાની હોય ત્યારે ભોળા મનમાં આવા



સવાલ જરૂર ઊભા થાય: એઆઈ વગર આપણે ક્યાં રહી ગયા હતા? આવા ભમરાળા એઆઈની જરૂર જ ક્યાં હતી? માણસજાતે સાયન્સ અને ટેકનોલોજીમાં ઓલરેડી જે ગજબનાક વિકાસ કરી નાખ્યો છે તે શું ઓછો હતો? તેના જોરે આપણે સુખ-શાંતિથી જીવતાં જ હતા ને? તો પછી આ એઆઈ નામનું નવું સળગતું લાકડું હાથમાં લેવાની જરૂર જ ક્યાં હતી? પેલા મુઠ્ઠીભર ટેક તીરમારખાંઓને અને એમનાં સાહસ કે દુ:સાહસમાં પૈસા રોકનારા વન્ચર કેપિટલિસ્ટોને આપણા જીવતર સાથે ચેડાં કરવાનો હક કોણે આપી દીધો?

આ સવાલનો સીધો જવાબ છે - માર્કેટ. જ્યાં ટેકનોલોજી અવિરત તાંડવ કરે છે એવી અમેરિકાની સિલિકોન વેલીમાં એક જ સિદ્ધાંત કામ કરે છે - ઝપાટાબંધ આગળ વધો અને જૂની સિસ્ટમના ભાંગીને ભૂક્કો કરતા જાઓ! જોકે આ કંઈ નવું નથી. લોકશાહી ધરાવતા મૂડીવાદી દેશોમાં નવી ટેકનોલોજીનો તૈયાર કરતી વખતે આગોતરી ચકાસણી કરવાની પ્રથા જ નથી. જો તમારી પાસે મૂડી હોય અને કમ્પ્યુટેશનલ પાવર હોય તો તમને નવી ટેકનોલોજી વિકસાવવાનો 'અધિકાર' આપોઆપ મળી જાય છે. આ એકવીસમી સદીનું માર્કેટ-ડ્રિવન સત્ય છે! ઓપનએઆઈ, એન્થ્રોપિક, માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી કંપનીઓનું બજેટ અને ટેકનોલોજીકલ માળખું કોઈ નાના દેશની બરાબરી કરે તેવાં હોય છે. આ કંપનીના વડાઓ કંઈ જનતાએ થોડા ચૂંટેલા છે? છતાંય તેઓ બિન્ધાસ્ત નક્કી કરી રહ્યા છે કે ભવિષ્યમાં માણસો કઈ રીતે જીવશે ને કેવી રીતે કામ કરશે!

એઆઈને આજની તારીખે એક અનિવાર્ય અનિષ્ટ તરીકે સૌએ મને-કમને સ્વીકારી લીધું છે. ખાસ કરીને અમેરિકા અને ચીન એઆઈને માત્ર એક પ્રોડક્ટ તરીકે નહીં, પણ રાષ્ટ્રીય સુરક્ષાના ભાગ તરીકે જુએ છે. નીતિ ઘડનારાઓમાં એવો ડર છે કે જો તેઓ પોતાના દેશની એઆઈ કંપનીઓ પર વધુ નિયમો લાદશે, તો કોઈ બીજો હરીફ દેશ ટેકનોલોજીમાં આગળ નીકળી જશે! ટેકનોલોજી પર મોનોપોલી ધરાવતા તીરમારખાંઓ પાસે સરકાર પર દબાણ લાવવાની મોટી તાકાત હોય છે. સરકાર જ્યાં સુધી આ ટેકનોલોજીને સમજીને તેને સંબંધિત કાયદો ઘડે, ત્યાં સુધીમાં તો ટેકનોલોજી દે-માર કરતી ક્યાંની ક્યાં આગળ નીકળી ગઈ હોય છે.

એઆઈ, અથવા કહો કે કોઈ પણ પાવરફુલ ટેકનોલોજી, એક એવી લોહિયાળ તલવાર છે, જે વાંદરાના હાથમાં જવી ન જોઈએ! દુર્ભાગ્યે એવું જ થઈ રહ્યું છે. માણસ હકીકતમાં તો જંગલમાંથી તાજું તાજું બહાર નીકળેલું જાનવર જ છે. એનામાં કંઈ આધ્યાત્મિક ઊંચાઈ આવી નથી. ભીતરથી એની વૃત્તિઓ હજુય પાષાણયુગના પ્રાણી જેવી જ છે, પણ એ જાણે ભગવાન બની ગયો હોય તેવો ફાંકો રાખીને એક પછી એક શક્તિશાળી ટેકનોલોજી બનાવતો જ જાય છે. જાનવર જેવી વૃત્તિ અને સર્જનહાર જેવો ઘમંડ - અતિ ખરાબ કોમ્બિનેશન છે આ! એઆઈનો હેતુ તો માત્ર કાર્યક્ષમતા અને ઝડપ વધારવાનો છે. મનુષ્ય તરીકેની ગરિમા, સંસ્કૃતિ, કળા ઈત્યાદિ કંઈ ગણતરીપૂર્વકના જડ નિયમો કે આલ્ગોરિધમમાં બંધાઈ ન શકે.

અગાઉ કહ્યું તેમ, એઆઈ વગર પણ માનવજાત સારી રીતે જીવતી જ હતી, પણ સિલિકોન વેલી (એટલે કે ટોચની ટેકનોલોજી કંપનીઓ) એવી મહામાયા છે, જે પહેલાં એક સોલ્યુશન બનાવે છે, અને પછી આક્રમક રીતે એવી સમસ્યાઓ ઊભી કરે છે જેનો ઉકેલ તે પોતે જ લાવી શકે!

મૅરી શેલી નામનાં નવલકથાકાર છેક ૧૮૧૮માં 'ફ્રેન્કન્સ્ટાઈન' નામની અમર નવલકથા લખી હતી. તેના પરથી કંઈકેટલીય ફિલ્મો વગેરે બની ચૂક્યાં છે. આ કંઈ માત્ર એક રાક્ષસની કથા નથી, આ નવલકથાનો કેન્દ્રીય મુદ્દો સર્જકનો અહંકાર છે. એક એવો સર્જક, જેણે પોતાની રચના પરથી કાબૂ ગુમાવી દીધો છે ને પછી એ તેને છોડી મૂકે છે. એઆઈ પણ માણસે ઘડેલો ફ્રેન્કસ્ટાઈન યા તો ભસ્માસૂર જ છે. આજે આપણે જેમને એઆઈનાં મોટાં માથાંઓ કહીએ છીએ (સેમ ઓલ્ટમેન, ઈલોન મસ્ક વગેરે) એમણે ૨૦૨૩ના મે મહિનામાં 'એક્સટિંક્શન સ્ટેટમેન્ટ' (માનવજાત નાશ પામવાનાં જોખમો) નામનું નિવેદન બહાર પાડ્યું હતું ને નીચે મોટા ઉપાડે સહીઓ કરી હતી. તેમાં એમણે અરજ કરી હતી કે એઆઈ સિસ્ટમ્સને ટ્રેનિંગ આપવાની પ્રક્રિયા પર તાત્કાલિક બ્રેક મારી દો, નહીં તો અનર્થ થઈ શકે છે. વક્રતા જુઓ. આજે આ જ મોટાં માથાં આ જ ટેકનોલોજી વિકસાવવા માટે અબજો રૂપિયાનું ફંડ ભેગું કરી રહ્યા છે!

આપણને ખબર પણ નથી ને આપણે ગણ્યાગાંઠ્યા ટેક અબજોપતિઓની માલિકીના પ્લેટફોર્મ્સના ગુલામ કે મજૂર બની રહ્યા છીએ. આપણી અનુમતી તો શું, આપણી મરજી સુધ્ધાં જાણ્યા વિના આંગળીના વેઢે ગણાય એટલા આ લોકો એવા નિર્ણયો લઈ રહ્યા છે જે આખી માનવજાતના ભવિષ્યની દિશા બદલી નાખશે!

# સદીનો હીરો કે કિસ્મતનો વિલન? જાણો કેમ વૈભવ સૂર્યવંશી બન્યો IPLનો સૌથી અનલકી પ્લેયર



**નવી દિલ્હી, તા.30**

વૈભવ સૂર્યવંશી ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ના ઈતિહાસમાં ભારતનો સૌથી કમનસીબ ખેલાડી હોય એવી ચર્ચા છે. પ્લેઓફના રોમાંચક મુકાબલા બાદ ક્રિકેટ ફેન્સ અને દિગ્ગજોનો જવાબને કારણે તેને આ કમનસીબ ખેલાડી માનવામાં આવી રહ્યો છે. IPL 2026ની ક્વોલિફાયર-2 મેચમાં ગુજરાત ટાઈટન્સ વિરુદ્ધ રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સના આ યુવા ઓપનિંગ બેટ્સમેને ફરી એકવાર શાનદાર બેટિંગ કરી, પરંતુ સદીની સાવ નજીક પહોંચીને આઉટ થતાં જ આખું સ્ટેડિયમ સ્તબ્ધ થઈ ગયું હતું. વૈભવ આ મેચમાં માત્ર 4 રન માટે પોતાની સદી ચૂક્યો હતો અને 96 રનના વ્યક્તિગત સ્કોર પર પેવેલિયન પરત ફર્યો હતો.

રસપ્રદ વાત એ છે કે, આ બિલકુલ એ જ રીતે થયું જે રીતે તે આ પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની એલિમિનેટર મેચમાં 97 રનના સ્કોર પર આઉટ થયો હતો. સતત બે મેચમાં સદીની આટલી નજીક આવીને આઉટ થવું એ કોઈ પણ બેટ્સમેન માટે ઘણું પીડાદાયક હોય છે.

વૈભવ સૂર્યવંશી આ સીઝનમાં અદ્ભુત ફોર્મમાં રહ્યો છે, પરંતુ કિસ્મત તેની સાથે સંતાકૂકડી રમી રહી છે. આ સીઝનમાં તે કુલ ત્રીજી વખત 90થી 99 રનની વચ્ચે આઉટ થઈને સદી ચૂક્યો છે. આ સાથે જ તે IPL ઈતિહાસમાં એક જ સીઝનમાં ત્રણ વખત 90sમાં આઉટ થનારા પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયો છે. આ પહેલા કોઈ પણ ભારતીય ખેલાડી સાથે એક જ સીઝનમાં આટલી મોટી કમનસીબી નથી થઈ.

ઓનરેકોર્ડ વૈભવ સૂર્યવંશીના નામે IPLમાં બે સેન્ચુરી છે. જો આ ત્રણ સેન્ચુરી તેણે પૂરી કરી હોત તો તેના નામે પાંચ સેન્ચુરી થઈ ગઈ હોત. એનાથી તે શુભમન ગિલ અને સંજૂ સૈમસન જેવા સિનિયર પ્લેયરની બરાબરી કરી શક્યો હોત.

જો ઓલઓવર આઈપીએલ ઈતિહાસની વાત કરીએ તો, વૈભવ સૂર્યવંશીએ ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલના એક અનોખા અને કમનસીબ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ગ્લેન મેક્સવેલે વર્ષ 2014ની આઈપીએલ સીઝનમાં કિંગ્સ ઈલેવન પંજાબ (હવે પંજાબ કિંગ્સ) તરફથી રમતાં એક જ સીઝનમાં ત્રણ વખત 90sમાં આઉટ થવાનો રેકોર્ડ બનાવ્યો હતો. હવે વૈભવ આ યાદીમાં જોડાનારો દુનિયાનો બીજા અને ભારતનો પ્રથમ ખેલાડી બન્યો છે.


વૈભવ સૂર્યવંશીએ IPLની એક જ એડિશનના પ્લેઓફ મુકાબલામાં સૌથી વધુ છગ્ગા લગાવવાનો નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે આ વર્ષે પ્લેઓફની માત્ર બે જ મેચોમાં 19 છગ્ગા ફટકારીને સનસનાટી મચાવી દીધી છે. આ પહેલા આ રેકોર્ડ રિદ્ધિમાન સાહા (2014) અને શુભમન ગિલ(2023)ના નામે હતો, જેમણે પ્લેઓફમાં 11-11 છગ્ગા માર્યા હતા.

આ સીઝનમાં રનનો પહાડ બનાવતા વૈભવ સૂર્યવંશીએ કુલ 776 રન ફટકાર્યા છે. આ સાથે જ તે આઈપીએલની કોઈ એક સીઝનમાં સૌથી વધુ રન બનાવનારા ભારતીય ખેલાડીઓની યાદીમાં ત્રીજા સ્થાને અને ઓલઓવર વર્લ્ડ ક્રિકેટર્સમાં પાંચમા સ્થાને પહોંચી ગયો છે.

માત્ર 15 વર્ષની નાની ઉંમરે આઈપીએલ જેવા વૈશ્વિક સ્ટેજ પર આવી ધમાકેદાર બેટિંગ કરીને વૈભવે સાબિત કરી દીધું છે કે તે ભારતીય ક્રિકેટનું ભવિષ્ય છે. ભલે કિસ્મતે આ વખતે સાથ ન આપ્યો અને ત્રણ સદીઓ છૂટી ગઈ, પરંતુ તેણે કરોડો ક્રિકેટ પ્રેમીઓના દિલ ચોક્કસપણે જીતી લીધા છે.

# 96 રન ફટકારવા છતાં ટીમને ફાઈનલમાં એન્ટ્રી ન મળતાં વૈભવ સૂર્યવંશી રડી પડ્યો, સ્ટાફે હિંમત આપી

**નવી દિલ્હી, તા.30**



કરોડો ક્રિકેટ ચાહકોના દિલ જીતનાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની ટીમ રાજસ્થાન રોયલ્સ(RR)ની ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની સફરનો આખરે અંત આવ્યો છે. શુક્રવારે (29 મે) મુલ્લાંપુરમાં રમાયેલી ક્વોલિફાયર-2 મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT) સામે રાજસ્થાન રોયલ્સનો 7 વિકેટે પરાજય થયો હતો, અને આ સાથે જ તેનું ફાઈનલમાં પહોંચવાનું સપનું રોળાઈ ગયું હતું. આ જીત સાથે ગુજરાત ટાઈટન્સે ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે, જ્યાં 31 મેના રોજ તેમનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે થશે.

રાજસ્થાન રોયલ્સની હાર બાદ સૌથી ભાવુક દૃશ્યો ડગઆઉટમાંથી સામે આવ્યા હતા. માત્ર 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી ટીમની હારથી અત્યંત નિરાશ થઈને એકલો બેઠેલો જોવા મળ્યો હતો. તેની આંખોમાં આંસુ સાફ દેખાતા હતા. જ્યારે ટીમનો એક સપોર્ટ સ્ટાફ મેમ્બર તેને સાંત્વના આપીને તેનો ઉત્સાહ વધારતો નજરે પડ્યો હતો. સોશિયલ મીડિયા પર આ ભાવુક તસવીર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે અને ફેન્સ પણ આ યુવા ખેલાડીનું દુઃખ અનુભવી રહ્યા છે.

ભલે રાજસ્થાન મેચ હારી ગયું, પરંતુ વૈભવ સૂર્યવંશીએ ફરી એકવાર સાબિત કરી દીધું કે તે ભારતીય ક્રિકેટનું ભવિષ્ય જ નહીં, પણ વર્તમાન પણ છે. આટલી મોટી મેચના દબાણમાં પણ તેણે બેખોફ અંદાજમાં બેટિંગ કરી અને ગુજરાત ટાઈટન્સના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. આ યુવા બેટ્સમેન માત્ર 4 રન માટે પોતાની સદી ચૂક્યો હતો, પરંતુ તેની આ વિસ્ફોટક ઈનિંગ્સે સ્ટેડિયમમાં હાજર તમામ ચાહકોને રોમાંચિત કરી દીધા હતા.

સમગ્ર આઈપીએલ 2026 સીઝનમાં વૈભવ સૂર્યવંશીનું બેટ સતત રન મશીન સ્વરૂપે જ આવતું હતું. દુનિયાભરના દિગ્ગજ ટી20 સ્ટાર્સથી ભરેલી આ ટૂર્નામેન્ટમાં 15 વર્ષના આ બાળકે જે આત્મવિશ્વાસ અને આક્રમકતા બતાવી તેનાથી ક્રિકેટ જગત આશ્ચર્યચકિત છે. વૈભવે આ સીઝનમાં 48.76ની શાનદાર એવરેજથી 776 રન ફટકાર્યા છે. માત્ર રન જ નહીં, પણ તેનો રમવાનો અંદાજ અકલ્પનીય રહ્યો છે. તેણે આખી સીઝનમાં 237.30ના વિસ્ફોટક સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી છે, જે ટી20 ક્રિકેટમાં કોઈ સપના સમાન આંકડો છે.

સૌથી મોટી અને ઐતિહાસિક વાત એ છે કે વૈભવ સૂર્યવંશીએ આ સીઝનમાં રેકોર્ડબ્રેક 72 સિક્સર ફટકારી છે, જે આઈપીએલના ઈતિહાસમાં કોઈ એક સીઝનમાં કોઈ બેટ્સમેન દ્વારા લગાવવામાં આવેલી સૌથી વધુ સિક્સર છે. આ મામલામાં તેણે યુનિવર્સ બોસ ક્રિસ ગેલનો રેકોર્ડ પણ ધ્વસ્ત કરી દીધો છે. આ સીઝનમાં અભિષેક 43 સિક્સર સાથે બીજા અને રજત પાટીદાર 41 સિક્સર સાથે ત્રીજા સ્થાને છે.

આ યાદગાર સીઝનમાં વૈભવે એક સદી ફટકારી છે અને ત્રણ વખત 'નર્વસ નાઈન્ટીઝ'(90થી 99 રનની વચ્ચે)નો શિકાર બન્યો છે. ભલે રાજસ્થાન રોયલ્સ ફાઈનલમાં ન પહોંચી શકી, પરંતુ આ યુવા સનસનાટીએ આખી દુનિયાને બતાવી દીધું છે કે ભારતીય ક્રિકેટને આવનારા સમય માટે એક નવો સુપરસ્ટાર મળી ગયો છે.

# સાઈ સુદર્શનનું બેડ લક ! બીજી વખત અનોખા અંદાજમાં આઉટ થઈ નોંધાવ્યો શરમજનક રેકોર્ડ

**નવી દિલ્હી, તા.30**



આઈપીએલ 2026ના ક્વોલિફાયર-2 મહામુકાબલામાં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટે હરાવીને ફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી કરી લીધી છે. આ મેચમાં ગુજરાતની જીતના હીરો રહેલા ઓપનર સાઈ સુદર્શને શાનદાર પ્રદર્શન કરતા 32 બોલમાં 1 સિક્સ અને 8 ફોરની મદદથી 58 રનની મહત્વની ઈનિંગ રમી હતી. જોકે, આ મેચમાં અડધી સદી ફટકારવા છતાં સુદર્શન એક અત્યંત શરમજનક રેકોર્ડ પોતાના નામે કરી બેઠો છે. તે આઈપીએલના ઈતિહાસમાં સતત બીજી વખત અને કુલ 3 વખત 'હિટ વિકેટ' આઉટ થનારો પ્રથમ ખેલાડી બની ગયો છે.

ગુજરાત ટાઈટન્સની ઈનિંગ દરમિયાન 13મી ઓવરમાં સાઈ સુદર્શને રાજસ્થાનના બોલર બ્રિજેશ શર્માની બોલ પર ચોગ્ગો ફટકારવા માટે જોરદાર શોટ લગાવ્યો હતો. બેટ સાથે અથડાઈને બોલ બાઉન્ડ્રી લાઈનની બહાર 4 રન માટે પહોંચી ગઈ હતી, પરંતુ આ શાનદાર શોટ બાદ પણ સુદર્શને પેવેલિયન પરત ફરવું પડ્યું હતું. વાસ્તવમાં, સુદર્શને એટલી તાકાતથી શોટ માર્યો હતો કે બેટ તેના હાથમાંથી છટકી ગયું અને સીધું જ સ્ટમ્પ પર જઈને પડ્યું હતું. આ અજીબોગરીબ ઘટનાને કારણે અમ્પાયરે તેને તુરંત હિટ વિકેટ આઉટ જાહેર કર્યો હતો.

આશ્ચર્યની વાત એ છે કે, સાઈ સુદર્શન આ જ આઈપીએલ 2026માં સતત બીજી નોકઆઉટ મેચમાં આ અનોખા અંદાજમાં આઉટ થયો છે. આ પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમાયેલા ક્વોલિફાયર-1 મુકાબલામાં પણ તે ત્રીજી ઓવરમાં જેકબ ડફીની ગેંદ પર કટ શોટ રમવા જતાં હિટ વિકેટ થયો હતો. ત્યારે પણ તેનું બેટ હાથમાંથી છૂટીને પિચ પર બાઉન્સ થઈ સ્ટમ્પ પર વાગ્યું હતું. આ સાથે જ તે આઈપીએલ ઈતિહાસમાં 3 વખત હિટ વિકેટ આઉટ થનારો પ્રથમ બેટ્સમેન બન્યો છે. આ પહેલા તે સૌપ્રથમ વર્ષ 2022માં મુંબઈ ઈન્ડિયન્સ સામે આ રીતે આઉટ થયો હતો.

ભલે સાઈ સુદર્શન નસીબના કારણે વિચિત્ર રીતે આઉટ થઈ ગયો, પરંતુ આઉટ થતાં પહેલા તેણે કેપ્ટન શુભમન ગિલ (104 રન) સાથે મળીને ટીમ માટે વિજયનો મજબૂત પાયો નાખી દીધો હતો. બંને ઓપનર્સે પ્રથમ 10 ઓવરમાં જ ટીમનો સ્કોર 127 રન પર પહોંચાડીને રાજસ્થાનના 214 રનના સ્કોરને વામણો સાબિત કર્યો હતો. સાઈ સુદર્શનની 58 રનની ઈનિંગના કારણે જ ગુજરાતે 18.4 ઓવરમાં 3 વિકેટે 219 રન બનાવી મેચ જીતી લીધી હતી. હવે ગુજરાત ટાઈટન્સની ટીમ 31 મે, રવિવારના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે ફાઈનલનો મહામુકાબલો રમશે.

# 'ટૉક્સિક'માં પુરુષ અને મહિલાઓ વચ્ચે પ્રેમના ધોરણો બદલાઈ જશે : કિઆરા

## પ્રેગનન્સી બ્રેક પછી કિઆરાની આ બીજી ફિલ્મ છે, આ પહેલાં તેની વૉર 2 આવી ગઈ છે

**મુંબઈ, તા.30**

યશની 'ટૉક્સિક: અ ફેરીટેલ ફૉર ગ્રોન-અપ્સ'ની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. જેમાં યશ સાથે કિઆરા અડવાણી પણ મહત્વના રોલમાં છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી, પરંતુ કિયારા અડવાણીનું કહેવું છે કે ફિલ્મ 'ટૉક્સિક'માં પુરુષ અને મહિલાઓ વચ્ચે પ્રેમના ધોરણો બદલાઈ જશે.

કિયારા અડવાણીએ કહ્યું, "તમે પુરુષ અને મહિલાઓ વચ્ચેનાં ધોરણોને કેવી રીતે જુઓ છો, તે ટૉક્સિક સંપૂર્ણ રીતે બદલી નાખે છે. મારા માટે પણ, જ્યારે ગીતુ મોહનદાસે મને સ્ક્રિપ્ટ સંભળાવી, ત્યારે મને લાગ્યું કે આ પણ નોર્મલ હોઈ શકે, ભલે તે ગ્રે હોય અને પરંપરાગત ન હોય. પરંતુ પ્રેમમાં એક પ્રકારની મુક્તિ છે. વાહ, કાશ હું પણ એટલી સક્ષમ, ડિટેચ્ડ અને મારા વિચારોમાં એટલી મુક્ત હોત."






કિઆરાએ આગળ ઉમેર્યું, "આ એક સંપૂર્ણ ડ્રામા ફિલ્મ છે અને હું આ ફિલ્મ માટે ઘણી ઉત્સાહિત છું. તેમાં ઘણી મહેનત છે અને મારા માટે આ બિલકુલ અલગ પ્રકારનું કામ છે. મેં જે કર્યું છે તેના પર દર્શકો કેવો પ્રતિસાદ આપે છે તે જોવા માટે હું બહુ ઉત્સુક છું."

આ પહેલાં યશે પણ ફિલ્મ વિશે આવો જ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો અને ફિલ્મમાં મહિલાઓના પાત્રોને "બેડએસ" ગણાવ્યાં હતાં.

'ટૉક્સિક' એક પિરિયડ એક્શન થ્રિલર છે, જે ડિરેક્શન ગીતુ મોહનદાસે કર્યું છે. યશ ઉપરાંત ફિલ્મમાં કિયારા અડવાણી, નયનતારા, હુમા કુરેશી, તારા સુતરિયા અને રુકમિણી વસંત મહત્વના રોલમાં જોવા મળશે. ફિલ્મનું સંગીત અને બેકગ્રાઉન્ડ સ્કોર રવિ બસરૂરે આપ્યું છે. કેટલીક એક્શન સીક્વન્સની કોરિયોગ્રાફી જેજે પેરીએ કરી છે.

શરૂઆતમાં ફિલ્મ 19 માર્ચે રિલીઝ થવાની હતી, પરંતુ પછી તેને 4 જૂન સુધી મોકુફ રાખવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારી વર્લ્ડવાઈડ થિયેટ્રિકલ વિન્ડો મેળવવાના પ્રયાસમાં નિર્માતાઓએ ફરી એકવાર રિલીઝ મુલતવી રાખી અને નવી તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી.

# લોકોની નેગેટીવ કમેન્ટ્સથી તમારા આત્મવિશ્વાસ પર અસર પહોંચે છે

- **હુમા કુરેશીએ લોકોના નેગેટીવ પ્રતિસાદ સાથે કામ લેવા વિશે વાત કરી**

**મુંબઈ, તા.30**



હુમા કુરેશી તાજેતરમાં નેહા ધૂપિયાના ચેટ શો ડબલ ડેટ વિથ નેહા ધૂપિયા એન્ડ અંગદ બેદીમાં પોતાના ભાઈ સાકિબ સલીમ સાથે પહોંચી હતી. આ દરમિયાન તેણે સેલ્ફ-ડાઉટ અને બોડી ઈમેજ જેવા મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી. હુમાએ જણાવ્યું કે કારકિર્દીની શરૂઆતમાં તેનાં દેખાવ અંગે થતી સતત ટીકા તેનાં આત્મવિશ્વાસ પર ગંભીર અસર કરતી હતી.

નેહા સાથેની વાતચીતમાં હુમાએ કહ્યું, "મારી બીજી ફિલ્મ પછી મેં મારા લૂક અને દેખાવ વિશે ઘણી નકારાત્મક કમેન્ટ્સલ વાંચવા મળતી હતી. તેની મારા પર ખૂબ અસર પડી અને થોડા સમય માટે મને ઘણો સંકોચ થતો હતો. જ્યારે તમને સતત જજ કરવામાં આવે, ત્યારે તે તમારા આત્મવિશ્વાસને અસર કરવાનું શરૂ કરે છે." હુમાએ આગળ જણાવ્યું કે સમય જતાં તેને સમજાયું કે બહારના અવાજોથી દૂર રહીને પોતાના પર ધ્યાન આપવું જરૂરી છે. "મેં ધ્યાન અને યોગ કરવાનું શરૂ કર્યું, મારી લાગણીઓ અને વિચારો વિશે લખવાનું શરૂ કર્યું, તેની નોંધ બનાવવાનું શરૂ કર્યું અને થેરાપી પણ લીધી. ધીમે ધીમે હું મારી જાત અને મારા દેખાવ વિશે વધુ સહજ અનુભવવા લાગી. આજે હું મારી મજાક પર હસી શકું છું, હું પોતે મારી જાત પર પણ મજાક કરી શકું છું અને બાબતોને વધુ પોઝિટિવ રીતે લઈ શકું છું. હવે હું મારી જાતમાં ઘણો વધુ આત્મવિશ્વાસ અને સહજતા અનુભવું છું." જો હુમાની ફ્લ્મોની વાત કરીએ તો હુમા કુરેશી પાસે અનેક રસપ્રદ ફિલ્મો છે. તે યશ સાથે ટોક્સિક: એ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સમાં જોવા મળશે. ગીતુ મોહનદાસ દિગ્દર્શિત આ ફિલ્મમાં તારા સુતરિયા, નયનતારા, રુક્મિણી વસંત અને કિયારા અડવાણી પણ મહત્વના રોલમાં છે. હુમા પોતાની પ્રથમ પ્રોડક્શન વેન્ચર બેબી ડુ ડાય ડુમાં પણ જોવા મળશે, જેમાં તે ભારતની પ્રથમ "દેશી ફીમેલ હિટવુમન"નું પાત્ર ભજવી રહી છે. ઉપરાંત તે વિકાસ રંજન મિશ્રાની પોલીસ પ્રોસિજરલ થ્રિલર બયાનમાં પણ છે, જે અનેક ફિલ્મ ફેસ્ટિવલ્સમાં પ્રદર્શિત થઈ ચુકી છે. તેની પાસે વિપુલ મહેતાની ગુલાબી નામની ફિલ્મ પણ છે, જેમાં તે અમદાવાદની ઓટો-રિક્શા ડ્રાઈવરનું પાત્ર ભજવી રહી છે.

# વરુણ ધવનની ફિલ્મને CBFCએ યુ/એ સર્ટિફિકેટ આપ્યું

- **ફિલ્મનો સુધારા પછીનો રનટાઇમ 136 મિનિટ થયો**



**મુંબઈ, તા.30**

વરુણ ધવનની આવનારી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) તરફથી સત્તાવાર રીતે U/A સર્ટિફિકેટ મળી ગયું છે. આ ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મ હવે થિયેટ્રિકલ રિલીઝ માટે બિલકુલ તૈયાર છે. U/A સર્ટિફિકેટનો અર્થ એ થાય છે કે ફિલ્મ તમામ ઉંમરના દર્શકો માટે યોગ્ય છે, પરંતુ 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માત્ર માતા-પિતા સાથે જઈને જ ફિલ્મ જોઈ શકે છે. આ પ્રક્રિયા સાથે જોડાયેલા સુત્રો અનુસાર, ફિલ્મનો અંતિમ મંજૂર થયેલો રનટાઈમ 136 મિનિટ એટલે કે 2 કલાક અને 16 મિનિટનો છે. તાજેતરમાં જ સર્ટિફિકેશન પ્રક્રિયા પૂર્ણ થઈ છે, જેના કારણે ફિલ્મ હવે રિલીઝ માટે બિલકુલ ટ્રેક પર છે. ઈન્ડસ્ટ્રીના અંદરના લોકોનું કહેવું છે કે નિર્માતાઓ ફિલ્મની યંગ એનર્જી અને મ્યુઝિકલ નેરેટિવને જાળવી રાખવા માંગતા હતા, સાથે જ દર્શકોને એક ક્રિસ્પ થિયેટ્રિકલ અનુભવ આપવા પર ધ્યાન આપ્યું હતું. 136 મિનિટનો સમયગાળો એક મેઈનસ્ટ્રીમ રોમેન્ટિક એન્ટરટેઈનર માટે આદર્શ માનવામાં આવી રહ્યો છે, જેમાં ડ્રામા, હ્યુમર, સંગીત અને ભાવનાત્મક ક્ષણોનું સંતુલન જળવાઈ રહે છે અને ફિલ્મ વધુ લાંબી લાગતી નથી.

# આલિયા-શર્વરીની 'આલ્ફા'ની રિલીઝ આગળ ખસેડાઈ, હવે 3 જુલાઈએ થશે રિલીઝ

**મુંબઈ, તા.30**

આલિયા ભટ્ટ અને શર્વરીના ચાહકો માટે ખુશખબર છે, કારણ કે તેમની ફિલ્મ 'આલ્ફા' હવે નક્કી કરેલી તારીખ કરતાં વહેલી રિલીઝ થશે. આ એક્શન એન્ટરટેઈનર અગાઉ 10 જુલાઈએ રિલીઝ થવાની હતી. હવે એવા અહેવાલ છે કે ફિલ્મ એક અઠવાડિયું વહેલું, એટલે કે 3 જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

એક પ્રખ્યાત મલ્ટિપ્લેક્સ ચેઈન સાથે જોડાયેલા સુત્રે દ્વારા મળતી માહિતી મુજબ, "3 જુલાઈ 'આલ્ફા'ને રિલીઝ કરવા માટે યોગ્ય તારીખ છે, કારણ કે 'ધમાલ 4', જે એ જ દિવસે રિલીઝ થવાની હતી, તે હવે 17 જુલાઈ સુધી મોકુફ રાખવામાં આવી છે. 3 જુલાઈએ કોઈ મોટી ફિલ્મ રિલીઝ ન હોવાથી નિર્માતા આદિત્ય ચોપરાને લાગ્યું કે 'આલ્ફા'ને થિયેટરમાં લાવવા માટે આ યોગ્ય સમય છે."




એક ટ્રેડ એક્સપર્ટે જણાવ્યું, "ક્રિસ્ટોફર નોલાનની 'ધ ઓડિસી' પણ 17 જુલાઈએ 'ધમાલ 4' સાથે રિલીઝ થઈ રહી છે. પરિણામે 'આલ્ફા'ને બોક્સ ઑફિસ પર બે અઠવાડિયાનો ખુલ્લો સમય મળશે, ખાસ તો, 10 જુલાઈએ કોઈ બોલિવૂડ ફિલ્મ રિલીઝ થવાની નથી."

'આલ્ફા' યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સની આગામી ફિલ્મ છે. આલિયા ભટ્ટ અને શર્વરી ઉપરાંત ફિલ્મમાં બોબી દેઓલ અને અનિલ કપૂર પણ મહત્વના રોલમાં છે. ફિલ્મનું ડિરેક્શન શિવ રવૈલે કર્યું છે, જેમણે અગાઉ વૈશ્વિક સ્તરે વખણાયેલી સિરીઝ 'ધ રેલવે મેન' ડિરેક્ટ કરી હતી. ફિલ્મ સાથે જોડાયેલા એક સિનિયર ટ્રેડ સુત્રે કહ્યું, "'આલ્ફા' યશરાજ સ્પાય યુનિવર્સ માટે મોટો વળાંક સાબિત થશે. તેમાં મુખ્ય પાત્ર એક અસેસિન તરીકે રજૂ થાય છે, સ્પાય તરીકે નહીં, જે અગાઉના બધા લીડ પાત્રોથી ઘણું અલગ છે. પહેલીવાર આદિત્ય ચોપરા એવી ઓરિજિનલ સ્ટોરી લઈને આવી રહ્યા છે, જેમાં પાત્ર વધુ ગ્રે શેડ્સ ધરાવે છે અને વધુ એન્ટી-હીરો પ્રકારનું છે."

# આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવ ઘટ્યાં: ચાંદીની કિંમત ₹2650 ઘટીને ₹2.66 લાખ પ્રતિ કિલો થઈ, સોનું ₹1654 સસ્તું થયું

**નવી દિલ્હી, તા.30**



સોના અને ચાંદીના બજારમાં રોકાણ કરનારાઓ અને સામાન્ય ગ્રાહકો માટે આ અઠવાડિયું ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થયું છે, કારણ કે કિંમતોમાં મોટો કડાકો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા દર્શાવે છે કે આ અઠવાડિયે કિંમતો સતત નીચે તરફ જઈ રહી છે. મુખ્યત્વે ૨૪ કેરેટ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૧,૬૫૪ રૂપિયાનો મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે સોનાની કિંમત ઘટીને ૧.૫૬ લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ અગાઉના અઠવાડિયે, એટલે કે ૨૩ મેના રોજ સોનાનો ભાવ ૧.૫૮ લાખ રૂપિયાના સ્તર પર હતો, જે સ્પષ્ટ કરે છે કે બજારમાં ખરીદદારો માટે અત્યારે કિંમતો થોડી હળવી થઈ છે.

આવી જ કંઈક સ્થિતિ ચાંદીના બજારમાં પણ જોવા મળી રહી છે, જ્યાં કિંમતોમાં સોના કરતાં પણ વધુ તીવ્ર ઘટાડો નોંધાયો છે. ચાંદીની કિંમત પ્રતિ કિલો ૨.૬૬ લાખ રૂપિયાના સ્તરથી તૂટીને હવે ૨.૬૩ લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ ફેરફારના કારણે ચાંદી ખરીદનારાઓને પ્રતિ કિલોએ સીધો ૨,૬૦ રૂપિયાનો ફાયદો થઈ રહ્યો છે.

જો આ આખા વર્ષ દરમિયાન સોનાની કિંમતોની સફર પર નજર કરીએ તો તેમાં ખૂબ જ મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. વર્ષની શરૂઆતમાં એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયા હતો. ત્યારબાદ બજારમાં ભારે તેજી આવી અને માત્ર એક જ મહિનાની અંદર, ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સોનું ૧.૭૬ લાખ રૂપિયાના તેના ઓલટાઈમ હાઈ એટલે કે સર્વોચ્ચ ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું હતું. જોકે, આ આસમાને પહોંચેલી કિંમતો લાંબો સમય ટકી શકી નહીં અને વૈશ્વિક બજારના દબાણ તેમજ નફાખોરીના કારણે કિંમતો સતત ઘટવા લાગી, જેના પરિણામે સોનું તેના અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરથી આશરે ૨૦ હજાર રૂપિયા જેટલું સસ્તું થઈ ચૂક્યું છે.

બીજી તરફ, ચાંદીના ભાવમાં આવેલો કડાકો વધુ ચોંકાવનારો છે કારણ કે તેમાં સોનાની સરખામણીએ ઘણી વધારે અસ્થિરતા જોવા મળી છે. વર્ષની શરૂઆતમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ચાંદી ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો પર ટ્રેડ થઈ રહી હતી, જે ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અચાનક ઉછળીને ૩.૮૬ લાખ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી. પરંતુ આ ઐતિહાસિક વધારા પછી બજાર તૂટ્યું અને છેલ્લા ૧૧૮ દિવસની અંદર ચાંદીના ભાવમાં ૧.૨૩ લાખ રૂપિયાનો અધધ ઘટાડો નોંધાયો છે, જેના કારણે તે ફરીથી સામાન્ય સ્તરની નજીક આવી ગઈ છે.

બજારના નિષ્ણાતો આ આશ્ચર્યજનક ઘટાડા પાછળનું મુખ્ય કારણ રોકાણકારોની માનસિકતામાં આવેલો બદલાવ માની રહ્યા છે, જેઓ અત્યારે કિંમતી ધાતુઓ છોડીને રોકડ એટલે કે 'કેશ' પર વધુ ભરોસો કરી રહ્યા છે. સામાન્ય સંજોગોમાં જ્યારે પણ મિડલ ઈસ્ટ જેવા વિસ્તારોમાં યુદ્ધ અથવા ભૌગોલિક-રાજકીય તણાવ વધે છે ત્યારે સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચતા હોય છે, પરંતુ આ વખતે વૈશ્વિક રોકાણકારો કોઈપણ પ્રકારનું જોખમ લેવા તૈયાર નથી. યુદ્ધની અનિશ્ચિતતા વચ્ચે ભવિષ્યમાં કટોકટીના સમયે કામ આવી શકે તે માટે તેઓ પોતાના સોના અને ચાંદીના ભંડાર વેચીને રોકડ નાણાં એકઠા કરી રહ્યા છે જેથી તેમની પાસે તરલતા જળવાઈ રહે. આ સિવાય, જાન્યુઆરી મહિનામાં જ્યારે કિંમતો રેકોર્ડ સ્તરે હતી ત્યારે મોટા રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ શરૂ કરી દીધું હતું, એટલે કે ઊંચા ભાવે પોતાનું સોનું વેચીને નફો કમાવવાનું શરૂ કર્યું, જેના લીધે બજારમાં અચાનક સપ્લાય વધી ગઈ અને કિંમતો નીચે આવી ગઈ.

આવા સમયમાં જ્યારે બજારમાં ભારે ઉતાર-ચઢાવ ચાલી રહ્યો હોય, ત્યારે સામાન્ય ગ્રાહકોએ જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે ખૂબ જ સાવચેત રહેવાની જરૂર છે. ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS નો સત્તાવાર હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ, જે આલ્ફાન્યુમેરિક કોડના સ્વરૂપમાં હોય છે અને તેનાથી સોનાની સાચી શુદ્ધતા અને કેરેટની સચોટ માહિતી મળે છે. આ ઉપરાંત, છેતરપિંડીથી બચવા માટે સોનાનું સાચું વજન કરાવવું જોઈએ અને ખરીદીના ચોક્કસ દિવસે જે ભાવ ચાલતો હોય તેને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્રોતો પરથી ક્રોસ ચેક કરીને જ અંતિમ ચુકવણી કરવી હિતાવહ છે.

# સ્પાઈસજેટને ₹125 કરોડની ટેક્સ નોટિસ મળી: ઘણા મહિનાઓથી રિટર્ન ફાઈલ ન કર્યું, કંપનીનું GST-રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે

**નવી દિલ્હી, તા.30**



ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ડિપાર્ટમેન્ટે બજેટ એરલાઈન સ્પાઈસજેટને લગભગ 125 કરોડની ટેક્સ ડિમાન્ડ નોટિસ જારી કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આર્થિક સંકટનો સામનો કરી રહેલી આ એરલાઈન પર ઘણા મહિનાઓથી GST રિટર્ન ફાઈલ ન કરવાનો આરોપ છે.

આ સાથે જ વિભાગે સ્પાઈસજેટનું GST રજીસ્ટ્રેશન રદ કરવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે. GST ડિપાર્ટમેન્ટે રિટર્ન ફાઈલ કરવામાં વારંવાર થતા વિલંબ અને નિયમોનું પાલન ન કરવા બદલ સ્પાઈસજેટને એક શો-કોઝ (કારણ દર્શાવો) નોટિસ મોકલી છે.

આ નોટિસમાં એરલાઈનનું GST રજીસ્ટ્રેશન રદ કરવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે નિર્ધારિત સમયમર્યાદામાં રિટર્ન ફાઈલ ન કર્યા પછી CGST અને SGST એક્ટ, 2017ની કલમ 62 હેઠળ એક પ્રોવિઝનલ એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું, જેના પછી આ ટેક્સ ડિમાન્ડ કાઢવામાં આવી છે.

GST ઓથોરિટીઝ અનુસાર, સ્પાઈસજેટે રિટર્ન ફાઈલ કરવામાં 'સતત અનિયમિતતાઓ' કરી છે અને વારંવાર મોડા રિટર્ન જમા કરાવ્યા છે.

એસેસમેન્ટ મુજબ, વિભાગે અલગ-અલગ મહિનાઓ માટે કુલ 124.65 કરોડનું ડિમાન્ડ નોટિસ જારી કર્યું છે, જેની વિગતો નીચે મુજબ છે

અધિકારીઓએ જણાવ્યું કે એરલાઈનનું GST રજીસ્ટ્રેશન રદ કરવાના સંબંધમાં 25 મે, 2026ના રોજ જ શો-કોઝ નોટિસ જારી કરી દેવામાં આવી હતી. આમ છતાં કંપનીએ હજુ સુધી બાકી રહેલા કમ્પ્લાયન્સ (નિયમોનું પાલન)ની શરતોને પૂરી કરી નથી.

એક અધિકારીએ જણાવ્યું છે કે જો સ્પાઈસજેટ ટૂંક સમયમાં તેના બાકી રિટર્ન ફાઈલ નહીં કરે અને GST કાયદા હેઠળ તેની વૈધાનિક જવાબદારીઓ પૂરી નહીં કરે, તો નિયમો મુજબ આગળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ હેઠળ, જો કોઈ રજિસ્ટર્ડ ટેક્સપેયર સમયસર પોતાનું રિટર્ન ફાઈલ કરતો નથી, તો અધિકારીઓ પાસે ઉપલબ્ધ ડેટાના આધારે જાતે જ ટેક્સનું એસેસમેન્ટ (આકારણી) કરી લેવાનો અને ડિમાન્ડ નોટિસ જારી કરવાનો અધિકાર હોય છે.

જો કોઈ કંપનીનું GST રજિસ્ટ્રેશન રદ થઈ જાય છે, તો તે કાયદેસર રીતે કોમર્શિયલ એક્ટિવિટીઝ અથવા ટેક્સ કલેક્શનનું કામ સુચારુ રૂપે કરી શકતી નથી, જેનાથી બિઝનેસ સંપૂર્ણપણે પ્રભાવિત થઈ શકે છે.

# ડૉલર સામે રુપિયો કેમ નબળો પડ્યો? પાકિસ્તાન સહિતના અન્ય દેશોની કરન્સી મજબૂત થઈ

**મુંબઈ, તા.28**




સામાન્ય આર્થિક સિદ્ધાંત એવું કહે છે કે જે દેશની અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધતી હોય, તેની કરન્સી (ચલણ) મજબૂત થાય છે. ભારતનો આર્થિક વૃદ્ધિ દર હાલમાં ચીન કરતાં પણ વધુ છે, છતાં ભારતીય રૂપિયો સતત નબળો પડીને અમેરિકન ડૉલર સામે આશરે 96ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે.

છેલ્લા બે વર્ષમાં જ તેમાં 14.75%નો ઘટાડો નોંધાયો છે. આ પરિસ્થિતિ પર પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ સહિતના નિષ્ણાતો સવાલ ઉઠાવી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે ભારતની આસપાસના અન્ય એશિયન દેશોની મુદ્રાઓ ડૉલર સામે મજબૂત પ્રદર્શન કરી રહી છે.

મલેશિયાની કરન્સી રિંગિટ છેલ્લા 7 વર્ષના સૌથી મજબૂત સ્તરે પહોંચી ગઈ છે. પાછલા વર્ષે તેમાં 9.25%નો ઉછાળો આવ્યો હતો, જ્યારે તે જ સમયે ભારતીય રૂપિયો 4.40% તૂટ્યો હતો. મલેશિયાની મજબૂતી પાછળ તેમનું કરન્ટ એકાઉન્ટ સરપ્લસ (Current Account Surplus), 4.9%નો જીડીપી ગ્રોથ રેટ અને એફડીઆઈ(FDI)માં થયેલો જંગી વધારો છે. ત્રીજા ક્વાર્ટરમાં ત્યાં વિદેશી રોકાણ વધીને 8.5 અબજ રિંગિટ થઈ ગયું હતું. મુક્ત વ્યાપાર કરારો અને કુશળ રાજદ્વારી નીતિના કારણે રોકાણકારોનો ભરોસો વધ્યો છે.

થાઈલૅન્ડની મુદ્રા બાટ જાન્યુઆરીમાં મજબૂત થઈને પ્રતિ ડૉલર 31થી નીચે પહોંચી ગઈ હતી, જે જૂન 2021 પછીનું સૌથી શ્રેષ્ઠ સ્તર છે. થાઈલૅન્ડનું અમેરિકા સાથેનું ટ્રેડ સરપ્લસ વધીને 51.3 અબજ ડૉલર થઈ ગયું છે, જેમાં તેમના ઈલેક્ટ્રોનિક્સ નિકાસની મોટી ભૂમિકા છે. કરન્ટ એકાઉન્ટ સરપ્લસના કારણે તેમની ઉદાર નાણાકીય નીતિ હોવા છતાં બાટ મજબૂત રહ્યો છે.

વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના કારણે આવેલા બૂમનો સૌથી મોટો ફાયદો સિંગાપોરને મળ્યો છે. પ્રથમ ક્વાર્ટરમાં સિંગાપોરનો જીડીપી ગ્રોથ 6% રહ્યો છે. એપ્રિલ મહિનામાં સિંગાપોરના નોન-ઓઈલ ઘરેલું નિકાસમાં 24.5% અને ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં 66.7%નો ઐતિહાસિક ઉછાળો નોંધાયો હતો, જેના કારણે સિંગાપોર ડૉલર છેલ્લા પાંચ મહિનામાં 1% મજબૂત થયો છે. હાલમાં 1 યુએસ ડૉલર બરાબર 1.28 સિંગાપોર ડૉલર થાય છે.

ભારતીય રૂપિયામાં ચાલુ વર્ષે 6%થી વધુનો ઘટાડો થયો છે, તેની સામે પાકિસ્તાનનો રૂપિયો છેલ્લા 6 મહિનામાં 1.31% મજબૂત થઈને 278 પ્રતિ ડૉલર પર સ્થિર છે. પાકિસ્તાનને માર્ચ ક્વાર્ટરમાં મળેલું કરન્ટ એકાઉન્ટ સરપ્લસ, સાઉદી અરેબિયા તરફથી મળેલી નાણાકીય મદદ અને યુરોબોન્ડ માર્કેટમાં વાપસીના કારણે રોકાણકારોનો ડર ઓછો થયો છે.

ટ્રમ્પની ટૅરિફ નીતિ અને વૈશ્વિક સંઘર્ષ: અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય સામાન પર લાદવામાં આવેલી ભારે આયાત જકાત (Import Duties) અને ઈરાન યુદ્ધના કારણે સર્જાયેલા ઊર્જા સંકટે રૂપિયાને પછાડ્યો છે.

વિદેશી મૂડીની નિકાસ (FII Outflow): મે મહિનાના અંત સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી રેકોર્ડ 23 અબજ ડૉલરના શેર વેચીને નાણાં પાછા ખેંચી લીધા છે, જેના કારણે કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ (ચાલુ ખાતાની ખાધ)ને સંતુલિત રાખવી મુશ્કેલ બની છે.

નુકસાન: રૂપિયો નબળો થવાથી ભારત જે વસ્તુઓની આયાત કરે છે (જેમ કે ક્રૂડ ઓઈલ, રાંધણ ગેસ, ખાતર અને ઈલેક્ટ્રોનિક્સ) તે તમામ વસ્તુઓ મોંઘી થાય છે, જેનાથી દેશમાં મોંઘવારી વધે છે. ફાયદા: આનો બીજો પક્ષ એ છે કે કમજોર રૂપિયાના કારણે ભારતની નિકાસ (Exports) વૈશ્વિક બજારમાં સસ્તી અને વધુ સ્પર્ધાત્મક બને છે. આ ઉપરાંત, વિદેશમાં રહેતા ભારતીયો જે પૈસા (Remittance) દેશમાં મોકલે છે.

# મુંબઈમાં 15 દિવસમાં CNG બીજી વાર મોંઘો થયો: ₹ 2ના વધારા સાથે ભાવ ₹86 થયા, ઓટો-ટેક્સી યુનિયનોએ ભાડું વધારવાની માંગ કરી

**મુંબઈ, તા.30**



મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકો તેમજ વાહનચાલકોના ખિસ્સા પર મોંઘવારીનો વધુ એક મોટો બોજ પડ્યો છે. મહાનગર ગેસ લિમિટેડ એટલે કે MGL દ્વારા સીએનજી (CNG) અને પીએનજી (PNG)ના ભાવમાં મોટો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. કંપનીએ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં સીએનજીની કિંમતોમાં પ્રતિ કિલોએ ૨ રૂપિયાનો વધારો કર્યો છે, જ્યારે ઘરોમાં પાઈપલાઈન દ્વારા અપાતા રસોઈ ગેસ એટલે કે ઘરેલું પાઈપ્ડ નેચરલ ગેસની કિંમતોમાં પણ પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર (SCM) દીઠ ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. ગેસના આ નવા અને વધેલા દરો ૨૯ અને ૩૦ મેની મોડી રાતથી જ સમગ્ર વિસ્તારમાં સત્તાવાર રીતે લાગુ કરી દેવામાં આવ્યા છે. આ ભાવવધારા બાદ હવે મુંબઈ અને નજીકના શહેરોમાં સીએનજીની કિંમત પ્રતિ કિલો ૮૪ રૂપિયાના સ્તરથી વધીને ૮૬ રૂપિયા પર પહોંચી ગઈ છે. તેની સાથે જ ઘરોમાં વપરાતા પીએનજીના દર હવે વધીને પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર દીઠ ૫૨ રૂપિયા થઈ ગયા છે. સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે છેલ્લા માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં ઈંધણના ભાવમાં આ બીજી વખતનો મોટો વધારો છે. આ પૂર્વે હજુ હમણાં જ ૧૩ અને ૧૪ મેની મોડી રાતે પણ કંપની દ્વારા ગેસની કિંમતોમાં ૨ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો હતો, જેના કારણે ગ્રાહકો સતત વધી રહેલા આર્થિક દબાણનો સામનો કરી રહ્યા છે. ગેસના ભાવમાં અચાનક કરવામાં આવેલા આ વધારા પાછળ કંપનીના ઉચ્ચ અધિકારીઓએ ઘરેલું ગેસની અછત અને આંતરરાષ્ટ્રીય બજારની પરિસ્થિતિઓને મુખ્ય કારણ ગણાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર તરફથી મળતી ઘરેલું ગેસની ફાળવણીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના લીધે ગ્રાહકોની જરૂરિયાત પૂરી કરવા માટે કંપનીએ બહારના અન્ય મોંઘા સ્ત્રોતો પર નિર્ભર રહેવું પડી રહ્યું છે. આ સિવાય, વૈશ્વિક બજારમાં અમેરિકી ડોલરની સરખામણીમાં ભારતીય રૂપિયાના મૂલ્યમાં જે સતત ઘટાડો જોવા મળ્યો છે, તેણે પણ આયાત ખર્ચમાં મોટો વધારો કર્યો છે. આ નબળા રૂપિયાના કારણે ગેસ મેળવવાનો કુલ ખર્ચ ખૂબ જ વધી ગયો હોવાથી કંપનીએ આ બોજ ગ્રાહકો પર નાખવો પડ્યો છે.

જોકે, આટલા ભાવવધારા છતાં પણ મહાનગર ગેસ લિમિટેડનો દાવો છે કે નેચરલ ગેસ હજુ પણ પરંપરાગત ઈંધણની સરખામણીએ બજારમાં ઉપલબ્ધ સૌથી સસ્તો અને આર્થિક વિકલ્પ છે. કંપનીના આંકડાકીય વિશ્લેષણ મુજબ, મુંબઈમાં પેટ્રોલ અને ડીઝલના વર્તમાન દરોને જોતાં સીએનજીનો ઉપયોગ કરવાથી વાહનચાલકોને પેટ્રોલની સરખામણીમાં આશરે ૪૫ ટકા જેટલી મોટી આર્થિક બચત થાય છે, જ્યારે ડીઝલ સંચાલિત વાહનોની સરખામણીમાં પણ સીએનજીથી હજુ પણ અંદાજે ૧૨ ટકા જેટલી બચત મેળવી શકાય છે.

પરંતુ સીએનજી મોંઘો થવાની સીધી અને નકારાત્મક અસર સ્થાનિક પરિવહન વ્યવસ્થા પર પડવાની પૂરેપૂરી સંભાવનાઓ દેખાઈ રહી છે. ભાવવધારો અમલમાં આવતાની સાથે જ મુંબઈના વિવિધ ઓટો-રિક્ષા અને ટેક્સી યુનિયનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે અને ભાડામાં તાત્કાલિક ૨ થી ૩ રૂપિયાનો વધારો કરવાની માંગણી શરૂ કરી દીધી છે. વાહન ચાલકોનું કહેવું છે કે ઈંધણના ભાવ વધવાથી તેમનો દૈનિક ઓપરેટિંગ કોસ્ટ એટલે કે વાહન ચલાવવાનો ખર્ચ ઘણો વધી ગયો છે, તેથી જો ભાડું વધારવામાં નહીં આવે તો તેમનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની જશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં સીએનજી ઈકોસિસ્ટમ અત્યંત વિશાળ છે અને તેના પર લાખો લોકોની રોજીરોટી નિર્ભર છે. છેલ્લા એક જ વર્ષમાં આ ક્ષેત્રમાં અંદાજે ૨ લાખ જેટલા નવા સીએનજી વાહનોનો ઉમેરો થયો છે, જેના લીધે હવે સીએનજી પર ચાલતા વાહનોની કુલ સંખ્યા ૧૨ લાખના આંકડાને પણ પાર કરી ગઈ છે. આ વિશાળ ઈકોસિસ્ટમમાં અત્યારે ૫ લાખ કરતાં વધુ ખાનગી કારો, ૪.૭ લાખ કરતાં વધારે ઓટો-રિક્ષા અને આશરે ૧.૬ લાખ જેટલી કાળી-પીળી તથા પ્રાઈવેટ ટેક્સીઓ રસ્તા પર દોડી રહી છે. આ સિવાય માલસામાનની હેરફેર માટે વપરાતા ૫૦ હજારથી વધુ ખાનગી બસો અને ટેમ્પો તેમજ મુંબઈની જીવાદોરી સમાન બેસ્ટ (BEST) જેવી જાહેર પરિવહનની ૧૯૦૦થી વધુ બસો પણ સીએનજી ઈંધણ પર જ નિર્ભર છે, જેના કારણે આ ભાવવધારાની વ્યાપક અસર આખા મુંબઈના જનજીવન પર જોવા મળશે. માત્ર મુંબઈ જ નહીં, પરંતુ દેશની રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં પણ સીએનજી ગેસની કિંમતો આસમાને પહોંચી છે. ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઊભી થયેલી અસ્થિરતા વચ્ચે દિલ્હીમાં પણ છેલ્લા બે અઠવાડિયાની અંદર જ સીએનજીના ભાવમાં ચાર વખત વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં ગેસ સપ્લાય કરતી કંપની ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ એટલે કે IGL દ્વારા હજુ હમણાં જ મંગળવાર, ૨૬ મેના રોજ સીએનજીની કિંમતમાં પ્રતિ કિલોગ્રામ ૨ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો હતો, જે દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય તણાવની અસર ભારતના ગેસ બજાર પર ખૂબ જ વ્યાપક થઈ રહી છે.

# ઈન્ડિગોને ચોથા ક્વાર્ટરમાં ₹2,536 કરોડનું નુકસાન: ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં ₹3,068 કરોડનો નફો થયો હતો, મોંઘા ઈંધણનો બોજ એરલાઈન મુસાફરો પર નાખશે

**મુંબઈ, તા.30**



ઈન્ડિગો એરલાઈનની પેરન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશને 29 મે 2026ના રોજ પૂરા થયેલાં ચોથા ક્વાર્ટર (Q4FY26) ના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં કંપનીને 2,536 કરોડનો કોન્સોલિડેટેડ નેટ લોસ (ચોખ્ખું નુકસાન) થયો છે. ગયા વર્ષના આ જ ક્વાર્ટરમાં કંપનીને 3,068 કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ (ચોખ્ખો નફો) થયો હતો.

દેશની સૌથી મોટી એરલાઈન હાલમાં અનેક પડકારોનો સામનો કરી રહી છે. કંપનીને આ નુકસાન મુખ્યત્વે ડોમેસ્ટિક કેપેસિટી પર લાગેલા પ્રતિબંધો, ભારતીય રૂપિયામાં આવેલી નબળાઈ અને હવાઈ ઈંધણ એટલે કે ફ્યુઅલની વધતી કિંમતોને કારણે થયું છે. આ ઉપરાંત, આ ક્વાર્ટરમાં કંપની પર 250 કરોડનો વન-ટાઈમ ચાર્જ એટલે કે એકસાથેનો શુલ્ક પણ લાગ્યો છે.

વાર્ષિક ધોરણે નુકસાન હોવા છતાં, કંપનીની ઓપરેશનલ રેવન્યુમાં થોડો વધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ 2026ના ચોથા ક્વાર્ટરમાં ઈન્ડિગોની રેવન્યુ નજીવી રીતે વધીને 22,438 કરોડ પર પહોંચી ગઈ. ગયા નાણાકીય વર્ષ (Q4FY25) ના સમાન ક્વાર્ટરમાં કંપનીની રેવન્યુ 22,152 કરોડ હતી.

પરિણામોની સાથે જ ઈન્ડિગોએ જાહેરાત કરી છે કે તે ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બંને રૂટ પર ફ્યુલના વધેલા ખર્ચનો બોજ મુસાફરો પર નાખશે. મિડલ ઈસ્ટ સંકટને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે ઉતાર-ચઢાવ આવી રહ્યો છે. આને કારણે એવિએશન ટર્બાઈન ફ્યુલ (ATF) એટલે કે જેટ ફ્યુલની કિંમત વધી ગઈ છે, જેના નિપટવા માટે કંપની હવે ભાડામાં વધારો કરવા જઈ રહી છે.

ભાવમાં સતત થઈ રહેલા ઉતાર-ચઢાવને જોતા, ઈન્ડિગો હવે 'ફ્યુઅલ હેજિંગ'ની રણનીતિ અપનાવવા પર વિચાર કરી રહી છે. કંપનીના એક ટોચના એક્ઝિક્યુટિવ મુજબ, જોખમ ઘટાડવાના ઉપાય પર કામ કરવામાં આવી રહ્યું છે.

દુનિયાની ઘણી ગ્લોબલ એરલાઈન્સ તેલની કિંમતોમાં આવનારા તેજ ઉછાળાથી પોતાના માર્જિનને સુરક્ષિત રાખવા માટે આ રણનીતિનો ઉપયોગ કરે છે. એરલાઈન મેનેજમેન્ટનું કહેવું છે કે એવિએશન સેક્ટર માટે ફ્યુઅલ પ્રાઈસ સૌથી મોટો વેરીએબલ (ચલ) બની રહ્યો છે, તેથી બજારની પરિસ્થિતિઓને જોતા ભાડાને એડજસ્ટ કરવામાં આવતા રહેશે.

ઈન્ડિગોના બોર્ડે કંપનીના ફાઈનાન્સ લીઝ ઓબ્લિગેશન્સ (લીઝ દેયતાઓ)ના આંશિક પ્રીપેમેન્ટને મંજૂરી આપી દીધી છે. આ ચુકવણી એક કે તેથી વધુ હપ્તાઓમાં કંપનીની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની 'ઈન્ટરગ્લોબ એવિએશન ફાઈનાન્સિયલ સર્વિસિસ IFSC પ્રાઈવેટ લિમિટેડ'ને કરવામાં આવશે.

તેની કુલ રકમ આશરે 450 મિલિયન ડોલર સુધીની હશે. આ ફંડનો ઉપયોગ પેટાકંપની વિમાન, વિમાનના એન્જિન અને પાર્ટ્સ ખરીદવા માટે કરશે, જેનાથી એરલાઈનને પોતાની એવિએશન એસેટ્સની માલિકી મળશે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (MD) રાહુલ ભાટિયાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026 બિઝનેસની દ્રષ્ટિએ અત્યંત પડકારજનક રહ્યું, જેણે અમારા નફાને નોંધપાત્ર રીતે અસર કરી છે. આ પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં, બિઝનેસનું મૂળભૂત પ્રદર્શન મજબૂત રહ્યું. આ વર્ષે અમારી ક્ષમતા (કેપેસિટી) માં 9.5% નો વધારો થયો અને કુલ આવક 6% થી વધુ વધી છે.

જો આપણે વિદેશી મુદ્રા (ફોરેન એક્સચેન્જ) ના ઉતાર-ચઢાવ અને એકસાથેની વસ્તુઓની અસરને દૂર કરીએ, તો ઈન્ડિગોએ 7,500 કરોડનો નફો કમાવ્યો છે. અમે સતત ઉતાર-ચઢાવ વચ્ચે મજબૂત બેલેન્સ શીટ અને પર્યાપ્ત રોકડ (લિક્વિડિટી) જાળવી રાખવામાં સફળ રહ્યા છીએ.

કંપનીના મતે, રૂપિયામાં આવેલી તીવ્ર ગિરાવટ, લેબર લો (શ્રમ કાયદાઓ) માં થયેલા ફેરફારો અને મુશ્કેલ ઓપરેટિંગ માહોલે ઓપરેશનલ પ્રોફિટની અસરને ખતમ કરી દીધી.

આ ઉપરાંત, મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી અડચણ છતાં, કંપનીની ક્ષમતા (ASKs - અવેલેબલ સીટ કિલોમીટર્સ) 3.4% વધીને 43.6 બિલિયન થઈ ગઈ.

કંપની દ્વારા સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ક્વાર્ટરમાં ઈન્ડિગોના મુસાફરોની સંખ્યામાં 1.1% નો નજીવો ઘટાડો થયો છે, જે ઘટીને 31.6 મિલિયન રહી ગઈ.

પ્રતિ કિલોમીટર કમાણી (યીલ્ડ) પણ 2.2% ઘટીને 5.20 થઈ ગઈ. આ સાથે જ પેસેન્જર લોડ ફેક્ટરમાં 1.7% નો ઘટાડો થયો છે અને તે ઘટીને 85.8% પર આવી ગયો છે.

ત્રિમાસિક પરિણામો પહેલાં ઈન્ટરગ્લોબ એવિએશનનો શેર આજે 3.28% ઘટીને 4,420 રૂપિયાના સ્તરે બંધ થયો. કંપનીનો શેર 5 દિવસમાં 2.3% ઘટ્યો અને એક મહિનામાં 1.72% વધ્યો છે.

# 'ધ વોશિંગ્ટન પોસ્ટ'ના પત્રકાર રવિ નાયર સામે અમદાવાદમાં ફરિયાદ, અદાણી ગ્રૂપમાં LICના રોકાણનો ખોટો રિપોર્ટ છાપ્યાનો આરોપ

**અમદાવાદ, તા.30**




અમેરિકાના જાણીતા અખબાર 'ધ વોશિંગ્ટન પોસ્ટ'માં અદાણી ગ્રૂપમાં ભારત સરકાર અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (LIC) દ્વારા 3.9 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવ્યું હોવાના સમાચાર પ્રસિદ્ધ થયા હતા. આ સમાચાર લખનાર પત્રકાર રવિ નાયરે કોઈ પણ નક્કર આધાર-પુરાવા વિના આ અહેવાલ મૂક્યો હોવાની સ્પષ્ટતા LIC(ભારતીય જીવન વીમા નિગમ) દ્વારા કરવામાં આવી છે. LICના જણાવ્યા મુજબ રવિ નાયરે પોતાના અહેવાલમાં ખોટા અને બનાવટી દસ્તાવેજોને આધાર બનાવ્યા હતા. આ ભ્રામક સમાચારને કારણે અદાણી ગ્રૂપની શાખને મોટું નુકસાન પહોંચ્યું હતું, જેથી રવિ નાયર વિરુદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. નવરંગપુરા સ્થિત અદાણી હાઉસના ડેપ્યુટી જનરલ મેનેજરે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે કે, ગત 24મી ઓક્ટોબરના રોજ 'ધ વોશિંગ્ટન પોસ્ટ'ના ઈ-પેપરમાં એક આર્ટિકલ પ્રકાશિત થયો હતો. આ આર્ટિકલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત સરકાર અને જીવન વીમા નિગમ (LIC) અદાણી ગ્રૂપની કંપનીઓમાં જાહેર ભંડોળમાંથી આશરે 3.9 અબજ ડોલરનું રોકાણ કરવા જઈ રહ્યા છે. આ અહેવાલમાં ચોક્કસ દસ્તાવેજોનો હવાલો આપીને રોકાણની શરતો, બોન્ડ રેટિંગ અને આંતરિક મંજૂરીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ આર્ટિકલ દિલ્હીના દ્વારકા સેક્ટર-2માં આવેલા આશા દીપ એપાર્ટમેન્ટમાં રહેતા રવિ નાયર દ્વારા લખવામાં આવ્યો હતો. આ અહેવાલ સામે આવતા જ LICએ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સ્પષ્ટતા કરી હતી કે આ સમાચાર તદ્દન ખોટા છે અને LIC પોતાના તમામ રોકાણો નિયમોનુસાર જ કરે છે.


## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ, વોટર વેન્ડીંગ મશીનો અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ, વોટર વેન્ડીંગ મશીનો (WVM) અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ (MPS) ના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|
| CTG-ADI-13-2026 | કેટરીંગ કોન્ટ્રાક્ટ (કેટરીંગ સ્ટોલ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૨-૦૬-૨૦૨૬ ના ૧૦:૩૦ કલાકે શરૂ થશે. |
| MPS-ADI-14-2026 | MPS કોન્ટ્રાક્ટ (મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૨-૦૬-૨૦૨૬ ના ૧૨:૦૦ કલાકે શરૂ થશે. |
| WVM-ADI-15-2026 | વોટર વેન્ડીંગ મશીનો (WVM) (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૧૨-૦૬-૨૦૨૬ ના ૧૩:૦૦ કલાકે શરૂ થશે. |

**નોંધ:** પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. ADI-049

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# AMCની બેદરકારી સારંગપુર સ્વિમિંગ પૂલનો પ્લાન્ટ રૂમ જર્જરીત, મોટી હોનારતની આશંકા








**અમદાવાદ, તા.30**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટીતંત્રની ગંભીર બેદરકારી ફરી એકવાર સામે આવી છે. શહેરના મધ્યઝોન હેઠળ આવતા ખાડિયા વોર્ડના ઐતિહાસિક સારંગપુર વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ સ્નાનાગાર (સ્વિમિંગ પૂલ) નો પ્લાન્ટ રૂમ હાલ અત્યંત જર્જરીત અને બિસ્માર હાલતમાં છે. ગમે ત્યારે આ આખી ઈમારત ધસી પડે અથવા મોટી હોનારત સર્જાય તેવી ભીતિ સેવવામાં આવી રહી છે, છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું હોવાનો આક્ષેપ ઉઠ્યો છે.

વારંવારની રજૂઆતો છતાં ઈજનેર વિભાગ 'કુંભકર્ણની નિદ્રામાં'

મળતી માહિતી મુજબ, સ્વિમિંગ પૂલના સ્થાનિક કોચ અને સ્ટાફ દ્વારા અહીં આવતા નાગરિકો તેમજ પોતાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મધ્યઝોનના ઈજનેર વિભાગને અનેકવાર લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે. પ્લાન્ટ રૂમનું તાત્કાલિક રિપેરિંગ કામ શરૂ કરવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતાં પણ જવાબદાર ઈજનેરો દ્વારા આ બાબતને સદંતર નજરઅંદાજ કરવામાં આવી રહી છે. તંત્રની આ નિષ્ક્રિયતા જોતા એવું લાગી રહ્યું છે કે જાણે અધિકારીઓ કોઈ મોટી દુર્ઘટના ઘટે તેની રાહ જોઈને બેઠા હોય!

ઉલ્લેખનીય છે કે, સ્વિમિંગ પૂલના પ્લાન્ટ રૂમમાં હેવી મશીનરી, હાઈ-વોલ્ટેજ ઈલેક્ટ્રિકલ વાયરિંગ અને પાણીના ફિલ્ટરેશનની અદ્યતન સિસ્ટમ આવેલી હોય છે. સતત ભેજવાળા વાતાવરણ વચ્ચે જો આવી જગ્યાનો સ્લેબ કે દીવાલો જર્જરીત હોય, તો ત્યાં શોર્ટ સર્કિટ થવાનું, ચાલુ વાયર પાણીના સંપર્કમાં આવવાનું કે છત તૂટી પડવાનું જોખમ ૧૦૦% વધી જાય છે.

આ ગંભીર મુદ્દે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના લઘુમતી વિભાગના કાર્યકારી પ્રમુખ એડવોકેટ અતિક સૈયદે તંત્ર સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, 'જો આ બિસ્માર પ્લાન્ટ રૂમને કારણે ત્યાં ફરજ બજાવતા કોચ, સહાયક સ્ટાફ કે તરવા આવતા નિર્દોષ નાગરિકો-બાળકોમાંથી કોઈને પણ ઈજા થશે કે કોઈનું મૃત્યુ નીપજશે, તો તેની જવાબદારી કોણ લેશે? શું AMC ના ઉચ્ચ અધિકારીઓ અને મધ્યઝોનનો ઈજનેર વિભાગ આની જવાબદારી સ્વીકારશે?'

## 1.19 કરોડની દારૂની પેટીઓના થપ્પા ને થપ્પા: ઉદયપુરથી બરોડા જતો હતો, દાસ્તાન સર્કલ પાસેથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું, ડ્રાઈવરની ધરપકડ

**અમદાવાદ, તા.30**

અમદાવાદના નિકોલ રિંગ રોડ પર દાસ્તાન સર્કલ પાસેથી મોડી રાતે PCBની ટીમે દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું છે. કન્ટેનર ઉદયપુરથી આવ્યું હતું જે બરોડા ડિલિવરી માટે જઈ રહ્યું હતું. પરંતુ પોલીસે દાસ્તાન સર્કલ પાસે જ ઝડપી પાડ્યું હતું.પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી 1.19 કરોડના દારૂ સહિત 1.34 કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.



PCBના પીઆઇ જે.પી જાડેજાની ટીમને બાતમી મળી હતી કે, દાસ્તાન સર્કલ પાસેથી દારૂ ભરેલું કન્ટેનર નીકળવાનું છે. જેથી PCBની ટીમ વોચમાં હતી ત્યારે દાસ્તાન સર્કલ પાસે એક કન્ટેનર આવ્યું હતું. જેને ટ્રાફિક જામ કરીને રોકવામાં આવ્યું હતું. ત્યારબાદ ડ્રાઈવરને પૂછતા ટ્રકમાં રિસાયક્લિંગ પ્લાસ્ટિક વેપર્સ હોવાનું જણાવ્યું હતું જેની બિલ્ટી પણ ડ્રાઈવરે આપી હતી.

PCBની ટીમે ટ્રકનું સીલ તોડીને તપાસ કરી ત્યારે કાળા કલરની તાડપતરી ઢાંકેલી હતી જે ખોલીને જોતા ખાખી પૂંઠાના ઘણા બોક્ષ મળી આવ્યા હતાં.જે બોક્ષમાં તપાસ કરતાં બોક્સમાંથી દારૂની બોટલો મળી આવી હતી.

ટ્રકમાંથી 22668 દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત 1.19 કરોડ છે જે કબજે કરવામાં આવી છે. PCBએ ડ્રાઈવર હનુમાનરામ ચૌધરીની ધરપકડ કરી હતી. દારૂ સહિત કુલ 1.34 કરોડનો મુદ્દામાલ કબજે કરી નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, હનુમાનરામ ડ્રાઈવરને ઉદયપુરમાં રહેતા રવિ નામના વ્યક્તિએ દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. આ દારૂની ડિલિવરી કરવા ડ્રાઈવરને 50 હજાર રૂપિયા આપવામાં આવ્યા હતાં. આ દારૂનો જથ્થો બરોડામાં ડિલિવરી આપવાનો હતો. બરોડા પહોંચ્યા બાદ અજાણ્યો વ્યક્તિ ટ્રક લઈને ખાલી કરીને પરત આપો જવાનો હતો. નિકોલ પોલીસે ડ્રાઈવર સહિત ચાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### સિટી સીયુ શાહ કોલેજની બેદરકારીનો ભોગ બન્યા વિદ્યાર્થીઓ

## પ્રોફેસરે જૂનો અભ્યાસક્રમ ભણાવ્યો ને પેપર નવા સિલેબસમાંથી પૂછાયું, ફરી પરીક્ષા અને પ્રોફેસર સામે કાર્યવાહી કરવા રજૂઆત

**અમદાવાદ, તા.30**

સિટી સી.યુ. શાહ કોલેજના પ્રોફેસરોની મોટી બેદરકારી સામે આવી છે. બીકોમ સેમેસ્ટર 2ના વિદ્યાર્થીઓને પ્રોફેસરે સમગ્ર સત્ર દરમિયાન NSSના વિષયનું જૂના અભ્યાસક્રમ મુજબ શિક્ષણ આપ્યું હતું. તેમજ કોલેજ ખાતે લેવાતી પરીક્ષા પણ જૂના અભ્યાસક્રમ મુજબ લેવામાં આવી હતી. પરંતુ જ્યારે આજે યુનિવર્સિટીની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને પેપર આપવામાં આવ્યું, ત્યારે પરીક્ષામાં નવા સિલેબસના આધારે પ્રશ્નપત્ર પૂછાતા વિદ્યાર્થીઓ ભારે મૂંઝવણમાં મુકાયા હતા. વિદ્યાર્થીઓએ કોલેજ પ્રશાસનને રજૂઆત કરી હતી, પરંતુ તેમની કોઈ વાત ધ્યાને ન લેતા આખરે કંટાળી વિદ્યાર્થીઓએ કુલપતિ પાસે રજૂઆત કરી ફરીથી પરીક્ષા યોજવા અને પ્રોફેસર સામે કાર્યવાહી કરવા માંગ કરી છે.



સિટી સી.યુ. શાહ કોલેજના બી.કોમ સેમેસ્ટર 2ના વિદ્યાર્થીઓ માટે NSS વિષયની પરીક્ષા મુશ્કેલીભરી સાબિત થઈ છે. કોલેજના પ્રોફેસર દ્વારા સમગ્ર સત્ર દરમિયાન નવા અભ્યાસક્રમને બદલે જૂના અભ્યાસક્રમના આધારે શિક્ષણ અભ્યાસ કરાવ્યો હતો. જોકે પરીક્ષા દરમિયાન યુનિવર્સિટીના નવા સિલેબસ મુજબનું પ્રશ્નપત્ર પૂછાતા વિદ્યાર્થીઓ અચંબામાં મુકાઈ ગયા હતા.

પ્રશ્નપત્ર હાથમાં આવ્યા બાદ મોટા ભાગના વિદ્યાર્થીઓને પ્રશ્નો સમજવામાં મુશ્કેલી પડી હતી. વિદ્યાર્થીઓએ તાત્કાલિક કોલેજ તંત્રને રજૂઆત કરી હતી, પરંતુ યોગ્ય અને સંતોષકારક જવાબ ન આપવામાં ન આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમસ્યાનું નિરાકરણ લાવવામાં લગભગ 45 મિનિટનો સમય બગડ્યો હોવાનો પણ વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે. જો કે તે બાદ પ્રશ્નપત્ર લખવા માટે માત્ર 15 મિનિટનો જ સમય આપવામાં આવ્યો હોવાનો વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓ પૂરતા જવાબો લખી શક્યા નહોતા. કોલેજ તંત્ર પાસેથી યોગ્ય પ્રતિસાદ ન મળતા વિદ્યાર્થીઓએ આખરે ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ સમક્ષ રજૂઆત કરી હતી. NSUI દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે કુલપતિએ પ્રાથમિક તબક્કે કોલેજની ભૂલ હોવાની વાત સ્વીકારી છે અને સમગ્ર મામલાની તપાસ માટે કમિટી રચી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. જો કે વિદ્યાર્થીઓએ જવાબદાર પ્રોફેસર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. NSUIના પૂર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીની અત્યારે પરીક્ષાઓ ચાલી રહી છે. 300 કરતાં વધારે વિદ્યાર્થીઓ સિટી સીયુ શાહ કોલેજના પરીક્ષા આપી રહ્યા હતા. પરંતુ જ્યારે પરીક્ષા આપવા વિદ્યાર્થીઓ બેઠા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેમને જે અભ્યાસક્રમ ભણાવવામાં આવ્યો છે તે જૂનો છે અને પરીક્ષામાં નવો અભ્યાસક્રમના આધારે પેપર પૂછવામાં આવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીની વ્યવસ્થાના અભાવે વિદ્યાર્થીઓ ભોગ બન્યા છે. વિદ્યાર્થીઓ પરીક્ષા પણ આપી શક્યા નથી. 45 સુધી ચર્ચા વિચારણા કરવામાં આવતી રહી જે બાદ 15 મિનિટ માટે વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું કે તમે પરીક્ષા આપી દો. પરંતુ વિદ્યાર્થીઓ જે ભણ્યા જ નથી તે કઈ રીતે પરીક્ષામાં લખી શકે ?

## અમદાવાદમાં 'લા મિલાનો'ના પિઝામાંથી નીકળી જીવાત: ગ્રાહકે અડધો પિઝા ખાધા પછી નજર પડી, સ્ટોર સંચાલકોએ કહ્યું- "ભૂલ થઈ ગઈ, રિફંડ લઈ લો"

**અમદાવાદ, તા.30**

સ્માર્ટ સિટી અમદાવાદમાં ખાવા-પીવાની ચીજવસ્તુઓની ગુણવત્તા અને સ્વચ્છતા સામે ફરી એકવાર મોટા સવાલો ઊભા થયા છે. શહેરમાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની ફૂડ બ્રાન્ડ્સના આઉટલેટ્સમાં અવારનવાર જીવાતો નીકળવાના કિસ્સાઓ સામે આવતા રહે છે. આવો જ એક આઘાતજનક કિસ્સો નિકોલ વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે, જ્યાં પ્રખ્યાત પિઝા આઉટલેટ 'લા મિલાનો પિઝેરિયા' (La Milano Pizzeria) માંથી ઓનલાઈન મંગાવવામાં આવેલા પિઝામાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોબાળો મચાવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ અમદાવાદના નિકોલ વિસ્તારમાં રસપાન ચાર રસ્તા પાસે 'લા મિલાનો પિઝેરિયા'નો સ્ટોર આવેલો છે. સ્થાનિક યુવક ધ્રુવિલ સોજીત્રાએ આ પિઝા સ્ટોરની સત્તાવાર એપ્લિકેશન પરથી ગાર્લિક બ્રેડ, પિઝા અને કોલ્ડ્રિંક્સ (કોક)નો ઓનલાઈન ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર ડિલિવર થયા બાદ જ્યારે ધ્રુવિલે ભોજન શરૂ કર્યું અને પિઝાનો એક ટુકડો અડધો ખાધો, ત્યારે અચાનક તેની નજર પિઝાના બેઝ પર પડી હતી.



ધ્રુવિલે પિઝાને ધ્યાનથી જોતા તેના પર એક શંકાસ્પદ મરેલી જીવાત ચોંટેલી જોવા મળી હતી. જાણીતી બ્રાન્ડના પિઝામાં આ પ્રકારની ગંદકી જોઈને ગ્રાહક સ્તબ્ધ થઈ ગયો હતો. પિઝામાં જીવાત હોવાની ખાતરી થતાં જ તેણે તુરંત જ આ બાબતે નિકોલ સ્થિત લા મિલાનો પિઝેરિયાના સ્ટોર પર ફોન કરીને કડક શબ્દોમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે પીડિત ગ્રાહકે જીવાત અંગે સ્ટોર પર હાજર કર્મચારીને જાણ કરી, ત્યારે જવાબદાર વ્યક્તિએ પોતાની ગંભીર બેદરકારી છુપાવવા માટે અત્યંત બેજવાબદાર વલણ અપનાવ્યું હતું. સ્ટોરના કર્મચારીએ ગ્રાહકના સ્વાસ્થ્યની ચિંતા કરવાને બદલે માત્ર એટલું જ કહ્યું કે, 'સર, અમારાથી ભૂલ થઈ ગઈ છે, અમે તમને આ ઓર્ડરનું રિફંડ (પૈસા પાછા) આપી દઈએ છીએ.' આ સાંભળી ગ્રાહક ધ્રુવિલ વધુ રોષે ભરાયો હતો અને આક્રોશપૂર્વક પૂછ્યું હતું કે, 'જો આ પિઝા કોઈ નાનું બાળક કે અન્ય વ્યક્તિ અંધારામાં આખો ખાઈ ગયું હોત અને તેની તબિયત બગડી હોત તો તેની જવાબદારી કોણ લેત? શું રિફંડ આપવાથી તમારી જવાબદારી પૂરી થઈ જાય છે?'

ગ્રાહક ધ્રુવિલ સોજીત્રાને તે જ સમયે તાકીદના કામ અર્થે તાત્કાલિક બહારગામ જવાનું હોવાથી, તેમણે તે નશાકારક અને દૂષિત ખોરાકને ફેંકી દીધો હતો. જોકે, તેમણે મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરી છે કે આ પ્રકારની બ્રાન્ડ્સ ગ્રાહકોના જીવ સાથે રમત રમી રહી છે અને તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ વિભાગમાં આ સ્ટોર વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહી કરવા માટે સત્તાવાર ઓનલાઈન ફરિયાદ નોંધાવશે, જેથી અન્ય નાગરિકોના આરોગ્યનું રક્ષણ થઈ શકે. તપાસ દરમિયાન સંસ્થા પાસે પેસ્ટ કંટ્રોલનું પ્રમાણપત્ર અને FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) નું લાયસન્સ હોવાનું માલૂમ પડ્યું હતું.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

